જૈનદર્શન.

લેખક—

ન્યાયવિશારદ—ન્યાયતીર્થ

શ્રીન્યાયવિજયજી મહારાજ.

દ્વિતીય સંસ્કરણ.

વીર સં. ૨૪૫૬] ધર્મ-સંવત્ ૯ [વિ. સં. ૧૯૮૬

પ્રતિસંખ્યા ૧૦૦૦

પ્રકાશક—

શ્રીજૈનયુવકસંઘ,

ઘડીયાળી પોળ, વડોદરા.

મુદ્રક—

વડોદરા, લુહાણામિત્ર સ્ટીમ પ્રેસમાં

અંબાલાલ વિ. ઠક્કરે લેખક માટે

છાપી પ્રસિદ્ધ કર્યું. તા. ૧-૧૦-૩૦

આ 'અમૂલ્ય' પુસ્તકમાં મળેલી મદદ.

૬૫)	સુરત (નવાપરા) જૈન ઉપાશ્રયના જ્ઞાનખાતાના	
૫૧)	શેઠ હલીચંદ વીરચંદ	સુરત (નવાપરા)
૪૧)	,, રતનચંદ રાયચંદ	,, ,,
૨૦)	,, કલ્યાણચંદ દેવચંદ	, ,,
૨૦)	,, કશનાજી જેઘાજી	,, ,,
૧૭)	,, નગીનદાસ લાલચંદ	,, ,,
૧૭)	,, લાલાજી રામજી	,, ,,
૧૭)	,, ઘેલાભાઇ દેવચંદ	,, ,,
૧૫)	,, ઉદેરામ વનાજી	,, ,,
૧૫)	,, ચુનીલાલ કસ્તૂરચંદ ચોકસી	,, ,,

ભૂમિકા.

ભગવાન્ મહાવીરના* નામથી દુનિયાનો કયો વિદ્વાન્ અજાણ્યો હશે ? ઇતિહાસના અજવાળામાં પ્રકાશતા આ મહાપુરૂષને, સંસારનો કોઇ પણ મનુષ્ય કાલ્પનિક વ્યક્તિ તરીકે માની શકે તેમ નથી. તેમના સમ્બન્ધમાં શિલાલેખો અને ચિત્રો સિવાય બીજાં પણ અનેકાનેક સર્વગમ્ય ઐતિહાસિક પ્રમાણો જગ-જાહેર છે.

બૌદ્ધ ધર્મશાસ્ત્રો-પિટક ગ્રન્થો પણ મહાવીર ભગવાન્-ને લગતી કેટલીક હકીકતો રજુ કરે છે. વેદ, પુરાણ, સ્મૃતિ અને દાર્શનિક સાહિત્યમાંથી પણ જૈનધર્મસંબન્ધી અનેક બાબતો ઉપલબ્ધ થાય છે.

---

* મહાવીર ભગવાનનો પરિચય આપનાર સહુથી પ્રાચીન પત્થર ઇતિહાસવિદ્યાવારિધિ શ્રીયુત પં૦ ગૌરીશંકર હીરાચંદજી દ્વારા સન્ ૧૯૧૨ માં શોધી કાઢેલો અજમેરના મ્યુઝિયમમાં મોજૂદ છે. તે પત્થરમાં આ પ્રકારે લખ્યું છે–

" वीरा य भगवतो चतुरासितिवसे का ये जाला- मालिनिये रंनिविठ माज्झिमिके "

આ શિલાલેખ મહાવીર દેવના નિર્વાણથી ૮૪ વર્ષ પછીનો છે. આ લેખમાં બતાવેલી ' માઝમિકા ' નગરી તેજ છે કે જે, મેવાડની પુરાણી રાજધાની હતી. તે નગરીનાં ખંડેર અત્યારે પણ ' ચિતોડ ' થી પશ્ચિમમાં આઠ માઇલ પર હેયાત છે, જે, ' નગરી ' એ નામથી ઓળખાય છે.

અઢી હજાર વર્ષ ઉપર થયેલા તીર્થંકર+ મહાવીરે કાંઈ નવો ધર્મ ઉપજાવ્યો નથી, કિન્તુ તેઓના પૂર્વે થઈ ગયેલા–

+ દરેક યુગમાં[1] ચોવીશ ચોવીશ તીર્થંકરો[2] હોવાનું જૈન-શાસ્ત્રમાં બતાવ્યું છે. જૈનદર્શનમાં વિશેષદૃષ્ટિએ તીર્થંકર દેવને ઇશ્વર માનવામાં આવ્યા છે. એનું કારણ એ છે કે–એઓ જન્મ-થીજ અદ્ભુત જીવનધારક હોય છે, અને સ્વયમ્બુદ્ધ હોય છે, અને પૂર્ણજ્ઞાની અવસ્થામાં મોક્ષધર્મના મુખ્ય સૂત્રધાર હોય છે. મુમુક્ષુઓ પ્રાયઃ એઓના શરણાશ્રિત થઇને મુક્ત થાય છે. એઓની વ્યાખ્યાન–પરિષદ્‌માં [3]સર્વજ્ઞો પણ પધારે છે. દુનિયાનાં ધર્મશાસ્ત્રો એમની વાણી પર સરજાય છે.

સામાન્યદૃષ્ટિએ તો સર્વ મુક્ત આત્માઓ ઇશ્વર છે, એ વાત 'મુક્તિના' પ્રકરણમાં વાંચનાર જોશે.

---

૧ આ સ્થળે 'યુગ' શબ્દથી જૈનશાસ્ત્રોમાં બતાવેલા 'અવ-સર્પિણી' અને 'ઉત્સર્પિણી' એ નામના બે મ્હોટા કાલના વિભાગો લેવા. આ સંબન્ધી હકીકત આ પુસ્તકના ત્રીજા પૃષ્ઠની નોટમાં જુઓ.

૨ 'તીર્થંકર' શબ્દની વ્યાખ્યા આ પુસ્તકના બીજા પૃષ્ઠમાં આપી છે.

૩ કેવલજ્ઞાનિઓને કંઇ પણ જાણવાનું બાકી નથી. જેટલું જ્ઞાન તીર્થંકરને, તેટલું, કેવલીને. છતાં તેઓ તીર્થંકરની વ્યાખ્યાન–પરિષદ્‌માં પધારે છે, તેનું કારણ એ છે કે તીર્થંકરદેવનું એવુંજ પ્રબલ પુણ્યસામ્રાજ્ય છે કે સર્વજ્ઞો–કેવલજ્ઞાનિઓ પણ તેઓના વ્યાખ્યાનમાં જવામાં ઔચિત્ય સમજે છે.

તેઓના જેવા–કેવલજ્ઞાની મહાપુરૂષો (તીર્થંકરો) થી ઉત્તરોત્તર પ્રકાશમાં આવતા સનાતન પવિત્ર ધર્મનો પુનર્વિકાસ કર્યો છે.

જૈનધર્મનું સાહિત્ય (Literature) ઘણા બહોળા પ્રમાણમાં છે, દરેક વિષયના ગ્રન્થોથી સાંગોપાંગ છે. જૈનોના સંસ્કૃત સાહિત્યની મહત્તા બતાવતાં જર્મન ડૉ૦ હર્ટલ પોતાના લેખમાં જણાવે છે કે—

" Now what would Sanskrita poetry be without this large Sanskrita literature of the Jainas ! the more I learn to know it, the more my admiration rises. "

(Jain Shasana Vol. I No. 21.)

અર્થાત્—' જૈનોના મહાન્ સંસ્કૃત–સાહિત્યને અલગ પાડવામાં આવે તો સંસ્કૃત કવિતાની શી દશા થાય ! આ વિષયમાં મને જેમ જેમ વધુ જાણવાનું મળે છે, તેમ તેમ મ્હારા આનન્દયુક્ત આશ્ચર્યમાં વધારો થતો જાય છે. '

જૈનધર્મના અનુયાયિઓમાં મુખ્ય બે ફાંટાઓ પડેલા છે–શ્વેતામ્બર અને દિગમ્બર. ક્રિયાકાંડ અને ચારિત્ર–વ્યવહાર–સંબન્ધી મતભેદોને બાદ કરતાં એ બન્ને ફિરકાઓનું ધર્મ–સાહિત્ય કે દર્શન–સાહિત્ય પ્રાયઃ પૂર્ણ* સમાન છે.

---

* " शेषं श्वेताम्बरैस्तुल्यमाचारे दैवते गुरौ ।
श्वेताम्बरप्रणीतानि तर्कशास्त्राणि मन्यते " ॥

જૈનદર્શન સ્વતન્ત્ર દર્શન છે. એ વાત તો આજના યુરો પીય સ્કૉલરો પણ મુક્ત કંઠે વદી રહ્યા છે. જર્મન વિદ્વાન્ ડૉ હર્મન યાકોબી કહે છે કે—" In conclusion let me assert my conviction that Jainism is an original system, quite distinct and independent from all others; and that, therefore it is of great importance for the study of philosophical thought and religious life in ancient India."

(Read in the congress of the History of Religions)

—' અન્તમાં મને મારો થયેલો નિશ્ચય જણાવવા દો કે–જૈન ધર્મ એ મૂળ ધર્મ છે, સર્વ દર્શનોથી તદ્દન જુદો છે અને સ્વતંત્ર છે. પ્રાચીન ભારતવર્ષના તત્ત્વજ્ઞાન અને ધાર્મિક જીવનના અભ્યાસ માટે તે ઘણો અગત્યનો છે '

" स्याद्वादविद्याविद्योतात् प्रायः साधर्मिका अमी ।"

× × × ×

—ષડ્દર્શનસમુચ્ચય, રત્નશેખરસૂરિ.

ભાવાર્થ એ છે કે–' સ્ત્રિયોને મુક્તિ મળે નહિ, ' ' શરીરધારી કેવલજ્ઞાનિઓ ભોજન કરે નહિ ' એ વગેરે બાબતો અને ' વસ્ત્રો ન પહેરવાં, ' પિંછાં રાખવી એ વગેરે સાધુના વ્યવહારો સિવાય બાકી બધું પ્રાય: શ્વેતામ્બર અને દિગમ્બર સંપ્રદાયમાં સરખું છે. એક-બીજાનાં તર્કશાસ્ત્રોને એઓ માન આપે છે. જૈનધર્મનો મુખ્ય સિદ્ધાન્ત જે સ્યાદ્વાદ, તેને એઓ બંને એક સરખા ઉત્સાહથી પ્રતિ-પાદન કરનારા છે. આથી એઓ પરસ્પર સાધર્મિક છે.

ઇટાલિયન વિદ્વાન્ ડૉ. એલ. પી ટેસીટોરી પોતાના એક વ્યાખ્યાનમાં જૈનદર્શનની શ્રેષ્ઠતા જણાવતા કહે છે કે—

" जैन दर्शन बहुत ही ऊँचा पंक्ति का है। इसके मुख्य तत्त्व विज्ञानशास्त्र के आधार पर रचे हुए हैं, ऐसा मेरा अनुमान ही नहीं, पूर्ण अनुभव है। ज्यों ज्यों पदार्थ-विज्ञान आगे बढ़ता जाता है, जैनधर्म के सिद्धान्तों को सिद्ध करता है। × × × " અસ્તુ.

જૈનસાહિત્ય અંધારામાં પડયું રહેવાથી અને પ્રકાશમાં આવતા યા આવેલ ગ્રંથોનો સર્વત્ર પ્રચાર નહિ થવાથી, મોટા મોટા વિદ્વાનો પણ જૈનધર્મનાં તત્ત્વોથી અપરિચિત યા થોડા પરિચિત રહેલા જોવાય છે. આ સિવાય આમ હોવામાં બીજું પણ કારણ જણાય છે. તે એ છે કે-પોતાના પક્ષના અનુચિત મોહમાં ફસાયલા કેટલાકો, ટુંકી દષ્ટિના પરિણામે દરેકના તત્ત્વ-ગ્રન્થો અવલોકવાની ઉદાર વૃત્તિ ન ધરાવતા હોઇ જૈન ગ્રંથોના તત્ત્વમય વાચનથી વંચિત રહી જાય છે.

પરંતુ હું બળપૂર્વક કહી શકું છું કે, ભારતીય દર્શનોનો અભ્યાસ જૈન સિદ્ધાન્તોના અભ્યાસ વગર ઘણો અધૂરો છે. અને તટસ્થ ભાવે કહી શકું છું કે, જૈન ધર્મના તાત્ત્વિક ગ્રન્થોનું અધ્યયન જ્ઞાનવર્ધક થવા સાથે આત્મ-શાંતિનો માર્ગ શોધવામાં પણ સરસ ઉપયોગી થઇ પડે તેમ છે.

જેઓ સંસ્કૃતના અભ્યાસી નથી, અથવા અલ્પ અભ્યાસી છે, તેઓની-જૈનધર્મનાં તત્ત્વોનો ટૂંક સાર જાણવાની-ઉત્કંઠાનો પોકાર ઘણી વખત સાંભળવામાં આવે છે. અને એઓને માટે યોગ્ય સાધન સંપાદન કરી આપવામાં ઘણી વખતે

મુશ્કેલી પડે છે. આ સિવાય, અન્યદર્શનવાળા જિજ્ઞાસુ મહાશયોને ટૂંકમાં સુગમ રીતે જૈનતત્ત્વો સમજાવવાનું સાધન મેળવી આપવું ખાસ જરૂરનું જણાય છે.

આથી મારી શક્તિ પુરતો મેં આ પ્રયાસ સેવ્યો છે. બુદ્ધિગત અને કૃતિગત દોષોને લીધે ખામીઓ તો અનેકાનેક રહે જ; છતાં ય થોડે-ઘણે અંશે આ અલ્પ પ્રયત્ન પણ જો ઉપકારક નિવડશે, તો મારા મનઃપ્રસાદનું શું પૂછવું !

આ નિબન્ધને સાધારણ બુદ્ધિના પણ કેમ સમજી શકે, એવો ઇરાદો લેખની પૂર્ણાહુતિ સુધી રહ્યો છે. અને અતએવ લેખની અંદર કોઇ વિવેચન વધી ન જાય, એ વાતનો ખ્યાલ રાખવામાં આવ્યો છે; તેમ જ સરળ ભાષા વાપરવાનું પણ વિસ્મરણમાં ગયું નથી. છતાં કોઇ કોઇ સ્થળે વિષયની ગહનતાને લીધે સ્પષ્ટીકરણ કરવા જતાં કંઇક વધુ વિવેચન-જે આ લઘુ લેખને માટે યોગ્ય ન લેખાતું હોય-થઇ ગયું હોય, અને વિષયની કઠિનતાને લીધે કઠિન ભાષા આવી ગઇ હોય, તો તેટલી વિષમતા સહન કરી લેવાનું વાચક મહાશયોને પ્રાર્થવામાં આવે છે.

આ લેખમાં, જૈનના ફિરકાઓના મતભેદો પૈકી કોઇ મત-વિશેષના પક્ષ તરફ ખેંચવામાં આવ્યું નથી. હું ન ભૂલતો હોઉં તો મારે ચોખ્ખા શબ્દોમાં જણાવી દેવું જોઇએ કે-શ્વેતામ્બરોને જ નહિ, દિગમ્બરોને જ નહિ, કિન્તુ સમગ્ર જૈનસંસારને પોતાનાં અભિમત તત્ત્વો સિવાય બીજું કાંઇ પણ આ પુસ્તકમાં નહિ દેખાશે.

આની અંદર બતાવેલા સિદ્ધાન્તો મધ્યસ્થદૃષ્ટિએ વાંચ-

નાર કોઇ પણ દર્શનવાળા વિચક્ષણોને પ્રાયઃ સમ્મત થાય તેવા છે; એમ મારૂં માનવું છે. પારિભાષિક શબ્દો (Technical words) દેખી, સંકુચિત વૃત્તિ ન કરતાં તેના ભાવાર્થ ઉપર મનન કરવું એ વિચારકોનું કામ છે. હું માનું છું કે-કેટલીક બાબત એવી છે કે જે કેટલાકોને મંજૂર નહિ હોય. પરન્તુ એવી બાબત બતાવવામાં પણ પ્રતિપાદકશૈલી સિવાય બીજી શૈલી ઉપયોગમાં લીધી નથી.

એ ખાસ ધ્યાનમાં લેવું જોઇએ કે તત્ત્વજ્ઞાનના ક્ષેત્ર પર કોઇની માલિકીની છાપ નથી; એનો કોઇએ ઇજારો લીધો નથી. સહુ કોઇ મનન-નિદિધ્યાસનદ્વારા કોઇ પણ સમાજના કહેવાતા તત્ત્વજ્ઞાનના ક્ષેત્રને પોતાનું કરી શકે છે. કુલધર્મના તત્ત્વજ્ઞાનને જ માન આપવું અને અન્ય તત્ત્વજ્ઞાનનાં ક્ષેત્રો ઉપર નજર સરખી પણ ન કરવી એ ઉદાર વૃત્તિ ન ગણાય. સત્ય મેળવવાનો મૂલાધાર " સાચું તે મારૂં " એ ભાવના પર અવલંબિત છે. એ ભાવનાને ખીલવ્યા વગર અજ્ઞાનરૂપ અન્ધકારમાંથી પસાર થવું અશક્ય છે. સત્ય સર્વત્ર અનિયન્ત્રિત, નિરાબાધપણે વ્યાપક છે. જે જે વાઙ્મય સત્યપૂત છે, તે સંસારભરની સમ્પત્તિ છે. તેનો ભોગવટો કરવાને જગત્‌નો કોઇ પણ પ્રાણી હકદાર છે.

કોઇ પણ તત્ત્વજ્ઞાનનું પુસ્તક શોધકબુદ્ધિથી અને તુલનાત્મકદૃષ્ટિએ અવલોકન કરાય, ત્યારેજ, એક-બીજાનાં તત્ત્વો પરસ્પર કેટલે લગી સમતા ધરાવે છે એ પારખી શકાય. ઘણી વખતે, એમ બને છે કે, વિરૂદ્ધ દેખાતા એક-બીજાના વિચારોમાં ગુપ્ત રહેલું સામ્ય જોવાતું નથી. અને એથી મત-

દુરાગ્રહ બંધાતાં કલહ–કોલાહલ વધી જઇ પરિણામે પ્રજાકીય જીવનમાં અશાન્તિ પથરાય છે.

બીજાના વિચારોને પોતાના વિચારોથી વિરૂદ્ધ જતા જોઇ એકદમ ઉશ્કેરાઇ જવું એ માનસિક નિર્બલતા છે. કોઇના સિદ્ધાન્તને સહમત થવાનું ન બની શકે, તો તે સિદ્ધાન્ત ઉપર તેની સાથે સભ્યતાથી વાદ–પ્રતિવાદ ન કરતાં, ઉન્મત્તતાથી ચિઢાઇ સ્હામે અફળાવું અને ઝઘડવું એ સભ્યતાની દુનિયામાંથી ભાગવા બરાબર છે.

અનાદિ–અનન્ત સંસારમાં સર્વના સર્વ વિષયોમાં સમાન વિચારો કદાપિ થયા નથી અને થવાના નથી. જગત્ વિચિત્ર છે. મતભેદ અનાદિ કાળથી ચાલ્યા આવે છે અને હમેશાં ચાલતા રહેવાના જ. એથી ગભરાવાનું ન હોય. પણ જેને સત્યની જિજ્ઞાસા છે તેણે તો સામ્પ્રદાયિક દુર્મોહ અને મતદુરાગ્રહ મૂકી દઇ પોતાની મધ્યસ્થ વૃત્તિને ખૂબ કેળવવી જોઇએ. અને શુદ્ધ વિચાર–દૃષ્ટિથી પોતાના મન્તવ્યનો પરામર્શ કરતાં તેમાં ભૂલ જણાય તો તેનો ત્યાગ કરવામાં સંકોચ ન રાખતાં નિર્દોષ જણાતો સિદ્ધાન્ત યા માર્ગ તુરંત અખત્યાર કરવો જોઇએ.સરલવૃત્તિ અને ગુણગ્રાહકતાનો ગુણ આત્મવિકાસની પ્રથમ ભૂમિકા છે. એ આત્માના નૈતિક બળની જળહળતી જ્યોત છે.ઘણી વખતે મનુષ્ય રૂઢિ અને રીત–રિવાજોને સિદ્ધાન્ત અને ધર્મનાં તત્ત્વો માની બેસે છે. આ અજ્ઞાન દશા છે. એનો દારૂણ ચેપ ફેલાતાં સમાજમાં અને દેશમાં વેર–વિરોધનો ભયંકર રોગચાળો ફાટી નિકળે છે. સત્યના જિજ્ઞાસુએ આ બાબતમાં બહુ સાવધ રહેવું જોઇએ, બહુ સતર્ક

રહેવું જોઇએ. અને બુદ્ધિ—સંસ્કારના બળથી મૂલ માર્ગને, ધર્મના મૂળ સિદ્ધાન્તોને પૃથક્કરણપૂર્વક તેના ખરા સ્વરૂપમાં ઓળખવા પ્રયત્ન કરવો જોઇએ. કિન્તુ ખાસ વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે ધર્મ-ભેદ કે વિચાર ભેદના કારણે કોઇ સાથે વેર-વિરોધ ન કરીએ. વિરૂદ્ધ-મતવાદી પણ આપણા ભાઇ જ છે. તેમની સાથે પણ મૈત્રીભાવ જ રાખવો ઘટે. "मित्ती मे सव्वभूएसु वेरं मज्झं न केणइ" એ જીવનનો મહાન્ મુદ્રાલેખ છે. જગત તો અનાદિથી વિચિત્ર ઢબનું ચાલ્યા કરે છે. એથી પરના કારણે આપણે શા સારૂ પોતાના ચિત્તને કલુષિત બનાવવું! કોઇ પણ દર્શન કે સમ્પ્રદાય-માં ધર્મ-રક્ષા માટે કે સમ્પ્રદાયની પુષ્ટિ ખાતર રાગ-દ્વેષ પોષવાનું કે વેર-વિરોધ કરવાનું કહ્યું જ નથી. દુનિયાના તમામ ધર્મોના સાર એક જ છે. અને તે, રાગ-દ્વેષને દૂર કરી, પ્રાણી માત્ર સાથે મૈત્રી-ભાવને કેળવી આત્મશુદ્ધિ કરવાનું ફરમાવે છે. સત્યનો જિજ્ઞાસુ, ચાહે તે મજહબનો હોય, આ સારભૂત ઇશ્વરીય ફરમાનને કેમ વિસરે! આ પવિત્ર ફરમાન દુનિયાભરને સારૂ શાન્તિ માટે છે, ઐહલૌકિક અને પારલૌકિક લાભ માટે છે અને આત્મ-જીવનના પૂર્ણ વિકાસ માટે છે.

અન્તે, વાંચનાર તટસ્થ બુદ્ધિ, વિશાલ વૃત્તિ, ઉદાર નીતિ અને ઉજ્જ્વળ ભાવનાને સત્ય-પ્રાપ્તિનો મહાન્ માર્ગ સમજી જઇ એ રસ્તે પોતાનું જીવન-કલ્યાણ સાધવા ઉદ્યમ-શીલ બને, એ શુભ આકાંક્ષા સાથે હવે અહીં પ્રાસ્તાવિક વક્તવ્ય પૂરૂં કરીશ.

—ન્યાયવિજય.

વિષયાનુક્રમ.

सद्गुरुदेव श्री श्री १००८ श्रीविजयधर्मसूरिपादानां

मंगल–स्मरणम् ।

यस्य ज्ञानमनन्तदर्शिसमयाम्भोराशिमन्थाचलो
यस्य क्षान्तिरनल्पकोपनजनक्रोधाग्निधाराधरः ।
यस्य ब्रह्मतप–सहस्रकिरणो भूमण्डलोद्योतको
विश्वाभ्यर्चितसंयमो विजयते श्रीधर्मसूरीश्वरः ।

वन्द्यन्तेऽप्रतिमप्रभावकबला विश्वोपकारव्रता
दुर्दान्तप्रतिवादिकुञ्जरघटासंत्रास–कण्ठीरवाः ।
वैराग्यामृतवर्षणप्रशमितप्रोद्दाममोहानलाः
सर्वत्रापि गुणादरव्यसनिनः श्रीधर्मसूरीश्वराः ॥

—न्यायविजयः ।

જૈન દર્શન

જૈનદર્શન.

પ્રથમ ખંડ.

અવતરણ.

' જગત્ શી વસ્તુ છે ? ' એનો વિચાર કરતાં, તે માત્ર બે જ તત્ત્વરૂપ માલૂમ પડે છે—જડ અને ચેતન. આ બે તત્ત્વો સિવાય સંસારમાં ત્રીજું તત્ત્વ નથી. અખંડ બ્રહ્માંડના સમગ્ર પદાર્થો આ બે તત્ત્વોમાં આવી જાય છે.

જેમાં ચૈતન્ય નથી—લાગણી નથી, તે જડ છે. એથી વિપરીત—ચૈતન્યસ્વરૂપ આત્મા છે. આત્મા, જીવ, ચેતન એ બધા એક અર્થને કહેનારા પર્યાય શબ્દો છે. જ્ઞાનશક્તિ એ, આત્માનું મુખ્ય લક્ષણ છે.

જડ અને ચેતન અથવા જીવ અને અજીવ એ બે તત્ત્વોની વિશેષ વ્યાખ્યા કરવાની ખાતર એના જ પેટા ભાગનાં બીજાં તત્ત્વો જૂદાં પાડી સમજાવવા જૈનશાસ્ત્રકારોએ બહુ પ્રતિપાદન કર્યું છે. એકન્દર નવ તત્ત્વો ઉપર જૈનદૃષ્ટિનો વિકાસ છે.

'જિન' શબ્દ ઉપરથી 'જૈન' શબ્દ બનેલો છે. 'જિન' એ, રાગ, દ્વેષ આદિ સર્વ દોષોથી રહિત, એવા પરમાત્માઓનું સાધારણ નામ છે. 'જીતવું' એ અર્થવાળા "જિ" ધાતુથી બનેલું 'જિન' નામ, રાગ, દ્વેષ આદિ સમગ્ર દોષોને જીતનાર, એવા પરમાત્માઓને બરાબર લાગૂ પડે છે. અર્હન્, વીતરાગ, પરમેષ્ઠી વગેરે 'જિન'ના પર્યાય શબ્દો છે. 'જિન'ના ભક્તો 'જૈન' કહેવાય છે. જિનપ્રતિપાદિત ધર્મ જૈન ધર્મ કહેવાય છે. જૈન ધર્મનો આર્હત શાસન, સ્યાદ્વાદદર્શન, અનેકાન્તવાદ, વીતરાગમાર્ગ એવાં અનેક નામોથી વ્યવહાર કરવામાં આવે છે.

જેમનો, આત્મસ્વરૂપનો વિકાસ કરવાનો અભ્યાસ પરાકાષ્ઠા ઉપર પહોંચતાં, જે ભવમાં (જન્મમાં) કર્મક્ષય થવાના પરિણામે ચૈતન્યસ્વરૂપનો પૂર્ણ વિકાસ થયો છે, તેઓ તે ભવમાં પરમાત્મા થયા કહેવાય છે. આ પરમાત્માઓને જૈનશાસ્ત્રો બે વિભાગોમાં સમજાવે છે. પહેલા વિભાગમાં 'તીર્થંકરો' આવે છે, કે જેઓ જન્મથી [1]વિશિષ્ટજ્ઞાનવાન્ અને અલૌકિકસૌભાગ્યસંપન્ન હોય છે. અનેક વિશેષતાઓ તીર્થંકરોના સંબન્ધમાં જણાવી છે. રાજ્ય નહિ પ્રાપ્ત થયા છતાં પણ આગળ ઉપર રાજ્ય મળવાનું હોવાથી રાજકુમાર જેમ રાજા કહેવાય છે, તેમ તીર્થંકરો બાલ્ય અવસ્થાથી કેવલજ્ઞાનધારી નહિ હોવા છતાં અને અતએવ તેઓમાં વાસ્તવિક તીર્થંકરત્વ નહિ હોવા છતાં પણ, તે જિન્દગીમાં તીર્થંકર

---

૧ મતિ, શ્રુત અને અવધિજ્ઞાન.

થનાર હોવાથી ' તીર્થંકર ' કહેવાય છે. એઓને જ્યારે કર્મ-સમૂહનો ક્ષય થવાથી કેવલજ્ઞાન પ્રકટ થાય છે, ત્યારે તેઓ તીર્થની સ્થાપના કરે છે. ' તીર્થ ' શબ્દનો અર્થ–સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ છે. તીર્થંકરના ઉપ-દેશના આધારે તેઓના સાક્ષાત્ મુખ્ય શિષ્યો–જેઓ 'ગણધર' કહેવાય છે–શાસ્ત્રોની રચના કરે છે, જે બાર વિભાગોમાં વિભક્ત હોય છે. એનું નામ છે–' દ્વાદશાંગી '. દ્વાદશાંગી એટલે બાર અંગોનો સમૂહ. ' અંગ ' એ, તે પ્રત્યેક બાર વિભાગોનું–સૂત્રોનું પારિભાષિક નામ છે. ' તીર્થ ' શબ્દથી આ દ્વાદશાંગી પણ લેવાય છે. આવી રીતે તેઓ તીર્થના કર-નાર હોવાથી તીર્થંકર કહેવાય છે.

ઉપર બતાવેલી વિશેષતાઓ વગરના કેવલજ્ઞાનધારી વીતરાગ પરમાત્માઓ, તીર્થંકરોના વિભાગથી જૂદા પડે છે. એઓને, સામાન્યકેવલી કહેવામાં આવે છે.

હિન્દુધર્મશાસ્ત્રોમાં ' કૃતયુગ ' આદિ ચાર યુગોથી કાલના વિભાગો પાડવામાં આવ્યા છે, તેમ, જૈનશાસ્ત્રોમાં કાલના વિભાગ તરીકે ૭ [૧]આરા બતાવવામાં આવ્યા છે.

---

૧ જૈનશાસ્ત્રમાં ઉત્સર્પિણી અને અવસર્પિણી એ નામના કાળના બે મોટા વિભાગો પાડયા છે. આ ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં સંખ્યા ન થઇ શકે એટલાં વર્ષો પસાર થઇ જાય છે. ઉત્સર્પિણી કાળ રૂપ, રસ, ગંધ, શરીર, આયુષ્ય, બલ આદિ વૈભવમાં ક્રમશઃ ચઢતો હોય છે, જ્યારે અવસર્પિણીકાળ તે વૈભવમાં પડતો હોય છે. પ્રત્યેક ઉત્સર્પિણી અને અવસર્પિણીના ૭ વિભાગો પાડવામાં

તીર્થંકરો ત્રીજા–ચોથા આરામાં થાય છે. જે તીર્થંકરો કે જે પરમાત્માઓ, આયુષ્ય પૂર્ણ થયે મોક્ષપદને પામે છે, તેઓ ફરીને સંસારમાં આવતા નથી. એથી એ સમજવાનું છે કે સંસારમાં જે જે આત્માઓ, તીર્થંકર બને છે, તે એક પરમાત્માના અવતારરૂપે નથી, કિન્તુ સર્વ તીર્થંકરો જુદા જુદાજ આત્માઓ છે. મુક્ત થયા પછી સંસારમાં અવતાર હોવાનું જૈન સિદ્ધાંતને સમ્મત નથી.

નવ તત્ત્વો જૈનશાસ્ત્રોનો પ્રતિપાદ્ય વિષય છે, એ ઉપર કહેવામાં આવ્યું છે. તે નવ તત્વો–જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ છે.

જીવ.

જીવ, બીજા પદાર્થો જેમ પ્રત્યક્ષ દેખાય છે, તેમ પ્રત્યક્ષ દેખાતો નથી; પરંતુ સ્વાનુભવપ્રમાણથી જાણી શકાય છે. “ હું સુખી છું, હું દુઃખી છું ” એવી લાગણી, શરીર જડ છે માટે તેને હોઇ શકે નહિ. શરીરને આત્મા માનવામાં આવે, તો ‘ મડદું ’ કહેવાતા શરીરમાં જ્ઞાનનો પ્રકાશ હોવાનું કાં

આવ્યા છે. એ પ્રત્યેક વિભાગને આરા (સંસ્કૃત શબ્દ ‘ અર ’) કહેવામાં આવે છે. ઉત્સર્પિણીના છ આરા પૂરા થાય કે અવસર્પિણીના આરા શરૂ થાય છે. વર્ત્તમાનમાં ભારતવર્ષ આદિ ક્ષેત્રોમાં અવસર્પિણીનો પાંચમો આરો ચાલે છે. પાંચમો આરો કહો કે કલિયુગ કહો એકજ વાત છે.

ન બને ? ' મડદું ' કહેવાતા શરીરને સજીવન આત્મા કાં ન કહી શકાય ? અને અતએવ તેનો અગ્નિદાહ કેમ થઇ શકે ? પણ વસ્તુસ્થિતિ એવી નથી. જ્ઞાન, ઇચ્છા વગેરે ગુણો મૃતક શરીરમાં નહિ રહેવાથી એ સાબિત થાય છે કે તે ગુણોનો આધાર શરીર નથી, પણ બીજો છે. અને એનું નામ આત્મા છે. શરીર, પૃથ્વી [1] આદિ ભૂતસમૂહથી બનેલું ભૌતિક છે, એટલે એ જડ છે. અને જેમ ભૌતિક ઘટ, પટ વગેરે જડ પદાર્થોમાં જ્ઞાન, ઇચ્છા આદિ ધર્મોની સત્તા નથી, તેમ જડ શરીરમાં પણ જ્ઞાન, ઇચ્છા આદિ ધર્મોની સત્તા હોઇ શકે નહિ.

શરીરમાં પાંચ ઈંદ્રિયો છે; પરંતુ તે ઈંદ્રિયોને સાધન બનાવનાર આત્મા, તે ઈંદ્રિયોથી જૂદો છે; કારણ કે ઇંદ્રિયો-દ્વારા આત્મા, રૂપ–રસ આદિનું જ્ઞાન કરે છે–ચક્ષુથી રૂપ જુએ છે, જીભથી રસ ગ્રહણ કરે છે, નાકથી ગંધ લે છે, કાનથી શબ્દ સાંભળે છે અને ત્વચાથી (ચામડીથી) સ્પર્શ કરે છે. દૃષ્ટાંત તરીકે જેમ, ચપ્પુથી કલમ બનાવાય છે, પણ ચપ્પુ અને બનાવનાર એ બે જૂદા છે, દાતરડાથી કપાય છે, પણ દાતરડું અને કાપનાર એ બે જૂદા છે, દીવાથી જોવાય છે, પણ દીવો અને જોનાર એ બે જૂદા છે; તેવી રીતે ઇંદ્રિયોથી રૂપ, રસ વગેરે ગ્રહણ કરાય છે, પણ ઈંદ્રિયો અને વિષયોને ગ્રહણ કરનાર એ જૂદા છે. સાધકને સાધનની અપેક્ષા છે, પણ એથી સાધક અને સાધન એ બે એક હોઈ શકે નહિ. ઇંદ્રિયો,

---

૧ પૃથ્વી, જલ, તેજ અને વાયુ.

આત્માને જ્ઞાન પ્રાપ્ત થવામાં સાધનભૂત છે, એથી સાધનભૂત ઇંદ્રિયો અને સાધક આત્મા, એ એક હોઇ શકે નહિ. એ સિવાય, એ પણ યાદ રાખવું જોઇએ કે ઇંદ્રિયો એક નથી, કિન્તુ પાંચ છે, એથી ઇંદ્રિયોને આત્મા માનવા જતાં, એક શરીરમાં પાંચ આત્માઓ થઇ પડે, જે ઇચ્છવા જોગ નથી.

બીજી રીતે જોઇએ તો, જે માણસની ચક્ષુ ચાલી ગઇ હોય છે, તેને પણ, ચક્ષુની હયાતીમાં પૂર્વે દેખેલા પદાર્થો યાદ આવે છે-સ્મૃતિમાં ઉપસ્થિત થાય છે. ઇન્દ્રિયોને આત્મા માનીએ તો આ વાત નહિ બને. ઇન્દ્રિયોથી આત્માને અલાયદો માનીએ ત્યારેજ આ હકીકત બની શકે. કારણ કે ચક્ષુથી દેખાયલી વસ્તુઓનું સ્મરણ, ચક્ષુના અભાવે ન ચક્ષુથી થઇ શકે તેમ છે, ન બીજી ઇંદ્રિયોથી થઇ શકે તેમ છે. બીજી ઇંદ્રિયોથી સ્મરણ નહિ થવામાં કારણ એ છે કે એક પુરૂષે દેખેલી વસ્તુને જેમ બીજો માણસ સ્મરણ કરી શકતો નથી, તેવી રીતે ચક્ષુથી દેખાયલા પદાર્થોનું, બીજી ઇંદ્રિયોથી સ્મરણ થઇ શકે નહિ. એકને થયેલો અનુભવ બીજાને સ્મરણ કરનાર બને જ નહિ. એ તદ્દન સુગમ હકીકત છે. ત્યારે ચક્ષુથી દેખાયલી વસ્તુઓને ચક્ષુના ચાલ્યા ગયા પછી, સ્મરણ કરનાર જે શક્તિ છે, તે ચૈતન્યસ્વરૂપ આત્મા છે. આત્માએ ચક્ષુદ્વારા જે વસ્તુઓ પૂર્વે પ્રત્યક્ષ કરી હતી, તે વસ્તુઓને, ચક્ષુની ગેરહાજરીમાં પણ પૂર્વ અનુભવથી સ્થાપિત થએલા સંસ્કારનું સ્ફુરણ થવાથી આત્મા સ્મરણ કરી શકે છે. આવી રીતે અનુભવ અને સ્મરણના એક બીજાના ઘનિષ્ઠ સંબન્ધને લીધે પણ સ્વતંત્ર ચૈતન્યસ્વરૂપ આત્મા સિદ્ધ થાય છે.

" હું અમુક વસ્તુને જોઇને પછી અડચો " આવો અનુભવ હરેક મનુષ્યને થયા કરે છે. આ અનુભવ ઉપર વિચારદૃષ્ટિ ફેંકવાથી ચોખ્ખી રીતે જણાઇ આવે છે કે–તે વસ્તુને જોનાર અને અડનાર જૂદા નથી, કિન્તુ એક જ છે. એ એક કોણ ? તે, ચક્ષુ હોઇ શકે નહિ, કારણ કે તેનું કામ સ્પર્શ કરવાનું નથી. તેમજ તે, સ્પર્શન ઇંદ્રિય (ત્વચા) પણ કહી શકાય નહિ, કારણ કે તેનાથી જોવાનું બનતું નથી. આ હકીકતથી એ નિઃશંક સિદ્ધ થાય છે કે વસ્તુને જોનાર અને સ્પર્શ કરનાર જે એ એક છે, તે, ઇંદ્રિયોથી જૂદો આત્મા છે.

આત્મામાં કાળો, ધોળો, લીલો વગેરે કોઇ વર્ણ નથી; એથી બીજી વસ્તુઓની જેમ તે પ્રત્યક્ષ થઈ શકતો નથી. પ્રત્યક્ષ નહિ થવાથી તે વસ્તુ નથી, એમ માની શકાય નહિ, કેમકે પ્રત્યક્ષ પ્રમાણ સિવાય બીજાં પ્રમાણો-અનુમાન આદિથી પણ વસ્તુસત્તા સ્વીકારાય છે. જેમ કે પરમાણુઓ ચર્મચક્ષુથી દેખી શકાતા નથી, પરમાણુ હોવાની ખાતરી માટે કોઇ પ્રત્યક્ષ પ્રમાણ નથી, છતાં અનુમાન પ્રમાણથી હરેક વિદ્વાન્ તેનો સ્વીકાર કરે છે. સ્થૂલ કાર્યની ઉત્પત્તિ માટે સૂક્ષ્મ–અતિસૂક્ષ્મ અણુઓ હોવાની સાબિતી અનુમાન પ્રમાણ ઉપર ટકેલી છે. આમાના સંબંધમાં પણ સમજવાનું છે કે, જગત્‌ની અંદર કોઇ સુખી તો કોઇ દુઃખી, કોઇ વિદ્વાન્ તો કોઇ મૂર્ખ, કોઇ રાજા તો કોઇ રંક, કોઇ શેઠ તો કોઇ નોકર, આવી રીતની અનન્ત વિચિત્રતાઓ અનુભવાય છે. આ વિલક્ષણતાઓ કારણ વગર સંભવે નહિ, એ અનુભવમાં ઉતરી શકે તેમ છે. હજાર

પ્રયત્નો કરવા છતાં બુદ્ધિમાન્ મનુષ્યને પણ ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત થતી નથી, જ્યારે બીજા મનુષ્યને વગર પ્રયાસે અભીષ્ટ લાભ મળી જાય છે. આવી અનેકાનેક ઘટનાઓ આપણી નજર આગળ દેખાતી રહે છે; એક જ સ્ત્રીની કુક્ષિમાંથી એક સાથે ઉત્પન્ન થયેલ જોડલામાંના બન્ને પ્રાણીઓ સરખા ન નિવડતાં તેમની જીવનચર્યા એક બીજાથી ઘણી જ તફાવતવાળી પસાર થાય છે. તો આ બધી વિચિત્રતાઓનું કારણ શું ? આ ઘટનાઓ અનિયમિત હોય, એમ બની શકે નહિ, કોઇ નિયામક–પ્રયોજક હોવો જોઇએ. આ ઉપરથી તત્ત્વજ્ઞાની મહાત્માઓ કર્મની સત્તા સાબિત કરે છે; અને કર્મની સત્તાના આધારે આત્મા સ્વતઃ સિદ્ધ થાય છે. કારણ કે આત્માને સુખ–દુઃખ આપનાર કર્મસમૂહ આત્માની સાથે અનાદિ કાલથી સંયુક્ત છે અને એને લઇ આત્માનું સંસારમાં પરિ-ભ્રમણ છે. કર્મ અને આત્માની ખાતરી થયેથી પરલોકની ખાતરી માટે કાંઇ બાકી રહેતું નથી. જેવાં શુભ યા અશુભ કાર્યો પ્રાણી કરે છે, તેવો પરલોક (પુનર્જન્મ) તેને પ્રાપ્ત થાય છે. જેવી શુભ યા અશુભ ક્રિયા કરવામાં આવે છે, તેવા પ્રકારની વાસના આત્મામાં સ્થપાય છે. આ વાસના શું છે ? એક પ્રકારનો વિચિત્ર પરમાણુસમૂહનો જથ્થો. એનેજ બીજા શબ્દમાં ' કર્મ ' કહેવામાં આવે છે; એટલે કર્મ, એક પ્રકાર-ના પરમાણુઓના સમૂહરૂપ છે. આવી રીતનાં નવાં નવાં કર્મો આત્માની સાથે જોડાતાં રહે છે અને જૂનાં જૂનાં કર્મો ખરે પડે છે. સારી યા ખરાબ ક્રિયાથી બંધાતાં સારાં યા ખરાબ કર્મો પરલોક સુધી, અરે ! અનેકાનેક જન્મો સુધી પણ

આત્માની સાથે, ફળ બતાવ્યા વગર સત્તામાં સંયુક્ત રહે છે, અને ફલવિપાકના ઉદય વખતે સારાં યા માઠાં ફલોનો અનુભવ આત્માને કરાવે છે. ફલ-વિપાક ભોગવવાની અવધિ હોય, ત્યાં સુધી આત્મા તે ફળ અનુભવે છે, ત્યાર પછી તે કર્મ આત્માથી ખસી જાય છે.

ઉપર્યુક્ત યુક્તિ-પ્રમાણો દ્વારા અને " હું સુખી, હું દુઃખી " એવી-શરીરમાં નહિ, ઇંદ્રિયોમાં નહિ, કિન્તુ હૃદયના ઉંડા પ્રદેશમાં એટલે અન્તરાત્મામાં સુસ્પષ્ટ અનુભવાતી લાગણી, જે પ્રત્યક્ષપ્રમાણરૂપ છે, તેથી શરીર અને ઇંદ્રિયોથી અલગ સ્વતંત્ર આત્મતત્ત્વ સાબિત થાય છે.

સંસારમાં જીવો અનન્ત છે.

આ પ્રસંગે એક પ્રશ્ન ઉભો થવાનો સંભવ છે. સંસારવર્તી જીવરાશિમાંથી જીવો કર્મક્ષય કરી મુક્તિમાં ગયા છે, જાય છે અને જશે. આવી રીતે પ્રતિક્ષણ સંસારમાંથી જીવોનો ઘટાડો થતો રહે છે. આ પ્રમાણે જીવો ખૂટવાથી ભવિષ્યમાં કોઇ વખતે સંસાર જીવોથી ખાલી કાં ન થાય ?

પરન્તુ સૂક્ષ્મદૃષ્ટિએ વિચાર કરતાં, પહેલાં એ ધ્યાનમાં લેવું જોઇએ કે-સંસાર, જીવોથી ખાલી થાય, એ વાત કોઇ શાસ્ત્રને સમ્મત નથી; તેમજ એ વાત આપણી વિચારદૃષ્ટિમાં પણ નથી ઉતરતી. બીજી તરફ, મુક્તિમાંથી જીવો સંસારમાં પાછા ફરે, એ વાત પણ માની શકાય તેમ નથી; કારણ કે મોક્ષ, સર્વ કર્મોનો તદ્દન વિનાશ થવાથી મેળવાય છે; એમ

સહુ કોઇ માને છે. એટલે સંસારમાં જન્મ લેવામાં સાધનભૂત કર્મસંબન્ધ કોઈ પણ પ્રકારનો જ્યારે મુક્ત જીવોને નથી, તો પછી તેઓ સંસારમાં પાછા કેમ આવી શકે ? મોક્ષમાંથી પાછા ફરવાનું માનવામાં મોક્ષની મહત્તા ઉડી જાય છે. જ્યાંથી ફરી અધઃપાત થવાનો પ્રસંગ આવે, તે મોક્ષ કહેવાય જ નહિ. આ ઉપરથી એ ચોક્કસ ધ્યાનમાં રાખવાનું પ્રાપ્ત થાય છે કે સંસાર, જીવોથી શૂન્ય થતો નથી, એ અને મુક્તિમાંથી જીવો પાછા ફરતા નથી, એ બંને સિદ્ધાન્તોને આંચ ન આવે એવા રસ્તે પ્રસ્તુત પ્રશ્નનું સમાધાન થવું જોઈએ. જેટલા જીવો મુક્તિમાં જાય છે, તેટલા જીવો સંસારમાંથી પરમાર્થ દૃષ્ટિએ બરાબર ખૂટે છે; છતાં જીવરાશિ અનન્ત હોવાથી બ્રહ્માંડ જીવોથી ખાલી થઇ શકે નહિ. સંસારવર્ત્તી જીવરાશિમાં નવા જીવોનો ઉમેરો બિલકુલ ન હોવા છતાં અને સંસારમાંથી નિરંતર જીવોનો ઘટાડો થતો રહેવા છતા પણ ભવિષ્યમાં કોઇ કાલે જીવોનો અંત ન આવે, એટલા અનન્ત જીવો સમજવા જોઇએ. ઉપર પ્રમાણેની 'અનન્ત' શબ્દની વ્યાખ્યા જોતાં ચાલુ શંકા રહેતી નથી. સૂક્ષ્મમાં સૂક્ષ્મ વખતને જૈનશાસ્ત્રોમાં 'સમય' કહે છે. 'સમય' એટલો સૂક્ષ્મ વખત છે કે તે સમયો એક સેકન્ડમાં કેટલા પસાર થાય છે, તે આપણાથી જાણી શકાય તેમ નથી. એવા અનન્ત સમયો આખા ભૂતકાલના, વર્તમાનકાલનો ચાલુ એક સમય અને ભવિષ્યકાલના અનન્ત સમયો—એ ત્રણેનો સરવાળો થતાં જેટલા અનન્તાનન્ત સમયો થાય, તેનાથી પણ જીવો અનન્તગુણા

અનન્ત છે. આ ઉપરથી જોઇ શકાય છે કે–અનન્ત ભવિષ્ય-કાલે પણ જીવરાશિની સમાપ્તિ થઇ શકે નહિ. જેટલા જેટલા દિવસો અને વર્ષો પસાર થતા જાય છે, એટલો એટલો ભવિષ્ય-કાલમાં ઘટાડો થતો જાય છે, પ્રતિક્ષણ ભવિષ્યકાલમાંથી ઘટાડો થતો રહે છે, એ સમજી શકાય તેમ છે. આમ હોવા છતાં પણ ભવિષ્યકાલનો અંત આવે, ભવિષ્યકાલના દિવસોનો અંત આવે, બીજા શબ્દોમાં–ભવિષ્યકાળ તદ્દન ખલાસ થાય, એવી કલ્પના કોઇને સ્વપ્નમાં પણ ઉભી થઇ શકતી નથી, તો આવી રીતના અનન્ત ભવિષ્યકાલના અનન્ત સમયો કરતાં પણ જ્યારે સંસારી જીવો અનન્તાનન્ત છે, તો–તેમાંથી ક્ષણે ક્ષણે જીવો નિકળવા છતાં પણ–તેનો અંત આવે, એ કલ્પના કેમ ઉભી થઇ શકે ? ક્ષણે ક્ષણે સંસારમાંથી જીવો નિકળવા છતાં પણ અનન્ત ભવિષ્યકાલે અન્ત આવે નહિ–છેડો આવે નહિ, એટલા અનન્ત સંસારી જીવો સમજાયા પછી પ્રસ્તુત શંકા રહેશે નહિ.

જીવના વિભાગ.

સામાન્ય રીતે જીવના બે ભેદો પડે છે–સંસારી જીવો અને મુક્ત જીવો. સંસારમાં ભ્રમણ કરતા જીવો ' સંસારી ' કહેવાય છે. ' સંસાર ' શબ્દ ' सम् ' ઉપસર્ગપૂર્વક ' सृ ' ધાતુથી બનેલો છે. ' सृ ' ધાતુનો અર્થ ' ભ્રમણ ' થાય છે. ' सम् ' ઉપસર્ગ તેજ અર્થને પોષણ કરનાર છે. ચોરાસી લાખ જીવયોનિયોમાં પરિભ્રમણ કરવું, તે સંસાર અને પરિ-

ભ્રમણ કરનારા સંસારી કહેવાય છે. બીજી રીતે, ' સંસાર ' શબ્દનો અર્થ ચોરાસી લાખ જીવયોનિ પણ થઇ શકે છે. આત્માની કર્મબદ્ધઅવસ્થાનું નામ પણ સંસાર છે. શરીરનું નામ પણ સંસાર છે. એ રીતે સંસારને વળગેલા જીવો સંસારી કહેવાય છે. આ ઉપરથી કર્મબદ્ધ અવસ્થા, એ સંસારી જીવોનું લક્ષણ સહજ સમજી શકાય છે.

સંસારી જીવોના અનેક રીતે ભેદો પડી શકે છે. પરંતુ મુખ્ય બે ભેદો છે—સ્થાવર અને ત્રસ. દુઃખને છોડી દેવાની અને સુખ મેળવવાની પ્રવૃત્તિચેષ્ટા, ગતિ–ચેષ્ટા જ્યાં ન દેખાય તે સ્થાવર, અને દેખાય તે ત્રસ. પૃથ્વીકાય, જલકાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય એ પાંચનો સ્થાવરમાં સમાવેશ છે. એ પૃથ્વીકાય વગેરે પાંચ, એક સ્પર્શન (ચામડી) ઇંદ્રિય-વાલા હોવાથી એકેન્દ્રિય કહેવાય છે. એના બે ભેદો છે—સૂક્ષ્મ અને બાદર. સૂક્ષ્મ પૃથ્વીકાય, સૂક્ષ્મ જલકાય, સૂક્ષ્મ તેજસ્કાય, સૂક્ષ્મ વાયુકાય અને સૂક્ષ્મ વનસ્પતિકાય જીવો આખા લોકમાં વ્યાપી રહેલા છે.[1] એ અત્યન્ત સૂક્ષ્મ હોવાથી આપણી ચક્ષુથી જોઇ શકાતા નથી. [2]બાદર પૃથ્વીકાય, બાદર જલકાય, બાદર

---

૧ તમામ પોલાણ સૂક્ષ્મજીવોથી ભર્યું છે, એમ વર્તમાન વૈજ્ઞાનિકોનું પણ માનવું છે. વૈજ્ઞાનિકોએ એ પણ શોધ કરી છે કે—સૌથી નાનું પ્રાણી થેકસસ નામનું છે. આ જન્તુઓ એક સોયના અગ્રભાગ પર એક લાખ બેસતાં પણ ગરદી નહિ થતાં ખુશાલીથી બેસી શકે છે.

૨ બાદર એટલે સ્થૂલ. 'બાદર ' એ જૈનશાસ્ત્રનો પારિભાષિક શબ્દ છે.

તેજસ્કાય, બાદર વાયુકાય અને બાદર વનસ્પતિકાય પ્રત્યક્ષ જોવામાં આવે છે. ઘર્ષણ, છેદન આદિ પ્રહાર જેને લાગ્યો ન હોય, એવી માટી, પત્થર વગેરે પૃથ્વી, જે જીવોનાં શરીરોનું પિંડ છે, તે જીવો બાદર પૃથ્વીકાય જાણવા. જે જલને અગ્નિ વગેરેથી આઘાત ન થયો હોય, તે જળ–કૂવા, તળાવ વગેરેનાં–જે જીવોનાં શરીરોનું પિંડ છે, તે બાદર જલકાય જીવો સમજવા. એ પ્રમાણે દીવા, અગ્નિ, વિજલી વગેરે–જે જીવોનાં શરીરોનું પિંડ છે, એ બાદર તેજસ્કાય જીવો છે. અનુભવાતો વાયુ, જે જીવોનાં શરીરોનું પિંડ છે, તે બાદર વાયુકાય છે, અને વૃક્ષ, શાખા, પ્રશાખા, પત્ર, ફૂલ, ફલ, કાંદા વગેરે બાદર [1]વનસ્પતિકાય છે.

પૂર્વોક્ત સચેતન પૃથ્વી, સચેતન જલ વગેરે અચેતન પણ થઇ શકે છે. સચેતન પૃથ્વીને છેદન–ભેદન વગેરે આઘાત લાગવાથી તેમાંના જીવો તેમાંથી ચ્યુત થાય છે અને એથી એ પૃથ્વી અચેતન થાય છે. એવી રીતે પાણીને ગરમ કરવાથી અથવા તેમાં સાકર વગેરે પદાર્થોનું મિશ્રણ કરવાથી તે પાણી અચેતન થાય છે. વનસ્પતિના સંબંધમાં પણ એવીજ રીતે અચેતન થવાનું સમજી લેવું.

બે ઇન્દ્રિયો–ત્વચા અને જીભ–જેઓને હોય, તે દ્વીન્દ્રિય કહેવાય છે. કૃમિ, પોરા, જળો, અળસિયાં વગેરેનો દ્વીન્દ્રિયમાં સમાવેશ છે. જૂ, માંકડ, મંકોડા, ધીમેલ વગેરે, ત્વચા, જીભ

---

૧ વનસ્પતિ વગેરેમાં જીવો હોવાનું વૈજ્ઞાનિક જગદીશચંદ્ર મહાશયે વિજ્ઞાનપ્રયોગથી જગતની સ્હામે સિદ્ધ કરી બતાવ્યું છે.

અને નાક એ ત્રણુ ઇન્દ્રિયોવાલા હોવાથી ત્રીન્દ્રિય કહેવાય છે. ત્વચા, જીભ, નાક અને આંખ એ ચાર ઇન્દ્રિયોવાલા માંખી, ડાંસ, તીડ, વીંછી, ભમરા વગેરે ચતુરિન્દ્રિય કહેવાય છે. ત્વચા, જીભ, નાક, આંખ અને કાન એ પાંચ ઇન્દ્રિયોવાળા પંચેન્દ્રિય કહેવાય છે. પંચેન્દ્રિયના ચાર ભેદો છે–મનુષ્યો, પશુ–પક્ષિ–મચ્છ વગેરે તિર્યંચો, સ્વર્ગમાં રહેતા દેવતાઓ અને નરકમાં રહેતા નારકો.

'ત્રસ' માં આ દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોનો સમાવેશ થાય છે.

એ રીતે સ્થાવર અને ત્રસમાં સમસ્ત સંસારી જીવો સમાઇ જાય છે. હવે રહ્યા મુક્ત જીવો. તેઓ મોક્ષતત્ત્વના પ્રકરણુમાં વર્ણવાશે.

અજીવ.

ચૈતન્યરહિત–જડ પદાર્થોને અજીવ કહેવામાં આવે છે. અજીવના જૈનશાસ્ત્રોમાં પાંચ ભેદો પાડવામાં આવ્યા છે–ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને કાલ.

આ સ્થળે ધર્મ અને અધર્મ એ બે પદાર્થો પુણ્ય–પાપ-રૂપ સમજવાના નથી; કિન્તુ એ નામના બે પદાર્થો, આખા લોકમાં આકાશની પેઠે વ્યાપક અને અરૂપી છે. આ બે પદાર્થો-નો ઉલ્લેખ કોઇ પણ જૈનેતર દર્શનમાં નથી. પણ જૈન શાસ્ત્રો-માં એ વિષે વિસ્તૃત પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જેમ

આકાશને અવકાશ દેનાર તરીકે સર્વ વિદ્વાનો માને છે, તેમ આ બે પદાર્થો પણ ઉપયોગી બતાવવામાં આવ્યા છે.

ધર્મ.

ગમન કરતા પ્રાણિઓ અને ગતિ કરતી જડ વસ્તુઓને સહાયતા કરનાર 'ધર્મ' પદાર્થ છે. પાણીમાં ફરતાં માછલાંઓને મદદ કરનાર જેમ પાણી છે, તેમ જડ અને જીવોની ગતિ થવામાં પણ નિમિત્તકારણ માનવું એ ન્યાયસંગત છે, અને એ નિમિત્તકારણ 'ધર્મ' છે. અવકાશ મેળવવામાં આકાશને સહાયભૂત માનવામાં આવે છે, તેવી રીતે ગતિ કરવામાં પણ સહાયભૂત તરીકે 'ધર્મ' નામક પદાર્થ માનવામાં આવે છે.

અધર્મ.

'અધર્મ' પદાર્થનો ઉપયોગ, સ્થિતિ કરતા જડ અને જીવોને સહાયક થવું, એ છે. ગતિ કરવામાં સહાયક જેમ ધર્મ છે, તેમ સ્થિતિ થવામાં પણ સહાયક કોઇ પદાર્થ હોવો જોઈએ, એ ન્યાયથી 'અધર્મ' પદાર્થ સિદ્ધ થાય છે. વૃક્ષની છાયા, જેમ સ્થિતિ કરવામાં નિમિત્ત બને છે, તેમ જડ અને જીવોની સ્થિતિમાં 'અધર્મ' પદાર્થ નિમિત્ત છે.

હાલવું-ચાલવું અને સ્થિત થવું, એમાં સ્વતંત્ર કર્ત્તા તો જીવ અને જડ પદાર્થો પોતેજ છે. પોતાના જ વ્યાપારથી તેઓ હાલે-ચાલે છે અને સ્થિત થાય છે; પરન્તુ એમાં મદદ-

ગાર તરીકે કોઇ અન્યશક્તિની અપેક્ષા અવશ્ય હોવી જોઇએ, એમ માનવા સુધી તો વર્તમાન વૈજ્ઞાનિકો પણ આવ્યા છે, જ્યારે જૈનશાસ્ત્રકારો એ સંબંધમાં ધર્મ અને અધર્મ એવા બે પદાર્થો માને છે.

આકાશ.

આકાશ પદાર્થ પ્રસિદ્ધ છે. દિશાનો પણ આકાશમાંજ સમાવેશ છે. લોકસંબન્ધી આકાશને લોકાકાશ અને અલોકસંબન્ધી આકાશને અલોકાકાશ કહેવામાં આવે છે. આ લોક અને અલોકનો વિભાગ પડવામાં ખાસ કારણ કોઇ હોય તો, ઉપર બતાવેલ ધર્મ અને અધર્મ પદાર્થો છે. ઉંચે, નીચે અને આજુબાજુએ જ્યાં સુધી ધર્મ અને અધર્મ પદાર્થો સ્થિત છે, ત્યાં સુધીની હદને ' લોક ' સંજ્ઞા આપી છે, અને લોકની બહારનો પ્રદેશ અલોક કહેવાય છે. આ બે પદાર્થોને લઇને જ લોકમાં જડ અને જીવોની ક્રિયા થઇ રહી છે. અલોકમાં આ બે પદાર્થો નહિ હોવાથી ત્યાં એક પણ પરમાણુ અથવા એક પણ જીવ નથી. લોકમાંથી કોઇ પરમાણુ કે કોઇ જીવ અલોકમાં જઇ શકતો નથી, એનું કારણ અલોકમાં ધર્મ અને અધર્મના અભાવ સિવાય બીજું કશું નથી. ત્યારે અલોકમાં શું છે ? કાંઇ નથી, એ કેવલ આકાશરૂપ છે. જે આકાશમાંના કોઇ પણ પ્રદેશમાં પરમાણુ, જીવ કે કોઇ પણ ચીજ નથી, એવો શુદ્ધ માત્ર આકાશ, એ અલોક છે.

ઉપર કહ્યા પ્રમાણે ધર્મ અને અધર્મ પદાર્થ દ્વારા લોક અને અલોકની સિદ્ધિ થવામાં એક પ્રમાણ સમજી શકાય તેવું

છે. તે એ છે કે-સર્વ કર્મોનો ક્ષય થવાથી આત્મા ઉંચે ગતિ કરે છે, એમ જૈનશાસ્ત્રોનો સિદ્ધાન્ત છે. એ વિષે તુંબડીનું ઉદાહરણ અપાય છે. જેમ પાણીમાં રહેલી માટીના લેપવાળી તુંબડી, તેના ઉપરનો સઘળો મેલ નિકળી જવાથી એકદમ પાણી ઉપર આવી જાય છે, તે પ્રમાણે આત્મા ઉપરનો કર્મ-રૂપ સઘળો મેલ દૂર થવાથી સ્વતઃ-સ્વભાવતઃ આત્મા ઊર્ધ્વ-ગતિ કરે છે-ઉપર જાય છે. પરન્તુ તે ઊર્ધ્વગતિ ક્યાં સુધી થતી રહે-ક્યાં જઇને અટકે. એ ખાસ વિચારનું સ્થાન છે. આ વિચારનો નિવેડો ધર્મ અને અધર્મ પદાર્થ દ્વારા લોક અને અલોકનો વિભાગ માન્યા સિવાય કોઇ રીતે થઇ શકે તેમ નથી. ગતિ થવામાં સહાયક ધર્મ પદાર્થ, ઉંચે જ્યાં સુધી છે, ત્યાં સુધીના લોકના અગ્ર ભાગે કર્મરહિત થયેલ આત્મા-ની ગતિ અટકી જાય છે અને ત્યાં જ તે અવસ્થિત થાય છે. ત્યાંથી આગળ અલોકમાં ' ધર્મ ' પદાર્થના અભાવે તેની ગતિ થઇ શકતી નથી. જો, ધર્મ-અધર્મ પદાર્થો ન હોય અને તેથી થતો લોક-અલોકનો વિભાગ ન હોય, તો કર્મરહિત બનેલ આત્મા ઉંચે જતો ક્યાં અટકશે-ક્યાં અવસ્થિત થશે, એ ઉભી થતી ગુંચવણ મટે તેવી નથી.

પુદ્ગલ.

પરમાણુથી લઇ ઘટ, પટ આદિ સ્થૂલ-અતિસ્થૂલ-મહા-સ્થૂલ તમામ રૂપી પદાર્થોને ' પુદ્ગલ ' સંજ્ઞા આપી છે. ' પૂર્ ' અને ' ગલ્ ' એ બે ધાતુઓના સંયોગથી ' પુદ્ગલ ' શબ્દ બન્યો છે. ' પૂર્ ' નો અર્થ પૂરણ થવું અર્થાત્ મળવું,

અને ' गल् ' નો અર્થ ગળવું અર્થાત ખરી પડવું—જુદું પડવું એવો થાય છે. આ હકીકત આપણા શરીરમાં અને બીજી હરેક વસ્તુઓમાં પ્રત્યક્ષ અનુભવાય છે; અર્થાત્ પરમાણુવાળા નાના—મોટા હરેક પદાર્થમાં પરમાણુઓનો વધારો—ઘટાડો થયા કરે છે. એકલા પરમાણુને પણ સ્થૂલ પદાર્થ સાથે મળવાનું કે તેનાથી અલગ પડવાનું હોવાથી 'પુદ્ગલ' સંજ્ઞા અર્થયુક્ત ઘટી શકે છે.

કાલ.

કાલ હરેકના જાણવામાં છે. નવી વસ્તુ પુરાણી થાય છે, પુરાણી વસ્તુ જીર્ણ થાય છે. બાલ, તરૂણ થાય છે, તરૂણ, વૃદ્ધ થાય છે. ભવિષ્યમાં થનારી વસ્તુ વર્તમાન થાય છે અને વર્તમાન વસ્તુ, ભૂતકાલના પ્રવાહમાં પ્રવાહિત થાય છે. આ બધી કાળની ગતિ છે. નવાં નવાં પરિવર્ત્તન, નવા નવા પરિણામ કાળને આભારી છે.

પ્રદેશ.

ઉપર બતાવેલા ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ એ ચાર જડ પદાર્થો અને આત્મા એ અનેકપ્રદેશવાળા છે. પ્રદેશ એટલે સૂક્ષ્મ (સૂક્ષ્મમાં સૂક્ષ્મ) અંશ. ઘટ, પટ આદિ પદાર્થોના સૂક્ષ્મ અંશો પરમાણુ છે, એ તો સહુ કોઈ સમજે છે અને એ પરમાણુઓ જ્યાં સુધી સાથે લાગેલા હોય—અવયવી સાથે સંબદ્ધ હોય, ત્યાં સુધી તેનો ' પ્રદેશ ' નામથી વ્યવહાર થાય છે, અને અવયવીથી છૂટા પડયા પછી—જુદા થઈ

ગયા પછી તે 'પરમાણુ' નામથી વ્યવહૃત થાય છે, પરંતુ ધર્મ, અધર્મ, આકાશ અને આત્મા એ ચાર અરૂપી પદાર્થોના પ્રદેશો તો વિલક્ષણ પ્રકારના છે. એ પ્રદેશો પરસ્પર અત્યંત ઘનીભૂત–તદ્દન એકીભૂત છે. ઘડાના પ્રદેશો–સૂક્ષ્મ અંશો ઘડાથી જૂદા પડે છે, તેમ ધર્મ, અધર્મ, આકાશ અને આત્માના પ્રદેશો એક–બીજાથી જૂદા પડી શકે જ નહિ.

અસ્તિકાય.

આત્મા, ધર્મ અને અધર્મ એ ત્રણના [1]અસંખ્યાત પ્રદેશો છે. આકાશ અનન્તપ્રદેશવાળું છે. લોકસંબંધી આકાશ અસંખ્યાતપ્રદેશવાળું અને અલોકસંબંધી આકાશ અનન્તપ્રદેશવાળું છે. પુદ્ગલના સંખ્યાત, અસંખ્યાત અને અનન્ત પ્રદેશો હોય છે. આવી રીતે પ્રદેશયુક્ત હોવાથી એ પાંચ 'અસ્તિકાય' કહેવાય છે. 'અસ્તિકાય' શબ્દનો અર્થ– 'અસ્તિ' એટલે પ્રદેશ અને 'કાય' એટલે સમૂહ, અર્થાત્ પ્રદેશસમૂહથી યુક્ત–એવો થાય છે. ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને જીવની સાથે 'અસ્તિકાય' શબ્દ જોડીને બોલીએ તો 'ધર્માસ્તિકાય' 'અધર્માસ્તિકાય' 'આકાશાસ્તિકાય' 'પુદ્ગલાસ્તિકાય' 'જીવાસ્તિકાય' એ પ્રમાણે બોલાય છે.

---

૧ જેની સંખ્યા ન થઇ શકે, તે અસંખ્યાત. આવો સામાન્ય અર્થ સમજવા ઉપરાંત જૈનશાસ્ત્રમાં બતાવેલ વિશેષ અર્થ સમજવાની જરૂર છે.

કાલને પ્રદેશ નહિ હોવાથી તે ' અસ્તિકાય ' કહેવાય નહિ. ગયો સમય નષ્ટ થયો, અને ભવિષ્ય સમય અત્યારે અસત છે, ત્યારે ચાલુ સમય એટલે વર્ત્તમાન ક્ષણ, એ જ સદ્‌ભૂત કાલ છે. મુહૂર્ત્ત, દિવસ, રાત્રિ, મહીના, વર્ષ એ બધા જે કાલના વિભાગો પડયા છે, તે અસદ્‌ભૂત ક્ષણોને બુદ્ધિમાં એકત્રિત કરીને પાડવામાં આવ્યા છે. આ ઉપરથી જોઇ શકાય છે કે એક ક્ષણ માત્ર કાળમાં પ્રદેશની કલ્પના હોઇ શકે નહિ.

ઉપર બતાવેલા પાંચ અસ્તિકાયો અને કાલ એ જૈન-દર્શનનાં માનેલાં ષડ્ (છ) દ્રવ્યો છે.

પુણ્ય–પાપ

સારાં કર્મો ' પુણ્ય ' અને ખરાબ કર્મો ' પાપ કહેવાય છે. સમ્પત્તિ, આરોગ્ય, રૂપ, કીર્તિ, પુત્ર, સ્રી, દીર્ઘ આયુષ્ય વગેરે સુખનાં સાધનો, જે કર્મોથી પ્રાપ્ત થાય છે, તે શુભ કર્મોને ' પુણ્ય ' કહેવામાં આવે છે અને એથી વિપરીત–દુઃખ-ની સામગ્રી જોડી આપનાર–કર્મ પાપ ' કહેવાય છે.

જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર, અન્તરાય એ આઠ પ્રકારનાં કર્મ આગળ કહેવાશે. તેમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અન્તરાય એ ચાર કર્મ અશુભ હોવાથી પાપકર્મ છે. કારણ કે જ્ઞાનાવરણ જ્ઞાનશક્તિને દબાવનાર છે. દર્શનાવરણ દર્શનશક્તિને આચ્છાદન કરનાર છે. મોહનીય કર્મ મોહને ઉપજાવનાર છે,

એટલે આ કર્મ સંયમમાં અટકાયત કરનાર છે તથા તત્ત્વ-શ્રદ્ધાનમાં બાધા નાંખનાર છે અને અન્તરાય કર્મ ઇષ્ટની પ્રાપ્તિમાં વિઘ્ન નાંખનાર છે. આ ચાર કર્મો સિવાય શુભ અને અશુભ એ બે પ્રકારના નામકર્મની અંદરની અશુભ પ્રકૃતિઓ, આયુષ્ય કર્મમાં નારકઆયુષ્ય, ગોત્ર કર્મમાંની નીચગોત્ર પ્રકૃતિ અને વેદનીય કર્મમાંનો અસાતવેદનીય પ્રકાર-એટલા કર્મના ભેદો અશુભ હોવાથી પાપકર્મ છે. વેદનીયકર્મનો સાતવેદનીય ભેદ, શુભ નામની પ્રકૃતિઓ, ઉંચું ગોત્ર અને દેવઆયુષ્ય, મનુષ્યઆયુષ્ય તથા તિર્યંચઆયુષ્ય એટલાં કર્મો પુણ્યકર્મ છે.

આસ્રવ.

આત્માની સાથે કર્મનો સંબન્ધ થવાનાં કારણોને 'આસ્રવ' નામ આપ્યું છે. જે વ્યાપારોથી-જે પ્રવૃત્તિઓથી આત્માની સાથે કર્મનો સંબંધ થાય તે વ્યાપારો-તે પ્રવૃત્તિઓ 'આસ્રવ' કહેવાય છે. જે કામોથી કર્મપ્રવાહ આત્મામાં દાખલ થાય તે 'આસ્રવ'. મન, વચન અને શરીરના વ્યાપારો શુભ હોય તો શુભ કર્મ અને અશુભ હોય તો અશુભ કર્મ બંધાય છે. આ માટે મુખ્યતયા મન, વચન અને શરીરના વ્યાપારો એજ આસ્રવ છે. મનનો વ્યાપાર-દુષ્ટચિન્તન કે દુષ્ટશ્રદ્ધા અથવા સારૂં ચિન્તન કે સાચી શ્રદ્ધા છે. વચનનો વ્યાપાર-દુષ્ટ ભાષણ અથવા સારૂં ભાષણ છે. શરીરનો વ્યાપાર હિંસા, ચોરી, વ્યભિચાર વગેરે દુષ્ટ આચરણ અથવા જીવદયા, ઇશ્વરપૂજન, દાન વગેરે પવિત્ર આચરણ છે.

પુણ્ય કર્મ યા પાપ કર્મ બંધાવામાં મુખ્ય પ્રયોજક મનોવ્યાપાર છે, જ્યારે વચનવ્યાપારો તથા શારીરિક ક્રિયાઓ મનોયોગને પુષ્ટિ આપનાર તરીકે કર્મબંધનના હેતુ છે.

મનોયોગ, વચનયોગ અને શરીરયોગરૂપ આસ્રવથી બંધાતાં કર્મોને અટકાવનાર આત્માના નિર્મલ પરિણામને—

સંવર

કહેવામાં આવે છે. ' સંવર ' શબ્દ સમ્ પૂર્વક વૃ ધાતુથી બનેલો છે. ' સમ્ ' પૂર્વક વૃ ધાતુનો અર્થ રોકવું–અટકાવવું થાય છે. કર્મ બંધાતું અટકે તે ' સંવર ' સમજવો. જે ઉજ્જ્વળ આત્મપરિણામથી કર્મ બંધાતું અટકે, તે ઉજ્જ્વળ પરિણામ ' સંવર ' છે. આમ ' અટકવું ' અને જેનાથી અટકે તે બન્ને ' સંવર ' કહેવાય. સર્વ કર્મો બંધાતાં અટકી જાય એવી સ્થિતિ કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી આવે છે; પરંતુ આત્માની જેમ જેમ ઉન્નત અવસ્થા થતી જાય છે, તેમ તેમ કર્મબન્ધનમાં ઘટાડો થતો જાય છે.

બંધ.

કર્મનો આત્માની સાથે, દૂધ અને પાણીની પેઠે સંબન્ધ થવો, એનું નામ બંધ છે. કર્મ ક્યાંય લેવા જવાં પડતાં નથી, કિન્તુ આખા લોકમાં તેવા પ્રકારનાં દ્રવ્યો ઠાંસી ઠાંસીને ભરેલાં છે; જેને ' કર્મ–વર્ગણા ' એવું નામ જૈનશાસ્ત્રકારો આપે છે.

આ દ્રવ્યો, રાગ–દ્વેષના પરિણામરૂપ ચિકાસને લીધે આત્માની સાથે વળગે છે.

અહીં એ પ્રશ્ન ઉભો થઇ શકે છે કે–શુદ્ધ આત્માને રાગદ્વેષની ચિકાસ લાગવી કેમ જોઇએ ? આના સમાધાનમાં સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરવાની જરૂર છે. આત્માને રાગદ્વેષની ચિકાશ અમુક વખતે લાગી, એમ તો કહી શકાય નહિ; કારણ કે તેમ કહેવામાં, જે વખતે આત્માને રાગદ્વેષની ચિકાસ લાગી, તે પહેલાં આત્મા, શુદ્ધસ્વરૂપવાળો ઠરે છે; અને શુદ્ધસ્વરૂપ-વાળા આત્માને રાગદ્વેષનો પરિણામ થવાનું કાંઇ કારણ નથી. શુદ્ધસ્વરૂપી આત્માને રાગદ્વેષના પરિણામનો પ્રારંભ થવાનું માનવામાં આવે, તો મુક્તિદશાને પામેલા આત્માઓ–શુદ્ધ આત્માઓને પણ ફરી રાગદ્વેષનો પરિણામ ઉત્પન્ન થવાનું કાં નહિ બને ? ભૂતકાલમાં પહેલાં આત્મા શુદ્ધ હતો અને પછીથી એને રાગદ્વેષનો પ્રાદુર્ભાવ થયો, એમ માનવા જતાં, ભવિષ્ય કાલમાં મુક્ત અવસ્થાની શુદ્ધ સ્થિતિએ પહોંચ્યા પછી પણ રાગદ્વેષનો પ્રાદુર્ભાવ થવાની ઉભી થતી આપત્તિ શી રીતે હઠાવી શકાશે ? આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે–આત્માનો રાગદ્વેષનો પરિણામ અમુક વખતથી ઉત્પન્ન થયેલ નથી, કિન્તુ તે અનાદિ છે.

સુવર્ણ, માટીની સાથે જેમ અનાદિકાલથી મળેલું છે અને એથી એનો ઉજ્જવળ ચાકચિક્ય–સ્વભાવ ઢંકાયલો છે, એ પ્રમાણે આત્માનું પણ શુદ્ધ બ્રહ્મસ્વરૂપ, અનાદિસંયુક્ત કર્મપ્રવાહના આવરણથી ઢંકાએલું છે. મલિન દર્પણને ઉટક-

વાથી, માંજવાથી તે ઉજ્જ્વળ થાય છે અને ઝગમગે છે, તેમ આત્માપરનો કર્મ–મેલ ધોવાઇ જવાથી આત્મા ઉજ્જ્વળ બને છે અને પોતાના વિશુદ્ધ સ્વરૂપમાં પ્રકાશે છે.

એટલે 'આત્મા પહેલો અને પછી કર્મનો સંબંધ' એમ માનવુ બની શકતું નથી, એ કહેવાઇ ગયું. 'કર્મ પહેલું અને આત્મા પછી' એમ તો બોલાય જ નહિ એ ખુલ્લું છે; કારણ કે એમ કહેવામાં આત્મા ઉત્પન્ન થનારો અને વિનાશી ઠરે છે. એ સિવાય, આત્માના અભાવે 'કર્મ' વસ્તુ જ ઘટતી નથી. આ રીતે એ બંને પક્ષો જ્યારે ઘટી શકતા નથી, ત્યારે "આત્મા અને કર્મ એ બંને સાથે–અનાદિ સંબદ્ધ છે" એ ત્રીજો પક્ષ અર્થાત્ સિદ્ધ થાય છે.

જૈનશાસ્ત્રમાં કર્મના મુખ્ય આઠ પ્રકારો બતાવ્યા છે–જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અન્તરાય. એ નવું કહેવાનું રહેતું નથી કે–આત્મા અસલ સ્વરૂપે અનન્તજ્ઞાનરૂપ–સચ્ચિદાનન્દમય છે, પરંતુ પૂર્વોક્ત કર્મોના આવરણવશાત તેનું મૂલ સ્વરૂપ આચ્છાદિત છે. એથી એનું સંસારમાં પરિભ્રમણ છે અને ભવચક્રની અનેકાનેક વિડંબનાઓ એને વળગેલી છે.

જ્ઞાનાવરણકર્મ આત્માની જ્ઞાનશક્તિને દબાવનાર છે. જેમ જેમ આ કર્મ વધારે મજબૂત થાય છે, તેમ તેમ તે, જ્ઞાનશક્તિને વધારે આચ્છાદિત કરે છે. બુદ્ધિનો અધિકાધિક વિકાસ થવાનું પ્રધાન કારણ, આ કર્મનું શિથિલ થતું જવું, એ છે. આ કર્મનો સંપૂર્ણ ક્ષય થયે 'કેવલજ્ઞાન' (સકલ લોકાલોકના સમગ્ર પદાર્થોનું સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન) પ્રકટ થાય છે.

દર્શનાવરણકર્મ દર્શનશક્તિને દબાવનાર છે. જ્ઞાન અને દર્શનમાં વધુ અન્તર નથી. સામાન્ય આકારના જ્ઞાનને 'દર્શન' નામ આપ્યું છે. જેવી રીતે, કોઈ માણસને દૂરથી જોતાં સામાન્ય રીતે જે મનુષ્યત્વમાત્રનું ભાન થાય છે, તે દર્શન છે; અને પછી એનો વિશેષ પ્રકારે બોધ થવો, એ જ્ઞાન છે. નિદ્રા આવવી, આંધળાપણું, બેહરાપણું વગેરે આ કર્મનાં ફળ છે.

વેદનીય કર્મનું કાર્ય સુખ–દુઃખનો અનુભવ કરાવવાનું છે. સુખનો અનુભવ કરાવનારને સાતવેદનીય કર્મ અને દુઃખનો અનુભવ કરાવનારને અસાતવેદનીય કર્મ કહે છે.

મોહનીયકર્મ મોહ ઉપજાવનાર છે. સ્ત્રી ઉપર મોહ, પુત્ર ઉપર મોહ, મિત્ર ઉપર મોહ, સારી સારી ચીજો ઉપર મોહ, એ બધું મોહનીય કર્મનું પરિણામ છે. મોહમાં અંધ બનેલાઓને કર્તવ્ય કે અકર્તવ્યનું ભાન રહેતું નથી. દારૂ પીધેલ માણસ, જેમ વસ્તુને વસ્તુસ્થિતિએ સમજી શકતો નથી, તેમ મોહની ગાઢ અવસ્થામાં મૂકાયલો પ્રાણી તત્ત્વને તત્ત્વદૃષ્ટિએ ન સમજતાં, વિપરીત બુદ્ધિમાં ગોથાં માર્યા કરે છે. મોહની લીલાનાં ઉદાહરણો સંસારમાં સર્વત્ર દૃશ્યમાન છે. આઠે કર્મોમાં આ કર્મ આત્મસ્વરૂપની ખરાબી કરવામાં આગેવાનીભર્યો ભાગ ભજવે છે. આ કર્મના બે ભેદો છે–તત્ત્વદૃષ્ટિને અટકાવનારૂં 'દર્શનમોહનીય' અને ચારિત્રને અટકાવનારૂં 'ચારિત્રમોહનીય'.

આયુષ્કર્મના ચાર ભેદો છે–દેવતાનું આયુષ્ય, મનુષ્યનું આયુષ્ય, તિર્યંચનું આયુષ્ય અને નરકનું આયુષ્ય. જેમ

પગમાં બેડી હોય, ત્યાં સુધી માણુસ છૂટી શકતો નથી; તેવી રીતે મનુષ્ય, તિર્યંચ, દેવતા અને નારક એ ચારે ગતિઓના જીવો, આયુષ્ય પૂરૂં ન થાય ત્યાં સુધી ત્યાંથી છૂટી શકતા નથી.

નામકર્મના અનેક ભેદ–પ્રભેદો છે; પરંતુ ટૂંકમાં, સારૂં યા ખરાબ શરીર, સારૂં યા ખરાબ રૂપ, યશ યા અપયશ, સૌભાગ્ય યા દુર્ભાગ્ય, સુસ્વર યા દુઃસ્વર વગેરે અનેક બાબતો આ કર્મ ઉપર આધાર રાખે છે. જેમ ચિતારો સારાં યા ખરાબ ચિત્રો બનાવે છે, તેવી રીતે પ્રાણીઓના વિવિધ દેહાકારો, રૂપાકારો, રચનાકારોનું નિર્માણ કરનાર આ કર્મ છે.

ગોત્રકર્મના બે ભેદો છે–ઉચ્ચગોત્ર અને નીચગોત્ર. ઉંચા ગોત્રમાં કે નીચા ગોત્રમાં જન્મ થવો એ આ કર્મનો પ્રભાવ છે. જ્ઞાતિબંધનને તરછોડનારા દેશોમાં પણ ઉંચ–નીચનો વ્યવહાર છે.

અન્તરાયકર્મનું કામ વિઘ્ન નાંખવાનું છે. ધનાઢ્ય હોય, ધર્મનો જાણુકાર હોય, છતાં દાન ન આપી શકે, એ આ કર્મનું ફલ છે. વૈરાગ્ય કે ત્યાગવૃત્તિ નહિ રહેતે પણ ધનનો ભોગ ન કરી શકાય, એ આ કર્મનો પ્રભાવ છે. હજાર પ્રકારના બુદ્ધિપૂર્વક પ્રયાસો કરવા છતાં વ્યાપારમાં ફતેહમંદ ન થવાય, અથવા નુકસાન વેઠાય એ આ કર્મનું કામ છે. શરીર પુષ્ટ હોવા છતાં ઉદ્યમ કરવા સ્ફુરાયમાન ન થવાય, એ આ કર્મનું પરિણામ છે.

કર્મસંબંધી ટૂંક હકીકત કહેવાઇ ગઇ. જેવા પ્રકારના અધ્યવસાયો હોય, કર્મ, તેવા પ્રકારનું ચિકણું બંધાય છે,

અને ફળ પણ તેવું જ ચિકણું ભોગવવું પડે છે. કર્મના બન્ધન સમયે તેની સ્થિતિ, અર્થાત્ કર્મવિપાક કેટલા વખત સુધી ભોગવવો જોઇએ, એ કાલનો નિયમ પણ બંધાઇ જાય છે. કર્મ, બંધાયા પછી તરતજ ઉદયમાં આવે, એમ સમજવાનું નથી. જેમ બીજ વાવ્યા પછી તરત પાક થતો નથી, તેમ, કર્મ બંધાયા પછી અમુક કાલ પસાર થયા બાદ, તે ઉદયમાં આવે છે. ઉદયમાં આવ્યા પછી કર્મ કયાં સુધી ભોગવવું જોઇએ, એનો નિયમ નથી. કારણ કે પૂર્વે બધાયલા સ્થિતિ-કાલમાં પણ આત્મપરિણામ પ્રમાણે ફેરફાર થઇ જાય છે.

કર્મનું બંધાવું એક રીતનું હોતું નથી. કોઇ કર્મ અતિ-ગાઢ બંધાય છે, જ્યારે કોઇ કર્મ ગાઢ, કોઇ શિથિલ અને કોઇ અતિશિથિલ, એ રીતે બંધાય છે. જે કર્મ અત્યંત ગાઢ બંધાય છે, તેને જૈનશાસ્ત્રો ‘ નિકાચિત ’ એવું નામ આપે છે. આ કર્મ પ્રાયઃ અવશ્ય ભોગવવું પડે છે. બાકીનાં કર્મો શુભ ભાવનાઓના પ્રબળ વેગથી ભોગવ્યા વગર પણ છૂટી શકે છે.

બંધાયલાં કર્મો ભોગવ્યા બાદ જે ખરી પડે છે, એનું નામ છે—

નિર્જરા.

આ નિર્જરા બે રીતે થાય છે—એક નિર્જરા ‘ મારા કર્મનો ક્ષય થાઓ ’ એવા ઉચ્ચ આશયથી કરાતા તપશ્ચરણ વગેરેના સાધનથી કર્મનો જે ક્ષય થાય છે તે છે. અને બીજી,

કર્મ ભોગવાઇ જઇ ખરી પડે એ છે. પહેલી નિર્જરા સકામ-નિર્જરા કહેવાય છે, જ્યારે બીજી અકામ-નિર્જરા છે. વૃક્ષનાં ફળો, જેમ સ્વતઃ સમય ઉપર વૃક્ષ પર પાકે છે, અને ઉપાય-થી પણ શીઘ્ર તેને પકવવામાં આવે છે, એ પ્રમાણે કર્મ, સ્વતઃ અવધિ પૂર્ણ થયે પાકી જઇ, ભોગવાઇ જઇ ખરી પડે છે અને તપશ્ચર્યા વગેરે તીવ્ર ઉપાયોથી પણ કર્મને પકવી ક્ષીણ કરવામાં આવે છે.

જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અન્તરાય એ ચાર ' ઘાતિકર્મ ' કહેવાય છે. કારણ કે તે આત્માના કેવલજ્ઞાન આદિ મુખ્ય ગુણોને હણનાર છે. આ ચાર ઘાતિકર્મોનો ક્ષય થવાથી કેવલજ્ઞાન પ્રકાશિત થાય છે આ કેવલજ્ઞાન લોક-અલોક-ના, ભૂત, ભવિષ્યદ્ અને વર્ત્તમાન તમામ પદાર્થોને સંપૂર્ણ પ્રકાશ કરનારૂં છે. આ જ્ઞાનનો પ્રકાશ થતાં આત્મા સર્વજ્ઞ બને છે. એ સર્વજ્ઞો આયુષ્ય પૂર્ણ થવાના સમય ઉપર અવશિષ્ટ ચાર કર્મો, જે [1]' અઘાતિ ' અથવા [2]' ભવોપગ્રાહિ ' કહેવાય છે તેને-ક્ષીણ કરે છે અને તત્ક્ષણાત્ તેઓનો આત્મા સીધું ઊર્ધ્વગમન કરતો, એક સમયમાં લોકના અગ્રભાગ ઉપર અવસ્થિત થાય છે. આ અવસ્થાને કહે છે—

મોક્ષ.

નવમું તત્ત્વ મોક્ષ છે. અને તેનું લક્ષણ-" **कृत्स्नकर्मक्षयो**

---

૧ ઘાતિથી વિપરીત અઘાતિ. ૨ ભવ એટલે સંસાર અથવા શરીર, તેને ટકાવી રાખનાર એ ' ભવોપગ્રાહિ ' શબ્દનો અર્થ છે.

મોક્ષઃ " અથવા " પરમાનન્દો મુક્તિઃ " એ સૂત્રોથી 'સર્વ કર્મોનો ક્ષય ' અથવા ' સર્વકર્મોના ક્ષયથી પ્રાદુર્ભૂત થતો પરમ આનન્દ ' એ પ્રકારે દર્શાવવામાં આવ્યું છે. સર્વ કર્મોનો ક્ષય થવાથી ઊર્ધ્વગમન થવું, એ આત્માનો સ્વભાવ છે, અને એ વિષે તુંબડીનું ઉદાહરણ પહેલાં અપાઈ ગયું છે. ઊર્ધ્વ-ગમન કરતો આત્મા, લોકના અગ્રભાગે પહોંચી અટકી જાય છે અને ત્યાંથી આગળ ગમન કરી શકતો નથી, એનું કારણ પહેલાં કહેવાઇ ગયું છે તેમ લોકના અગ્રભાગથી આગળ ગતિ કરવામાં મદદગાર એવો ધર્માસ્તિકાય પદાર્થ નથી.

ઉપર્યુક્ત મુક્ત અવસ્થામાં સર્વ કર્મોની ઉપાધિઓ છૂટી જવાને લીધે શરીર, ઇન્દ્રિય અને મનનો સર્વથા અભાવ થવાથી જે અનિર્વાચ્ય સુખ મુક્ત આત્માઓ અનુભવે છે, તે સુખની આગળ સમગ્ર ત્રિલોકીનો આનંદ બિન્દુમાત્ર છે. ઘણાઓ શંકા કરે છે કે–મોક્ષમાં શરીર નથી, વાડી, લાડી, ગાડી નથી, તો ત્યાં સુખ શું હોઇ શકે ? પરન્તુ ધ્યાનમાં રાખવું જોઇએ કે શરીર, સુખની સાથે દુઃખનું પણ સાધન છે. માલ–મિષ્ટાન્ન ઉડાવવામાં જે મજા પડે છે, તેનું કારણ માત્ર ભૂખની પીડા છે. પ્રત્યક્ષ અનુભવીએ છીએ કે પેટ ભરાઇ ગયેલું હોય તો અમૃતસમાન ભોજન પણ ગમતું નથી. ટાઢની પીડા દૂર કરવા જે વસ્ત્રો પહેરવામાં આવે છે, તે જ વસ્ત્રો, ગરમીના તાપ વખતે પહેરવાં ગમતાં નથી. બહુ બેસવાવાળાને ચાલવા-નું મન થાય છે અને બહુ ચાલવાવાળાને બેસવાનું–આરામ લેવાનું મન થાય છે. કામભોગ, શરૂઆતમાં જેવો અનુકૂલ

ભાસે છે, અન્તમાં તેવા જ પ્રતિકૂલ લાગે છે. આ બધી સંસારની સ્થિતિ શું સુખમય છે ? કદાપિ નહિ. જે, સુખનાં સાધનો સમજાય છે, તે, માત્ર દુઃખને શમાવવા સિવાય કંઈ નવું સુખ ઉત્પન્ન કરનાર નથી. પાકેલું ગુમડું જ્યારે ફૂટી જાય છે ત્યારે ' હા....શ ' કરીને જે સુખ અનુભવાય છે, તે સુખ યથાર્થમાં સત્ય છે ? નહિ. માત્ર તે વેદનાની શાન્તિ છે. જો તે સુખ સાચું હોય, તો જેને ગુમડું થયું નથી, તેને તે સુખાલ્હાદ કાં નથી થતો ? વાસ્તવમાં, વિષયસેવનથી દુઃખની શાન્તિ જે અનુભવાય છે, તે કલ્પિત, ક્ષણિક, સંતાપમિશ્રિત અને પરિણામે વિરસ છે.

જે સ્વાસ્થ્ય મેળવવા માટે ખાવું, પીવું, હરવું, ફરવું વગેરે સંસારવર્ત્તી જીવો કરે છે, તે સ્વાસ્થ્ય કરતાં અનન્ત-ગણું સ્વાસ્થ્ય સિદ્ધ આત્માઓને કર્મક્ષયથી સ્વતઃ પ્રાપ્ત છે. કર્મબન્ધો તમામ છૂટી જવાથી મુક્ત આત્મા પરમસ્વા-તન્ત્ર્યસંભૂત અનન્તચિદાનન્દી દશા અનુભવે છે.

જેને ખુજલી આવતી હોય, તેને જ ખણવામાં કાંઇક આનન્દ ભાસે છે, બીજાને તે તરફ રૂચિ શાની હોય ? એ પ્રમાણે જેઓને મોહની વાસનાઓ લાગેલી હોય છે, તેઓને જ મોહની ચેષ્ટાઓ મજાની લાગે છે, કિન્તુ બીજાઓને (સિદ્ધ આત્માઓને) તે મજાની લાગે જ શાની ? સંસારનો મોહમય વિલાસ, ખરેખર ખુજલીના જેવો શરૂઆતમાં કાંઇક આનન્દ ઉપજાવનાર અને પાછળથી મહાન્ દુઃખનો અનુભવ કરાવનાર છે. મોહરૂપી ખુજલી જેઓથી દૂર ભાગી ગઇ છે, એવા મુક્ત

પરમાત્માઓને, નિર્મલ આત્મજ્યોતિમાંથી સ્ફુરતો જે સ્વાભાવિક આનન્દ છે, તે જ ખરેખર પરમાર્થ સુખ છે આવા પરમ સુખી પરમાત્માઓને માટે શુદ્ધ, બુદ્ધ, સિદ્ધ, નિરંજન, પરમજ્યોતિ, પરમબ્રહ્મ વગેરે નામો શાસ્ત્રોમાં આપ્યાં છે.

મોક્ષની પ્રાપ્તિ, મનુષ્ય–શરીરદ્વારા જ થાય છે. દેવતાઓ પણ દેવગતિમાંથી મુક્તિ પામી શકતા નથી.

'ભવ્ય' અને 'અભવ્ય' એવા પ્રકારના જીવો જૈનશાસ્ત્રકાર માને છે. મોક્ષને ગમે ત્યારે પણ મેળવી શકનારા જીવો 'ભવ્ય' કહેવાય છે, જ્યારે 'અભવ્ય' જીવોને મુક્તિની પ્રાપ્તિ કદાપિ હોઇ શકતી નથી. ભવ્ય કે અભવ્ય કોઇના બનાવ્યા બનતા નથી, કિન્તુ એ ભવ્યત્વ–અભવ્યત્વ, જીવનો સ્વાભાવિક પરિણામ છે. જેમ, મગની અંદર કોરડુ મગ હોય અને બીજા મગ પાકી જાય પણ તે કોરડુ મગ પાકતા નથી, તેમ 'અભવ્ય' કોરડુ મગના જેવો છે. એની સંસાર–સ્થિતિ પાકતી નથી.

ઈશ્વર.

ઈશ્વરના સંબન્ધમાં જૈનશાસ્ત્રોના સિદ્ધાન્તો ધ્યાન આપવા જેવા છે. "परिक्षीणसकलकर्मा ईश्वरः" અર્થાત્ જેનાં સકલ કર્મોનો નિર્મૂલ ક્ષય થયો છે, એ ઈશ્વર છે. ઈશ્વર, પૂર્વે બતાવેલી મુક્તિ–અવસ્થાને પહોંચેલા પરમાત્માઓથી જુદા પ્રકારનો નથી, કિન્તુ ઈશ્વરત્વનું લક્ષણ અને મુક્તિનું લક્ષણ એક જ છે.

જૈનશાસ્ત્રો કહે છે કે મોક્ષપ્રાપ્તિનાં કારણો—સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રનો અભ્યાસ થતે થતે, તે અભ્યાસ પૂર્ણ સ્થિતિ ઉપર આવવાથી કર્મ-બન્ધનો સર્વથા છૂટી જાય છે અને આત્માનું અનન્તજ્ઞાન આદિ સકલ સ્વરૂપ સંપૂર્ણ પ્રકાશિત થાય છે. આ સ્થિતિએ પહોંચવું એજ ઇશ્વરત્વ છે.[1] જે જીવો, આત્મસ્વરૂપના વિકાસના અભ્યાસમાં આગળ વધે અને પરમાત્મસ્થિતિએ પહોંચવાનો યથાવત્ પ્રયત્ન કરે, તો તે બરાબર ઇશ્વર થઇ શકે છે: એમ જૈનશાસ્ત્રનો સિદ્ધાન્ત છે. ઇશ્વર-વ્યક્તિ એક જ છે, એવો જૈનસિદ્ધાન્ત નથી. એમ છતાં પણ પરમાત્મસ્થિતિએ પહોંચેલા સર્વ સિદ્ધો એક સરખા નિરાકાર અને અત્યન્ત ગાઢ સંયુક્ત હોવાથી સમષ્ટિરૂપે,

---

૧ સામાન્ય કેવલજ્ઞાનિઓના કરતાં તીર્થંકરો પ્રબલ પુણ્ય-પ્રકૃતિઓના અતુલ સામ્રાજ્યને લીધે અને ધર્મના એક મહાન પ્રભાવ-શાલી પ્રકાશક તરીકેની દૃષ્ટિએ બહુ ઉચ્ચ કોટી પર છે. પરન્તુ શરીરધારી અવસ્થામાં એઓ (સામાન્યકેવલી અને તીર્થંકરો) બંને-ચાર અઘાતિ કર્મો ક્ષીણ કરવા બાકી હોવાથી-કર્મક્ષયમાં પૂર્ણતા પામેલા નથી, એમ વસ્તુતઃ કહી શકાય છે, જ્યારે સંપૂર્ણ કર્મક્ષયની અવસ્થામાં એઓ બંને, તીર્થંકરત્વને અંગેનો ભેદભાવ નહિ રહેવાથી બિલકુલ સરખા છે. આ ઉપરથી જોઇ શકાય છે કે ઇશ્વરનું " સકલ-કર્મ-રાહિત્ય " એ સમુચિત લક્ષણ સર્વ મુક્ત આત્માઓમાં પ્રાપ્ત હોવાથી સર્વ મુક્ત પરમાત્માઓ બરાબર ઇશ્વરપદવાચ્ય છે. નિરાવરણ-દશાસંભૂત જ્ઞાનપૂર્ણતા યા પરમાત્મજ્યોતિ ભવસ્થ અને ભવાતીત બન્ને કેવલીઓમાં પૂર્ણ સમાન હોવાથી ભવસ્થ કેવલી પણ તદ્રૂપે પરમાત્મા-પરમેશ્વર છે.

સમુચ્ચયરૂપે તેઓનો ' એક ' શબ્દથી કથંચિત્ વ્યવહાર થઇ શકે છે. જૂદી જૂદી નદીઓનું કે જૂદા જૂદા કુવા યા તલાવોનું ભેગું કરેલું પાણી, જેમ પરસ્પર એકમેક થઇ જાય છે અને એમાં કશો ભિન્નભાવ જણાતો નથી, તેમજ એકરૂપે એનો વ્યવહાર થાય છે, એ પ્રમાણે પ્રકૃતમાં પણ, જૂદા જૂદા જલની પેઠે મળેલા સિદ્ધોમાં ' એક ઇશ્વર ' કે ' એક પરમાત્મા ' એવો વ્યવહાર થવો અસંભવિત નથી.

મોક્ષનું શાશ્વતત્વ.

અહીં એક આશંકાને અવકાશ મળે છે. તે એ છે કે— ' જે વસ્તુની ઉત્પત્તિ થાય છે, તે વસ્તુનો નાશ થાય છે ' એ અકાટ્ય નિયમ પ્રમાણે મોક્ષ પણ ઉત્પન્ન થતો હોવાથી તેનો પણ અંત આવવો જોઇએ, અને અતએવ મોક્ષ શાશ્વત ઘટી શકે નહિ.

આના સમાધાનમાં ધ્યાન આપવા જેવું છે કે-મોક્ષ કોઇ ઉત્પન્ન થનારી વસ્તુ નથી. માત્ર કર્મથી અલગ થવું એજ આત્માનો મોક્ષ છે. આથી આત્મામાં કોઇ નવીન વસ્તુનો ઉત્પાદ થતો નથી કે જેથી તેનો અંત આવવાની કલ્પના ઉભી થઇ શકે. જેમ વાદળાં ખસી જવાથી જળહળતો સૂર્ય પ્રકાશમાન થાય છે, તેમ કર્મનાં આવરણો ખસી જવાથી આત્માના સકળ ગુણો પ્રકાશમાન થાય છે. બીજા શબ્દોમાં, સકલગુણયુક્ત આત્મા પ્રકાશમાન થાય છે. એનું નામ જ મોક્ષ છે. કહો, આમાં શું ઉત્પન્ન થયું ?

સર્વથા નિર્મલ થયેલ આત્માને પુનઃ કર્મનો સંબંધ

થતો નથી, અને એથી એનું સંસારમાં પુનરવતરણ હોય જ નહિ. જેવી રીતે—

" दग्धे बीजे यथाऽत्यन्तं प्रादुर्भवति नाङ्कुरः ।
कर्मबीजे तथा दग्धे न रोहति भवाङ्कुरः " ॥

—બીજ અત્યન્ત બળી જવા પછી અંકુરો ઉત્પન્ન થતો નથી, તેવી રીતે કર્મરૂપી બીજ સર્વથા બળી ગયા પછી સંસારરૂપી અંકુરો ઉત્પન્ન થતો નથી.

સંસારનો સંબન્ધ, કર્મસંબન્ધને આધીન છે અને કર્મનો સંબન્ધ રાગદ્વેષની ચિકાસને આધીન છે. જેઓ અત્યંત નિર્મલ થયા છે–સર્વથા નિર્લેપ થયા છે, તેઓને રાગ-દ્વેષાદિની ચિકાસ હોય જ શાની ? અને અતએવ કર્મસંબન્ધ હોવાની કલ્પના પણ શી ? અને એથી જ સંસારમાં ફરી ઘસડાવાની વાત જ શી ?

સર્વ કર્મોનો ક્ષય હોઇ શકે છે.

આ સ્થળે એક એવો પ્રશ્ન ઉભો થાય છે કે–આત્માની સાથે કર્મનો સંયોગ જ્યારે અનાદિ છે, તો અનાદિ કર્મનો નાશ કેમ થવો જોઇએ ? કારણ કે અનાદિ વસ્તુનો નાશ થતો નથી, એમ તર્કવાદનો નિયમ છે, અને વિશ્વમાં પણ એમ અનુભવાય છે. આ પ્રશ્નના સમાધાનમાં એ ધ્યાનમાં રાખવું જોઇએ કે આત્માની સાથે નવાં નવાં કર્મો બંધાતાં જાય છે અને જૂનાં જૂનાં ખરી પડે છે. આવી સ્થિતિમાં કોઇ પણ અમુક કર્મ–વ્યક્તિ આત્માની સાથે અનાદિ સંયુક્ત નથી,

કિન્તુ જૂદા જૂદા કર્મના સંયોગનો પ્રવાહ અનાદિકાલથી[1] વહેતો આવે છે, એ સહજ સમજી શકાય છે. યાદ રાખવું જોઇએ કે આત્મા અને આકાશના સંયોગની જેમ જે સંયોગ અનાદિ હોય છે, તે અનાદિ સંયોગનો નાશ કદાપિ હોઇ શકે નહિ. પરન્તુ એ સિવાયના બાકીના સંયોગ તો આખરે તૂટી જાય છે. આત્માની સાથે દરેક કર્મવ્યક્તિનો સંયોગ આદિમાન્ છે; અતએવ કોઇ કર્મવ્યક્તિ, આત્માની સાથે સ્થાયી સંયુક્ત રહેતી નથી, તેઃ પછી શુકલધ્યાનના પ્રતાપે સર્વકર્મોનો સમૂલ ક્ષય થવો એમાં અઘટિત શું છે ?

એ સિવાય, સંસારના મનુષ્યો તરફ દૃષ્ટિ કરતાં સ્પષ્ટ જણાઇ આવે છે કે–કોઇ માણુસને રાગ–દ્વેષ અધિક પ્રમાણમાં હોય છે, જ્યારે કેટલાકોના રાગ–દ્વેષ ઓછા પ્રમાણમાં દેખવામાં આવે છે. આવી રીતની રાગ–દ્વેષની વધઘટ, હેતુ વગર ઘટી શકે નહિ, એ સહજ સમજી શકાય છે, અને એથી માની શકાય છે કે વધઘટવાળી ચીજ, જે હેતુથી ઘટતી હોય, તે હેતુની પૂરી સામગ્રી મળ્યેથી તેનો નાશ થાય છે. જેમકે, પોષ મહીનાની પ્રબલ ટાઢ બાલસૂર્યના મંદ મંદ તાપથી ઘટતી ઘટતી વધુ તાપ પડયેથી બિલકુલ ઉડી જાય છે. ત્યારે વધઘટવાળા રાગ–દ્વેષ દોષો જે કારણથી ઓછા થાય છે, તે કારણ, સંપૂર્ણરૂપમાં યદિ સિદ્ધ થાય, તો તે સમૂલ નષ્ટ થાય, એમાં શું વાંધા જેવું છે ? રાગ–દ્વેષ શુભ ભાવનાઓથી ઘટે છે અને

---

૧ જ્યાં જ્યાં કર્મને અનાદિ કહેવામાં આવ્યું છે, ત્યાં ત્યાં જૂદા જૂદા કર્મના સંયોગનો પ્રવાહ અનાદિ સમજવો.

એજ શુભ ભાવનાઓ જ્યારે વધારે મજબૂત થાય છે, અને ધ્યાન-અવસ્થામાં આત્મા નિશ્ચલ બનીને પરમ સમાધિ પર જ્યારે પહોંચે છે, ત્યારે રાગ-દ્વેષનો સંપૂર્ણ ક્ષય થાય છે. આમ, કર્મોનો ક્ષય થઈ નિરાવરણ દશા આત્માને પ્રાપ્ત થવી એમાં વાંધા જેવું કશું નથી. રાગ-દ્વેષ ઉડીજતાંજ કેવલજ્ઞાન-નો પ્રાદુર્ભાવ થાય છે, કેમકે રાગ-દ્વેષનો ક્ષય થતાંજ જ્ઞાના-વરણ, દર્શનાવરણ અને અંતરાય એ ત્રણે કર્મોનો ક્ષય થઈ જાય છે. આખો સંસારરૂપ મહેલ માત્ર બે જ થાંભલા ઉપર ટકી રહ્યો છે, અને તે રાગ તથા દ્વેષ છે. મોહનીય કર્મનું સર્વસ્વ રાગ અને દ્વેષ છે. તાલ વૃક્ષના શિર ઉપર સોય ભોંકી દેવાથી જેમ આખું તાલ વૃક્ષ સુકાઇ જાય છે, તે પ્રમાણે સર્વ કર્મોનું મૂળ જે રાગ-દ્વેષ, તેના ઉપર પ્રહાર કરવાથી-તેનો ઉચ્છેદ કરવાથી આખું કર્મવૃક્ષ સુકાઇ જાય છે-નાશ પામી જાય છે.

કેવલજ્ઞાનની સિદ્ધિ.

રાગ-દ્વેષના ક્ષયથી પ્રાદુર્ભૂત થતા કેવલજ્ઞાનના સંબન્ધ-માં ઘણાઓને શંકા રહ્યા કરે છે કે "એવું તે જ્ઞાન કોઇને હોતું હશે ખરૂં કે જે અખંડ બ્રહ્માંડના-સકલ લોકાલોકના ત્રણે કાલના તમામ પદાર્થો ઉપર પ્રકાશ પાડે ?" પરંતુ એમાં કશું શંકા કરવા જેવું નથી. જ્ઞાનની માત્રા મનુષ્યોમાં એક-બીજા કરતાં અધિકાધિક દેખવામાં આવે છે. આ શું સૂચવે છે ? એજ કે જે આવરણ થોડું-ઘણું ખસવાથી જ્ઞાન, અધિક-અધિક પ્રકાશમાં આવે છે, તે આવરણ, અગર બિલકુલ ખસી જાય,

તો સંપૂર્ણ જ્ઞાનનો પ્રકાશ થાય. આ હકીકતને એક દૃષ્ટાન્તથી જોઇએ. નાની–મોટી વસ્તુઓમાં જે પહોળાઇ, એક બીજાથી ઘણી–ઘણી જોવામાં આવે છે, તે પહોળાઇ વધતી વધતી આકાશમાં વિશ્રાન્તિ લે છે, અર્થાત્ વધતી જતી પહોળાઇનો અન્ત આકાશમાં આવે છે. આકાશથી આગળ પહોળાઇનો પ્રકર્ષ નથી. સંપૂર્ણ પહોળાઇ આકાશમાં આવી ગઇ છે. આ દૃષ્ટાન્ત પ્રમાણે જ્ઞાનની માત્રા પણ વધતી વધતી કોઇ પુરૂષ-વિશેષમાં વિશ્રામ લીધેલી હોવી જોઇએ, એમ ન્યાયથી સિદ્ધ થાય છે. જ્ઞાનના વધતા જતા પ્રકર્ષનો જેની અંદર અંત આવે છે, જેનાથી આગળ જ્ઞાનની માત્રાને વધવાનું અટકી ગયું છે, એવો–સમ્પૂર્ણ જ્ઞાનની વિશ્રાન્તિને મેળવનાર જે પુરૂષ છે, તેજ સર્વજ્ઞ છે, સર્વદર્શી છે. અને એનું જે જ્ઞાન તે કેવલજ્ઞાન છે.

ઇશ્વર જગતનો કર્તા નથી.

જૈનધર્મનો એક સિદ્ધાન્ત વિચારશીલ વિદ્વાનોનું વધારે ધ્યાન ખેંચે એવો છે. તે એ છે કે–ઇશ્વર જગતનો ઉત્પાદક નથી. જૈનશાસ્ત્રો એમ જણાવે છે કે–કર્મસત્તાથી ફરતા સંસાર-ચક્રમાં નિર્લેપ, પરમ વીતરાગ અને પરમ કૃતાર્થ એવા ઈશ્વરનું કર્તૃત્વ કેમ બની શકે ? દરેક પ્રાણીનાં સુખ–દુઃખો તેની કર્મ-સત્તા ઉપર આધાર રાખે છે. વીતરાગ ઈશ્વર, ન કોઇના ઉપર પ્રસન્ન થાય છે, કે ન કોઇના ઉપર રુષ્ટ બને છે. પ્રસન્ન થવું કે રુષ્ટ થવું એ વીતરાગ–સ્થિતિએ પહોંચેલાને ન ઘટે.

ઇશ્વરપૂજનની જરૂર.

'ઇશ્વર જગત્કર્ત્તા નથી' એ સિદ્ધાન્તને અંગે, ઇશ્વર-

ને પૂજવાથી શો લાભ ? અર્થાત્ ઇશ્વર જ્યારે વીતરાગ છે-તુષ્ટ કે રુષ્ટ થતો નથી, તો પછી તેનું પૂજન શું ઉપયોગી ? એવો પ્રશ્ન ઉભો થતો જોવામાં આવે છે. પરંતુ જૈનશાસ્ત્રકારોનું કહેવું એવું છે કે-ઇશ્વરની ઉપાસના ઇશ્વરને પ્રસન્ન કરવા વાસ્તે નથી, કિન્તુ પોતાના હૃદયની શુદ્ધિ કરવા વાસ્તે છે. સર્વ દુઃખોના ઉત્પાદક રાગ-દ્વેષને દૂર કરવા રાગદ્વેષરહિત પરમાત્માનું અવલંબન લેવું પરમ આવશ્યક છે. મોહવાસનાઓથી ભરેલો આત્મા સ્ફટિકના જેવો છે. જેમ સ્ફટિકની પાસે જેવા રંગનું ફૂલ હોય. તેવો રંગ સ્ફટિક પોતામાં ખેંચી લે છે, એવી રીતે જેવા રાગ-દ્વેષના સંયોગો આત્માને મળે છે, તેવા પ્રકારની અસર આત્મામાં જલદી ઉત્પન્ન થાય છે. આ માટે સારા પવિત્ર સંયોગો મેળવવાની ખાસ આવશ્યકતા દરેક કલ્યાણાભિલાષી સમજી શકે છે. વીતરાગ દેવનું સ્વરૂપ પરમ શાંતિમય છે રાગદ્વેષનો રંગ કે તેની અસર તેના સ્વરૂપમાં બિલકુલ હોતી નથી. અતઃ તેનું અવલંબન લેવાથી, તેનું ધ્યાન કરવાથી આત્મામાં વીતરાગધર્મનો સંચાર થાય છે, અને એ રસ્તે ક્રમશઃ વીતરાગ થઇ શકાય છે. સહુ કોઇ સમજી શકે છે કે એક રૂપવતી રમણીને વિચિત્ર દૃષ્ટિએ જોવાથી કામની ઉત્પત્તિ થાય છે, પુત્રને જોવાથી કે મિત્રને મળવાથી સ્નેહની જાગૃતિ થાય છે અને એક પ્રસન્નાત્મા મુનિનું દર્શન કરવાથી હૃદયમાં શાન્તિનો આલ્હાદ અનુભવાય છે. સજ્જનની સંગતથી સારા અને દુર્જનની સંગતથી ખરાબ થવાય છે. 'સોબત તેવી અસર' વીતરાગ

દેવની સોબત-તેનું દર્શન, સ્તવન, પૂજન કે સ્મરણુ કરવું એ છે. એથી આત્મામાં એવી અસર ઉત્પન્ન થાય છે કે રાગ-દ્વેષની વૃત્તિઓ સ્વતઃ ઓછી થવા પામે છે. આ ઇશ્વરપૂજનનું મુખ્ય ફળ છે.

પૂજ્ય પરમાત્મા પૂજકના તરફથી કાંઇ આકાંક્ષા રાખતા નથી. પૂજ્ય પરમાત્માને પૂજકના તરફથી કોઇ ઉપ-કાર થતો નથી. પૂજ્ય પરમાત્માને પૂજકની પાસેથી કંઇ જોઇતું નથી. પરન્તુ પૂજક પોતાના આત્માના ઉપકાર અર્થે પૂજ્યની પૂજા કરે છે અને પરમાત્માના આલંબનથી-તે તરફની એકાગ્ર ભાવનાના બલથી પૂજક પોતાનું ફળ મેળવી શકે છે.

અગ્નિની પાસે જનાર મનુષ્ય, જેમ, ટાઢ ઉડવાનું ફળ સ્વતઃ મેળવે છે, પરન્તુ અગ્નિ કોઇને તે ફળ લેવા ઓલાવતી નથી, તેમજ તે પ્રસન્ન થઇને કોઇને તે ફળ દેતી નથી, એ પ્રમાણે વીતરાગ પરમેશ્વરની ઉપાસના કરવાથી રાગાદિ દોષરૂપ ટાઢ સ્વતઃ પલાયન કરી જાય છે અને ચૈતન્યવિકાસનું મહત્ ફળ મેળવાય છે. આવી રીતની ફલપ્રાપ્તિમાં ઇશ્વરને પ્રસન્ન થયાનું માનવું એ જૈનશાસ્ત્રને સમ્મત નથી.

વેશ્યાનો સંગ કરનાર મનુષ્ય દુર્ગતિનો ભાજન થાય છે, એ ખરી વાત છે. પણુ એ દુર્ગતિ આપનાર કોણુ ? એ વિચારવા જેવું છે. વેશ્યાને દુર્ગતિ આપનાર માનવું એ ભ્રાન્તિ છે, કારણુ કે એક તો વેશ્યાને દુર્ગતિની ખબર નથી, અને એ સિવાય કોઈ, કોઇને દુર્ગતિએ લઇ જવા સમર્થ નથી. ત્યારે દુર્ગતિએ લઇ જનાર માત્ર હૃદયની મલિનતા સિવાય

બીજું કોઇ નથી, એ બેધડક ગળામાં ઉતરે એવી હકીકત છે. આ ઉપરથી એ સિદ્ધાન્ત સ્થિર થઇ શકે છે કે-સુખ-દુઃખનાં કારણભૂત જે કર્મ છે, તેનો આધાર હૃદયની વૃત્તિઓ ઉપર છે, અને એ વૃત્તિઓને શુભ બનાવવાનું અને તે દ્વારા સુખ મેળવવાનું સર્વશ્રેષ્ઠ સાધન ભગવદ્-ઉપાસના છે. એની ઉપાસનાથી વૃત્તિઓ શુભ થાય છે અને છેવટે સર્વ વૃત્તિઓનો નિરોધ થવાથી અતીન્દ્રિય પરમાનન્દ પ્રાપ્ત કરી શકાય છે.

દ્વિતીય ખંડ.

મોક્ષ-માર્ગ.

નવ તત્ત્વોનું ટૂંક વર્ણન પૂરૂં થયું. આમાં મુખ્ય તત્ત્વો જીવ અને અજીવ બેજ છે. આસ્રવ અને બન્ધ એ જીવાજીવનું અવસ્થાન્તર છે. સંવર અને નિર્જરા એ આત્માની ઉજ્જવળ દશા છે. મોક્ષ આત્માનું પૂર્ણ શુદ્ધ સ્વરૂપ છે. એટલે એ આસ્રવાદિ પાંચે તત્ત્વો યથાસંભવ જીવ-અજીવના અવસ્થાવિશેષ છે. પુણ્ય-પાપ આત્મસમ્બદ્ધ કર્મપુદ્ગલો છે. પુણ્યપાપનો બન્ધમાં અંતર્ભાવ કરીએ તો સાત તત્ત્વો ગણાય. જેમ નવ તત્ત્વોની પરમ્પરા છે, તેમ સાત તત્ત્વોની [1]પણ પરમ્પરા છે. આસ્રવ અને બન્ધ સંસારનાં કારણ અને સંવર તથા નિર્જરા મોક્ષનાં કારણ. મોક્ષાર્થીને આત્મવિકાસના માર્ગે આ નવ વસ્તુઓનું જ્ઞાન અત્યન્ત ઉપયોગી છે, એટલા માટે તેમને 'તત્ત્વ' નામ આપ્યું છે.

નવ તત્ત્વોના પ્રકરણ ઉપરથી આત્મા, પુણ્ય-પાપ, પરલોક, મોક્ષ અને ઈશ્વર સમ્બન્ધી જૈન વિચારોનું દિગ્દર્શન થઇ જાય છે. આસ્તિકોનું આસ્તિકપણું આત્મા, પરમાત્મા, કર્મ અને પુનર્જન્મની સ્વીકૃતિ ઉપર આધાર રાખે છે.

---

૧ શ્રીઉમાસ્વાતિવાચકરચિત તત્ત્વાર્થસૂત્રમાં સાત તત્ત્વોનો નિર્દેશ છે.

કેવળ પ્રત્યક્ષ પ્રમાણુ માનવાથી તત્ત્વજ્ઞાનનો માર્ગ મેળવી શકાતો નથી અને આત્મજીવન બહુ ખરાબીમાં મૂકાય છે. કેવળ પ્રત્યક્ષપ્રમાણુવાદીને પણુ ધૂમના દર્શનથી અગ્નિ હોવાનું અનુમાન સ્વીકારવું પડે છે. નહિ દેખવા માત્રથી વસ્તુનો અભાવ માનવો એ ન્યાયસંગત કહી શકાય નહિ. ઘણી વસ્તુઓ હૈયાત છતાં દૃષ્ટિગોચરમાં આવતી નથી, એથી એનો અભાવ સિદ્ધ થઇ શકે નહિ. આકાશમાં ઉડેલું પક્ષી એટલું ઉંચે ગયું કે તે નજરથી દેખી શકાતું નથી, એથી કરી તે પક્ષીનો અભાવ સિદ્ધ થાય નહિ. આપણા પૂર્વજો આપણાથી દેખાતા નથી, એથી, એઓ ન્હોતા, એમ કહેવાની કોઇ હિમ્મત કરી શકે નહિ. દૂધમાં ભળી ગયેલું પાણી જોઇ શકાતું નથી, એથી એનો અભાવ માની શકાય નહિ. સૂર્યના અજવાળામાં તારા દેખાતા નથી, એથી એઓનું નાસ્તિત્વ કહી શકાય નહિ. આ ઉપરથી સમજી શકાય છે કે, સંસારમાં જેમ ઇન્દ્રિયગોચર પદાર્થો છે, તેમ ઇન્દ્રિયાતીત (અતીન્દ્રિય) પદાર્થો પણુ અસ્તિત્વ ધરાવે છે. પોતાનું જ અનુભવેલું માનવું અને બીજાના અનુભવેલા વિષયો માનવા જ નહિ, એ વાત વ્યાજબી નથી. લંડન, પેરિસ અને ન્યુયોર્ક જેવાં શહેરો જેણે દેખ્યાં નથી, એવો મનુષ્ય, તે શહેરોના વૈભવનો અનુભવ કરી આવેલા અન્ય કોઇ પ્રામાણિક મનુષ્યથી વર્ણવાતા તે વૈભવને સ્વીકારવા યદિ તત્પર ન થાય અને તેને–પોતાથી અપ્રત્યક્ષ હોવાના કારણે–અસત્ય ઠરાવવા તૈયાર થાય, તો એ જેમ અણુઘટતું છે, તેવી રીતે, આપણા–સાધારણુ મનુષ્યો–કરતાં અનુભવ–જ્ઞાનમાં આગળ વધેલા મહાપુરૂષોના સિદ્ધાન્તોને

' નથી દેખાતા ' એટલા જ માત્ર હેતુથી તરછોડી નાંખવા એ પણ અયુક્ત છે. આ ઉપરથી એ સાર નિકળે છે કે પુણ્ય-પાપની પ્રત્યક્ષ કળાતી લીલાઓને ધ્યાનમાં લઇ, સંસારની નિઃસારતા અને વિષમતા સમજી, આત્મા ઉપર લાગેલ મળને દૂર કરવા, આત્મશક્તિનો પૂર્ણ પ્રકાશ સિદ્ધ કરવા કલ્યાણસંપન્ન માર્ગે આત્માને જોડવો જોઇએ. ધીરે ધીરે પણ માર્ગ ઉપર—ખરા માર્ગ ઉપર ગતિ કરતો પ્રાણી સીદાતો નથી અને ક્રમશઃ આગળ વધતો જાય છે; છેવટે સાધ્યને પહોંચી વળે છે. સાધ્યને લક્ષમાં નહિ લીધેલા ધનુર્ધરની બાણ ફેંકવાની ચેષ્ટા જેમ નિષ્ફલ જાય છે, તેવી રીતે સાધ્યને સ્થિર કર્યા વગર કરાતી કોઇ પણ ક્રિયા ફળીભૂત થતી નથી, એ ધ્યાનમાં રાખવું જોઇએ છે. મોક્ષ એ ખરૂં સાધ્ય સાધુ કે ગૃહસ્થ દરેકે પોતાની દૃષ્ટિબિન્દુ ઉપર સ્થાપિત કરવું જોઇએ. એ સાધ્યને સિદ્ધ કરી આપનાર માર્ગની શોધ કરવી જોઇએ. દુરાગ્રહનો ત્યાગ કરી, ગુણાનુરાગી બની શાસ્ત્રોનો ગર્ભ તપાસવો જોઇએ. શુદ્ધ જિજ્ઞાસાબુદ્ધિએ અને આત્મકલ્યાણની તીવ્ર ઉત્કંઠથી અવલોકાતાં શાસ્ત્રોમાંથી મોક્ષ મેળવવાનો નિષ્કલંક માર્ગ જાણી શકાય છે. જાણ્યા પછી ક્રિયામાં મૂકવાની જરૂર છે. ક્રિયા વગરનું જ્ઞાન ફલસાધક થઇ શકતું નથી, એ વાત દરેક સમજી શકે છે. પાણીમાં તરવાની ક્રિયા જાણવા છતાં પણ તે ક્રિયા કરવામાં ન આવે, તો પાણીમાં તરી શકાતું નથી. માટે જ શાસ્ત્રકારો ' **सम्यग्ज्ञानक्रियाभ्यां मोक्षः** " એ સૂત્રથી સમ્યગ્ (યથાર્થ) જ્ઞાન અને સમ્યક્ ક્રિયા એ બંનેના યોગે મોક્ષ મેળવી શકવાનું પ્રરૂપે છે.

સમ્યગ્ જ્ઞાન.

આત્મતત્ત્વની ઓળખાણ કરવી એ **સમ્યગ્ જ્ઞાન** (Right knowledge) છે. આત્માની સાથે સંબન્ધ ધરાવતાં જડ (કર્મ) દ્રવ્યોનું સ્વરૂપ જાણ્યા વગર આત્મતત્ત્વનો યથાર્થ બોધ થઇ શકતો નથી. આત્મતત્ત્વના જ્ઞાન વગર સંસારની તમામ વિદ્વત્તા નિરર્થક છે. સંસારની કલેશજાળ માત્ર આત્માની અજ્ઞાનતા ઉપર આધાર રાખે છે. તે અજ્ઞાનતાને દૂર કરવાનું સાધન આત્મસ્વરૂપના જ્ઞાન સિવાય બીજું શું હોઇ શકે ! યથાબુદ્ધિ, યથાશક્તિ આત્મસ્વરૂપનો પરિચય કરવો, એ આત્મકલ્યાણનું પ્રથમ પગથિયું છે.

સમ્યક્ ચારિત્ર.

તત્ત્વસ્વરૂપ જાણ્યાનું ફળ, પાપકર્મથી હઠવું એ છે. એ જ **સમ્યક્ ચારિત્ર** (Right conduct) છે. પોતાના જીવનને પાપના સંયોગથી દૂર રાખી નિર્મળ બનાવવું એ 'સમ્યક્ ચારિત્ર' શબ્દનો ખરો અર્થ છે. એ સંબન્ધમાં શાસ્ત્રવર્ણિત વિશેષ નિયમો, ધારા-ધોરણો અમલમાં મૂકવાં આવશ્યક છે. સામાન્યતઃ ચારિત્ર બે વિભાગમાં વ્હેંચાય છે—સાધુઓનું ચારિત્ર અને ગૃહસ્થોનું ચારિત્ર સાધુઓના ચારિત્રને ' સાધુ-ધર્મ ' અને ગૃહસ્થોના ચારિત્રને 'ગૃહસ્થધર્મ' કહેવામાં આવે છે,

જૈનશાસ્ત્રકારોએ સાધુધર્મ અને ગૃહસ્થધર્મને માટે બહુ વિવેચન કર્યું છે.

સાધુ ધર્મ.

' साध्नाति स्वपरहितकार्याणि, इति साधुः "

અર્થાત્ સ્વહિત અને પરહિતનાં કાર્યો જે સાધે, તે સાધુ છે. સંસારના કંચન—કામિન્યાદિ ભોગો છોડી, સકળ ઘર—કુટુંબ-પરિવાર સાથેના સંબન્ધ ઉપર જલાંજલિ આપી આત્મકલ્યાણની ઉચ્ચ કોટી ઉપર આરૂઢ થવાની પરમ પવિત્ર આકાંક્ષાએ જે અસંગવ્રત ગ્રહણ કરાય છે, તે સાધુધર્મ છે. રાગદ્વેષની વૃત્તિઓને દબાવવી, એ જ સાધુના વ્યાપારનો મુખ્ય વિષય હોય છે. પ્રાણાતિપાતવિરમણ, મૃષાવાદવિરમણ, [1]અદત્તાદાન-વિરમણ, મૈથુનવિરમણ અને પરિગ્રહવિરમણ એ સાધુઓનાં પાંચ મહાવ્રતો છે. [2]મનોગુપ્ત, [3]વચનગુપ્ત અને [4]કાયગુપ્ત થવું, એ સાધુજીવનનું અટલ લક્ષણ છે. સાધુધર્મ એ વિશ્વ-બંધુત્વનું વ્રત છે. જેનું ફળ—જન્મ, જરા, મૃત્યુ, આધિ, વ્યાધિ, ઉપાધિ વગેરે સર્વ દુઃખોથી રહિત અને પરમ આનન્દ-સ્વરૂપ એવો મોક્ષ છે એ સાધુધર્મ કેવો ઉજ્જવલ અને કેવો વિકટ હોવો જોઇએ, એ સહજ સમજી શકય છે. આવો મુનિધર્મ—સંસારના સ્વરૂપનું યથાર્થ ભાન થયું હોય, તેના ઉપરથી તાત્વિક વૈરાગ્યનો પ્રાદુર્ભાવ થયો હોય અને મોક્ષ-અવસ્થામાં પોતાને મૂકવાની મહતી ઉત્કંઠા જાગી હોય—ત્યારે જ સિદ્ધ કરી શકાય છે.

સાધુધર્મના જેઓ અધિકારી નથી, તેઓ ગૃહસ્થધર્મનું પાલન કરવાથી પોતાના જીવનને કૃતાર્થ કરી શકે છે. ગૃહસ્થ-ધર્મ પર આરૂઢ થવા પહેલાં અમુક ગુણોનો અભ્યાસ

---

૧ નહિ આપેલી વસ્તુ ન લેવી. ૨, ૩, ૪, મન, વચન અને શરીરની ચંચળતા ઉપર અંકુશ રાખનાર.

પાડવાનું શાસ્ત્રકારો બતાવે છે. પૈસો કમાવવામાં હમેશાં નીતિનું પાલન કરવું અને કોઇ પણ સ્થળે–કોઇ પણ કાર્યમાં અન્યાય ન કરવો, એ ગુણ સહુથી પહેલાં–ગૃહસ્થધર્મને લાયક થવામાં–જરૂરનો છે. એ સિવાય, સંત પુરૂષોનો સંગ, તત્ત્વશ્રવણની ઉત્કંઠા અને ઇન્દ્રિયોની ઉચ્છૃંખલતા ઉપર અંકુશબળ એ વગેરે ગુણો સાંપડતાં ગૃહસ્થધર્મ ઉપર આરોહણ કરાય છે.

ગૃહસ્થધર્મ.

ગૃહસ્થધર્મનું બીજું નામ–જૈનશાસ્ત્રોમાં–શ્રાવકધર્મ બતાવ્યું છે. ગૃહસ્થધર્મને પાળનારા પુરૂષો, 'શ્રાવક' અને સ્ત્રિઓ, 'શ્રાવિકા' કહેવાય છે. ગૃહસ્થધર્મમાં બાર વ્રતો પાળવાની વ્યાખ્યા આવે છે. સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ, સ્થૂલ મૃષાવાદવિરમણ, સ્થૂલ અદત્તાદાનવિરમણ, સ્થૂલ મૈથુનવિરમણ, પરિગ્રહપરિમાણ, દિગ્વ્રત, ભોગોપભોગપરિમાણ, અનર્થદંડ-વિરતિ, સામાયિક, દેશાવકાશિક, પોષધ અને અતિથિસંવિભાગ એ બાર વ્રત છે.

સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ. કોઇ સૂક્ષ્મ જીવ પણ મારાથી મરે નહિ, એવું વિકટ વ્રત ગૃહસ્થોથી ન પાળી શકાય, એ દેખીતું છે. માટે એઓના અધિકાર પ્રમાણે સ્થૂલ એટલે મ્હોટી હિંસા નહિ કરવાનું વ્રત બતાવવામાં આવ્યું છે. ત્રસ અને સ્થાવર એ બે પ્રકારના જીવો અગાઉ બતાવવામાં આવ્યા છે. તેમાં સ્થાવર (પૃથિવ્યાદિ) જીવોની હિંસાથી સર્વથા બચવાનું અસંભવ હોવાથી ત્રસ (હાલે–ચાલે એવા બેઇન્દ્રિય આદિ) જીવોની હિંસા ન કરવાનું વ્રત ગૃહસ્થોએ સ્વીકારવાનું છે. આની અંદર બે અપવાદ છે. એક તો અપ-

-રાધી–ગુનેહગારને માફી બક્ષવાનું ન બની શકતું હોય, ત્યારે આ વ્રતનું બન્ધન નથી, એ અને ઘર, દૂકાન, ખેતર વગેરેના આરંભ–સમારંભમાં ત્રસ જીવોની હિંસાનો સુતરાં સંભવ રહે છે, તે.

આ ઉપરથી " નિરપરાધી ત્રસ જીવોને સંકલ્પથી (બુદ્ધિપૂર્વક–જાણી જોઇને) ન હણવા " એ પ્રથમ વ્રતનો નિષ્કર્ષ છે[1].

આ વ્રતમાં સ્થાવર જીવોની હિંસાનો અટકાવ નહિ હોવા છતાં પણ બનતાં સુધી તેની વ્યર્થ હિંસા ન થાય, એ તરફ બહુ ખ્યાલ રાખવાનો છે. એ સિવાય અપરાધીના સંબંધ-માં પણ વિચારદૃષ્ટિ રાખવાની છે. વળી સાપ–વિંછીના કરડવાથી તેને અપરાધી સમજવો અને તેને મારવાની ચેષ્ટા કરવી એ ઘણું ગેરવ્યાજબી છે. હૃદયમાં દયાની લાગણી પૂરી રહેવી જોઇએ અને સર્વત્ર વિવેકદૃષ્ટિથી લાભ–અલાભના વિચારપૂર્વક ઉચિત પ્રવૃત્તિ કરવી જોઇએ, એજ ગૃહસ્થજીવન-નો શૃંગાર છે.

સ્થૂલ મૃષાવાદવિરમણ. સૂક્ષ્મ પણ અસત્ય નહિ બોલવાની ટેક નહિ રાખી શકનાર ગૃહસ્થો માટે સ્થૂલ (મ્હોટાં) અસત્યોનો ત્યાગ કરવો એ બીજું વ્રત છે. વર–કન્યાદિના

---

१ " पङ्गुकुष्ठिकुणित्वादि दृष्ट्वा हिंसाफलं सुधीः।
निरागस्त्रसजन्तूनां हिंसां सङ्कल्पतस्त्यजेत् " ॥
—આચાર્ય હેમચંદ્ર, યોગશાસ્ત્ર.

સંબંધમાં, જાનવરના સંબંધમાં, ઘર–મકાન–ખેતરના સંબંધ–માં અને એવાંજ મોટાં અસત્યો નહિ બોલવાનું તેમજ પારકી થાપણ નહિ ઓળવવાનું, ખોટી સાક્ષી નહિ પૂરવાનું અને ખોટા લેખ નહિ કરવાનું આ વ્રત છે.[1]

સ્થૂલ અદત્તાદાનવિરમણ. સર્વથા સૂક્ષ્મ પણ ચોરી નહિ કરવાનો નિયમ નહિ પાળી શકનાર ગૃહસ્થો માટે સ્થૂલ ચોરીનો ત્યાગ આ વ્રતમાં આવે છે. ચોરી લેવાની બુદ્ધિ-એ બીજાની ચીજ ઉઠાવાય તે ચોરી છે. તેનો આ વ્રતમાં ત્યાગ છે. ખાતર પાડવું, તાળું તોડી લઇ જવું, ગાંઠ કાપવી, દાણચોરી કરવી, ઓછું દેવુ–વધારે લેવું, તેમજ રાજા દંડે અને પ્રજાની દૃષ્ટિએ અપમાનપાત્ર થવાય એવી કોઇ ચોરી નહિકરવાનું આ વ્રત છે કોઇનું રસ્તામાં પડી ગયેલું દ્રવ્ય ઉઠાવી લેવું, કોઇના દાટેલા ધનને ઉપાડી લેવું, કોઇની થાપણ-ને ગટ કરી જવું એ બધાનો આ વ્રતમાં સારી પેઠે ત્યાગ કરાય છે.[2] દેખાવમાં સાધારણ ચોરી હોય, પણ એથી માણસ અપ્રામાણિક બની જનનિન્દ્ય બને છે. એથી પોતાના વ્રતની હાંસી કરાવે છે. અને બીજાઓની ધર્મશ્રદ્ધા મોળી પડવામાં

---

१ " कन्यागोभूम्यलीकानि न्यासापहरणं तथा ।
कूटसाक्ष्यं च पञ्चेति स्थूलासत्यान्यकीर्तयन् "॥
—હેમચંદ્ર, યોગશાસ્ત્ર.

२ " पतितं विस्मृतं नष्टं स्थितं स्थापितमाहितम् ।
अदत्तं नाददीत स्वं परकीयं क्वचित् सुधीः "॥
— હેમચંદ્ર, યોગશાસ્ત્ર.

પોતે કારણભૂત બને છે. એ વાત આ વ્રતના ધારકે ખાસ લક્ષ પર રાખવાની છે.

સ્થૂલ મૈથુનવિરમણ. પરસ્રીનો ત્યાગ કરવો એ આ વ્રતનો અર્થ છે. વેશ્યા, વિધવા અને કુમારીની સંગતનો ત્યાગ આ વ્રતમાં આવી જાય છે.[1]

પરિગ્રહપરિમાણ. ઇચ્છા અપરિમિત છે. તેને નિયમમાં રાખવી એ આ વ્રતનો અર્થ છે. ધન, ધાન્ય, સોનું, રૂપું, ઘર, ખેતર, પશુ વગેરે તમામ મિલકતનો પોતાની ઇચ્છા પ્રમાણે નિયમ કરવો. નિયમથી વધારે કમાણી થાય તો તે ધર્મના ક્ષેત્રમાં ખર્ચવી. ઇચ્છાનું પરિમાણ નહિ કરવાથી લોભનું દબાણ વધુ થાય છે અને એથી વિશેષ આરંભ–સમારંભ અને કષાયોમાં તણાવાથી આત્માની અધોગતિ થાય છે. એ માટે આ વ્રતની આવશ્યકતા છે.[2]

દિગ્વ્રત. ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ વગેરે દિશાઓ તરફ જવા–આવવાનો નિયમ કરવો એ આ વ્રતનો અર્થ છે. લોભવૃત્તિઓ પર અંકુશ રાખવા અને તેટલે અંશે હિંસાદિ પાપોમાંથી બચી જવા સારૂ આ વ્રત યોજવામાં આવ્યું છે.

---

૧ " षण्ढत्वमिन्द्रियच्छेदं वीक्ष्याऽब्रह्मफलं सुधीः ।
भवेत् स्वदारसन्तुष्टोऽन्यदारान् वा विवर्जयेत्"॥
—હેમચંદ્ર, યોગશાસ્ત્ર.

૨ " असन्तोषमविश्वासमारम्भं दुःखकारणम् ।
मत्वा मूर्च्छाफलं कुर्यात् परिग्रहनियन्त्रणम् "॥
—હેમચંદ્ર, યોગશાસ્ત્ર.

ભોગોપભોગપરિમાણુ. એકવાર ભોગમાં આવતા પદાર્થો ભોગ કહેવાય છે. જેવા કે–અનાજ, પાણી વગેરે. વારંવાર ઉપભોગમાં આવનાર વસ્ત્ર વગેરે પદાર્થો ઉપભોગ કહેવાય છે. આનું પરિમાણ કરવું–ઇચ્છાનુસાર નિરન્તર નિયમ કરવો એ આ વ્રતનો અર્થ છે. આ વ્રતથી તૃષ્ણા–લોલુપતા ઉપર કેવું દબાણ થાય છે, એ આ વ્રતનો અનુભવ કરવાથી માલૂમ પડી શકે છે. એ સિવાય મદ્ય, માંસ વગેરે અભક્ષ્ય ચીજો નહિ ખાવાનું આ વ્રતમાં આવી જાય છે. શાંતિના માર્ગમાં આગળ વધવાની લાલસાના પરિણામે આવો ત્યાગમાર્ગ ગ્રહણ કરાય છે, એ માટે વિશેષ પાપમય વેપારો પણ આ વ્રતમા વર્જી દેવાય છે.

અનર્થદંડવિરમણ. વગર પ્રયોજને દંડાવું–પાપથી બંધાવું એ અનર્થદંડ છે. તેથી હઠવુ એ આ વ્રતનો અર્થ છે.

ફોગટ ખરાબ ધ્યાન ન કરવુ, વ્યર્થ પાપનો ઉપદેશ ન આપવો અને નિરર્થક બીજાને હિંસક ઉપકરણો ન દેવાં[1] એ આ વ્રતનું પાલન છે. એ સિવાય ખેલ–તમાશા જોવા, ગપ્પાં–સપ્પાં મારવાં, ઠઠ્ઠા–મશ્કરીની મોજ ઉડાવવી એ વગેરે પ્રમાદાચરણ પણ આ વ્રતમાં યથાશક્તિ છોડવું જોઇએ છે.

સામાયિક વ્રત. રાગદ્વેષરહિત–શાન્તસ્થિતિમાં બે ઘડી અર્થાત્ ૪૮ મિનિટ સુધી એક આસને રહેવું એનું નામ

---

[1] જ્યાં દાક્ષિણ્યનો વિષય હોય, ત્યાં ગૃહસ્થને ખેતર વગેરેને લગતાં કાર્યોમાં પાપનો ઉપદેશ અને હિંસક ઉપકરણો આપવાનો આ વ્રતમાં પ્રતિબંધ નથી.

'સામાયિક' છે. તેટલા વખતમાં આત્મતત્ત્વની વિચારણા, પોતાની જીવનદશાનું પર્યાલોચન, વૈરાગ્યશાસ્ત્રોનું પરિશીલન અથવા પરમાત્માનું ધ્યાન કરવાનું છે.

દેશાવકાશિક વ્રત. છઠ્ઠા વ્રતમાં ગ્રહણ કરેલા દિશાના લાંબા નિયમનો એક દિવસ અથવા અમુક ટાઇમ સુધી સંક્ષેપ કરવો, એવી જ રીતે બીજાં વ્રતોમાં રહેલી છૂટનો સંક્ષેપ કરવો એ આ વ્રતનો અર્થ છે.

પોષધ વ્રત. ધર્મને પોષણ કરનાર હોવાથી 'પોષધ' કહેવાય છે. ઉપવાસ આદિ તપ કરી ચાર કે આઠ પહોર પર્યન્ત સાધુની પેઠે ધર્મક્રિયામાં આરૂઢ રહેવું એ પોષધ વ્રત છે. સર્વ સંસારી ભાજગડથી છૂટા બસી સાધુધર્મની વાનગીનો રસાસ્વાદ ચાખવા માટે આ પોષધવ્રત છે. આમાં સંપૂર્ણ બ્રહ્મચર્ય પૂર્વક યથાવિધિ ધર્મક્રિયા તથા શુભચિન્તન અથવા શાસ્ત્રવાંચન કરવામા આવે છે.

અતિથિસંવિભાગ. આત્માની મહાન્ ઉન્નતિ મેળવવા જેઓએ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કીધો છે, એવા મુમુક્ષુ-અતિથિ-મુનિ-મહાત્માઓને અન્ન, પાણી, વસ્ત્ર વગેરે, જે તેઓના સંયમ-માર્ગમાં બાધા ન નાંખે, કિન્તુ એઓના ચારિત્રને ઉપકાર કરનાર થાય, એવી ચીજોનું દાન કરવું અને રહેવાને સ્થાન આપવું એ આ વ્રતનો અર્થ છે. સાધુ-સંત સિવાય બીજા ગુણી જનોની અને દીન-દુખિયાઓની પણ યથાયોગ્ય પ્રતિપત્તિ કર્ત્તવ્ય છે.

આ બાર વ્રતોમાં શરૂઆતનાં પાંચ વ્રતો 'અણુવ્રત'

કહેવાય છે. અર્થાત્ સાધુનાં મહાવ્રતોની આગળ તે વ્રતો 'અણુ' એટલે નાનાં છે. ત્યાર પછીનાં ત્રણ 'ગુણવ્રત' કહેવાય છે, કારણ કે એ ત્રણ વ્રતો અણુવ્રતોને ગુણ એટલે ઉપકાર કરનારાં છે, અર્થાત્ પુષ્ટિ આપનારાં છે. ત્યાર પછીનાં ચાર, 'શિક્ષાવ્રત' કહેવાય છે. શિક્ષાવ્રત શબ્દનો અર્થ પ્રતિદિવસ અભ્યાસ કરવાનાં વ્રત.

બારે વ્રતો ગ્રહણ કરવાનું સામર્થ્ય ન હોય તો શક્તિ અનુસાર લેવાં હોય તેટલાં વ્રત લઇ શકાય છે. આ વ્રતોનું મૂળ 'સમ્યક્ત્વ' છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ ધર્મસિદ્ધિના મૂલાધાર તરીકે ગણાયલી છે.

સમ્યક્ત્વ

સમ્યક્ત્વ શબ્દનો સામાન્ય અર્થ, સમ્યક્‌પણું સારાપણું અર્થાત નિર્મલપણું થાય છે; પરન્તુ એનો શાસ્ત્રોક્ત વિશેષ અર્થ સમજવાની જરૂર છે.

"**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**[1]" અર્થાત યથાર્થ સ્વરૂપે જીવાજીવાદિ તત્ત્વો પર પ્રતીતિ થવી એનું નામ સમ્યગ્-દર્શન છે. સમ્યગ્દર્શન એ સમ્યક્ત્વનું નામાન્તર છે. ગૃહસ્થોને માટે સમ્યક્ત્વનું વિશેષ લક્ષણ પણ બતાવવામાં આવ્યું છે કે—

---

૧ 'તત્ત્વાર્થાધિગમ' સૂત્રનું પ્રારંભનું બીજું સૂત્ર.

" या देवे देवताबुद्धिर्गुरौ च गुरुतामतिः ।
धर्मे च धर्मधीः शुद्धा सम्यक्त्वमिदमुच्यते[1] " ॥

અર્થાત—દેવની અંદર દેવબુદ્ધિ, ગુરૂમાં ગુરૂબુદ્ધિ અને ધર્મ ઉપર ધર્મબુદ્ધિ–શુદ્ધ પ્રકારની હોવી–એ સમ્યકત્વ છે. અહીં દેવ–ગુરૂ–ધર્મ તત્ત્વો લગાર યાદ કરી જઇએ.

દેવતત્ત્વ.

દેવ કહો કે ઇશ્વર કહો, એક જ વાત છે. ઇશ્વરનું લક્ષણ પહેલાં બતાવી દીધું છે. છતાં વિશેષ પ્રકારે,

" सर्वज्ञो जितरागादिदोषस्त्रैलोक्यपूजितः ।
यथास्थितार्थवादी च देवोऽर्हन् परमेश्वरः "[2] ॥

આ શ્લોકથી સ્પષ્ટ થાય છે કે—

સર્વજ્ઞ રાગ–દ્વેષ આદિ સમગ્ર દોષોથી નિર્મુક્ત, ત્રણ લોકથી પૂજિત અને યથાસ્થિત ઉપદેષ્ટા એને 'પરમેશ્વર' અથવા 'દેવ' કહેવામાં આવે છે.

ગુરૂતત્ત્વ.

" महाव्रतधरा धीरा भैक्षमात्रोपजीविनः ।
सामायिकस्था धर्मोपदेशका गुरवो मताः "[3] ॥

૧–૨ યોગશાસ્ત્ર, હેમચન્દ્રાચાર્ય.
૩ યોગશાસ્ત્ર, હેમચન્દ્રાચાર્ય.

અહિંસા આદિ પાંચ[1] મહાવ્રતોને ધારણ કરનારા, ધૈર્ય ગુણથી વિભૂષિત, ભિક્ષા–માધુકરી વૃત્તિ વડે જીવન ચલાવનારા, સમભાવમાં રહેનારા અને ધર્મનો યથાર્થ ઉપદેશ કરનારા ' ગુરૂઓ ' કહેવાય છે.

ધર્મની વ્યાખ્યા.

" पञ्चैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम् ।
अहिंसा सत्यमस्तेय त्यागो मैथुनवर्जनम् " ॥

અર્થાત્–સર્વ ધર્મવાળાઓને અહિંસા, સત્ય, ચોરીનો ત્યાગ, સન્તોષવૃત્તિ અને બ્રહ્મચર્ય એ પાંચ બાબતો પવિત્ર છે–સર્વમાન્ય છે. ધર્મ શબ્દનો અર્થ—

" दुर्गतिप्रपतत्प्राणिधारणाद् धर्म उच्यते "

એ વાક્યથી સર્વત્ર પ્રસિદ્ધ છે કે–પ્રાણિઓને દુર્ગતિમાં પડતાં અટકાવે તે ધર્મ.

ખરી રીતે ધર્મ એ આત્માનો સ્વાનુભવગમ્ય ઉજ્જ્વળ ગુણ છે. ક્લિષ્ટ કર્મના સંસ્કારો દૂર થવાથી રાગ–દ્વેષની વૃત્તિઓ નરમ પડતા જે અન્તઃકરણની શુદ્ધિ થાય છે, તે જ અસલ ' ધર્મ ' છે. અને તે ધર્મને સંપાદન કરવા જે દાનપુણ્યાદિ ક્રિયાઓ કરવામાં આવે છે, તે પણ ધર્મનાં સાધન હોવાથી 'ધર્મ' કહેવાય છે.

---

૧ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ.
૨ હરિભદ્રસૂરિ, અષ્ટક.

દર્શનમોહનું આવરણ શિથિલ યા ક્ષીણ થતાં 'સમ્યગ્-દર્શન' પ્રગટે છે. એના પ્રાદુર્ભાવની સાથેજ જ્ઞાનમાં સમ્યક્ત્વ આવી જાય છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું સંપૂર્ણ સાહચર્ય છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવલજ્ઞાન એ જ્ઞાનના પાંચ ભેદો છે. મનયુક્ત ઇન્દ્રિયોદ્વારા જે જ્ઞાન થાય છે તે મતિજ્ઞાન છે. આંખથી જોવાય છે, જીભથી ચખાય છે, નાકથી સુંઘાય છે, કાનથી સંભળાય છે અને ચામડીથી અડાય છે તે બધા મતિજ્ઞાન છે. મનનું ચિન્તન પણ મતિજ્ઞાન છે. શબ્દદ્વારા કે સંકેતદ્વારા જે જ્ઞાન થાય છે તે શ્રુતજ્ઞાન છે. આ બન્ને ઇન્દ્રિયાધીન હોઇ વાસ્તવમા પરોક્ષ છે. છતાં ઇન્દ્રિયો દ્વારા થનારા રૂપાદિવિષયજ્ઞાનો વ્યવહારદૃષ્ટિએ પ્રત્યક્ષ ગણાય છે.

અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન સ્પષ્ટ પ્રત્યક્ષ છે. કેમકે તેઓ ઇન્દ્રિયનિરપેક્ષ હોઇ, કેવલ આત્મશક્તિસંભૂત છે. અવધિજ્ઞાનની અવધિ એક જાતની નથી, અસંખ્ય પ્રકારની છે. અવધિજ્ઞાન, પોતાની અવધિમાંના રૂપી પદાર્થો આવરણથી આવૃત હોય, દૂર હોય, છતા સ્પષ્ટપણે તેનો સાક્ષાત્કાર કરે છે. 'લોકાવધિજ્ઞાન' લોકના તમામ રૂપી પદાર્થોનો સાક્ષાત્કાર કરે છે. મનઃપર્યાયજ્ઞાન બીજાઓનાં મનને સ્પષ્ટ પ્રત્યક્ષ કરે છે. બીજો માણસ શું ચિન્તવી રહ્યો છે તે મનઃપર્યાયજ્ઞાન આગળ પ્રકાશિત થઇ જાય છે. કેવલજ્ઞાન તે. સંપૂર્ણ જ્ઞાન છે. સકલ લોકાલોકના ત્રણે કાલના તમામ દ્રવ્ય–પર્યાયોને એકી સાથે સંપૂર્ણપણે ક્ષણે ક્ષણે પ્રત્યક્ષ કરનારું છે.

" सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्ष–मार्गः" એ ઉમાસ્વાતિ મહારાજનો[1] પ્રથમ સૂત્રપાત દર્શાવે છે કે, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે. એ માર્ગનો અભ્યાસ વધતાં વધતાં જ્યારે પરાકાષ્ઠા પર પહોંચે છે ત્યારે આત્મા ઉપરનાં તમામ આવરણો ભેદાઇ જાય છે અને તેજ ક્ષણે આત્માને કેવલજ્ઞાન પ્રગટે છે. કેવલજ્ઞાનની પ્રાપ્તિ એટલે જીવનમુક્તિ. એની સાધનપ્રણાલી સમજવા સારૂ આત્માનો ક્રમિક વિકાસ સમજવો જોઇએ. એ ગુણસ્થાનનો વિષય હોઇ હવે તે તરફ જરા દૃષ્ટિ કરીએ.

ગુણશ્રેણી અથવા ગુણસ્થાન.

જૈનશાસ્ત્રમાં ચૌદ શ્રેણિઓ બતાવી છે. આ શ્રેણિઓ ગુણસ્થાનની છે. ગુણસ્થાન એટલે ગુણની અવસ્થા, ગુણનો વિકાસ. આત્માના ગુણોનો વિકાસ યથાયોગ ક્રમશઃ ચૌદ શ્રેણિઓમાં થાય છે.

પહેલી શ્રેણી (પંક્તિ) ના જીવો કરતાં બીજી–ત્રીજી શ્રેણીના જીવો આત્મગુણના સંપાદનમા આગળ વધેલા હોય છે. અને તે કરતાં ચોથી શ્રેણીના જીવો વધુ ઉન્નતિ ઉપર હોય છે. આ પ્રમાણે ઉત્તરોત્તર શ્રેણીના જીવો-યથાસંભવ-પૂર્વ પૂર્વ શ્રેણીના જીવોથી અધિક ઉન્નતિ ઉપર પહોંચેલા હોય છે.

---

૧ તત્ત્વાર્થસૂત્રમાં.

યાવત્ ચૌદમી શ્રેણીમાં આવેલાઓ પરમ નિર્મલ–પરમ કૃતાર્થ હોય છે અને તત્કાલ મુક્તિમાં આરૂઢ થઇ જાય છે. બધા પ્રાણિઓ પહેલાં તો પ્રથમ શ્રેણીમાં વર્ત્તનારા હોય છે, પણ એમાંથી જેઓ, આત્મબલ ફોરવી આગળ વધવાનો પ્રયાસ કરે છે, તેઓ, ઉત્તરોત્તર શ્રેણિઓમાં યોગ્ય ક્રમથી પસાર થતા અન્તતઃ ચૌદમી શ્રેણીમાં આવી પહોંચે છે. મન્દપ્રયત્નવાળા-ઓને વચલી કેટલીક શ્રેણિઓમાં વધારે રોકાવું પડે છે, જેથી તેરમી-ચૌદમી શ્રેણીએ પહોંચતાં તેઓને ઘણો વિલંબ લાગે છે. કેટલાક પ્રબલ પુરૂષાર્થ ફોરવનારા તીવ્ર વેગથી કામ લેતા, વચલી શ્રેણિઓની મુલાકાત લેવામાં વધુ વખત ન લગાડતાં ફોરન તેરમી–ચૌદમી શ્રેણી ઉપર આવી પહોંચે છે.

આ વિષય, સૂક્ષ્મ હોવા છતાં, સમજવામાં ધ્યાન અપાય તો મજાનો લાગે એવો છે. આ આત્માની ઉત્ક્રાન્તિની વિવેચના છે. મોક્ષમહેલ ઉપર પહોંચવાને ચૌદ પગથિઆની આ નીસરણી છે. પહેલા પગથિઆથી સર્વ જીવો ચઢવા માંડે છે અને કોઇ હળવે, તો કોઇ ઉતાવળથી ચઢતાં ચૌદમે પગથિએ પહોંચી તત્કાળ મોક્ષ–મહેલમાં પ્રવેશ કરે છે. કેટલાક ચઢતાં ચઢતાં ભાન નહિ રાખવાથી નીચે ગબડી પડે છે અને પહેલે પગથિએ જઇ પડે છે. અગ્યારમા પગથિઆ સુધી પહોંચેલાઓને પણ મોહનો ફટકો લાગવાથી એકદમ નીચે પડવાનું થાય છે. એટલાજ માટે શાસ્ત્રોમાં એ વાતની વારંવાર ઉદ્‌ઘોષણા કરવામાં આવી છે કે ચઢતાં ચઢતાં જગારે પ્રમાદ કે ગફલત ન થવી

[1]જોઇએ. બારમે પગથિએ પહોંચ્યા પછી પડવાનો કોઇ જાતનો ભય રહેતો નથી. આઠમે–નવમે પગથિએ મોહનો ક્ષય શરૂ થયા પછી પડવાનો ભય તદ્દન ટળી જાય છે.

આ વિષયને લગાર ટૂંકમાં કહી જઇએ. પ્રથમ ચૌદ ગુણશ્રેણિઓનાં નામ—

મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન, મિશ્ર, અવિરતસમ્યગ્દૃષ્ટિ, દેશ-વિરતિ, પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિ, સૂક્ષ્મસંપ-રાય, ઉપશાન્તમોહ, ક્ષીણમોહ, સયોગકેવલી, અયોગી કેવલી.

મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન. સર્વ જીવો પહેલાં તો એકદમ અધોગતિના નીચે પાટલે હોય છે, એ સહુ સમજી શકે છે. અતએવ પહેલી શ્રેણીમા વસતા જીવો મિથ્યાદૃષ્ટિવાળા હોય છે. મિથ્યાદૃષ્ટિ એટલે અજ્ઞાનદૃષ્ટિ. આ પહેલા પગથિઆ ઉપરથી આગળ વધાય છે. આ સર્વાધમ પ્રથમ શ્રેણી અથવા પ્રથમ પગથિયું શો એવો ગુણ ધરાવે છે કે જેથી તેને પણ ' ગુણશ્રેણી ' અથવા ' ગુણસ્થાન ' શબ્દ ઘટી શકે ? એવો સહજ પ્રશ્ન અહીં ઉભો થઈ શકે છે. આના સમાધાનમાં એમ સમજવું કે, દરેક જીવો–સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને એકદમ નીચેની હદના જીવોમાં પણ કિંચિત્ ચૈતન્યમાત્રા તો અવશ્ય પ્રકટ હોય છે. એ અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિને ' ગુણસ્થાન ' કહ્યું છે.

---

૧ જૈન ' ઉત્તરાધ્યયન ' સૂત્રમાં દશમા અધ્યયનમાં ભગવાન્ મહાવીરે ગૌતમને સંબોધીને ' ગોયમ ! મ કર પ્રમાદ ' એવા અર્થના શબ્દોથી ભૂરિ ભૂરિ ઉપદેશ કર્યો છે.

[1]**સાસાદન ગુણસ્થાન**—સમ્યગ્દર્શનથી પડતી અવસ્થાનું નામ છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી પણ ક્રોધાદિ પરમતીવ્ર કષાયોનો ઉદય થતાં સમ્યક્ત્વથી પડવાનો વખત આવે છે. આ ગુણસ્થાન, પડતી અવસ્થારૂપ હોવા છતાં પણ તેની પૂર્વે સમ્યગ્દર્શનરૂપ અમૃતનું પાન થઇ ગયેલું હોવાથી આ ગુણસ્થાનવાળાને સંસારભ્રમણની હદ બંધાઇ ગઇ હોય છે.

મિશ્રગુણસ્થાન—આત્માના એવા વિચિત્ર અધ્યવસાયનું નામ છે કે એ ગુણસ્થાનવાળો સત્યમાર્ગ અને અસત્ય માર્ગ એ બંને ઉપર શ્રદ્ધાનો ભાવ ધરાવે છે અથવા જે દેશમાં ફક્ત નાળિએરનોજ ખોરાક હોય, અને એથી તે દેશના લોકોને જેમ, અન્ન ઉપર રાગ કે દ્વેષ ન થાય, તેમ આ ગુણસ્થાનવાળાને પણ સત્ય માર્ગ ઉપર રૂચિ કે વૈમનસ્યનો પરિણામ હોતો નથી. ખોળ અને ગોળ સરખો માનવામાં જેવી મોહમિશ્રવૃત્તિ રહેલી છે, તેવા પ્રકારની મોહમિશ્રવૃત્તિ આ ગુણસ્થાનમાં સંભવે છે. પરન્તુ દ્વિતીય ગુણસ્થાનની પેઠે આ ગુણસ્થાનની પૂર્વે પણ સમ્યક્ત્વરૂપ અમૃતનું પાન થઇ ગયેલું હોવાથી, આ ગુણસ્થાનવાળાને પણ ભવભ્રમણના કાળનો છેડો બંધાઇ ગયેલો હોય છે.

અવિરતિસમ્યગ્દૃષ્ટિ. વિરતિ એટલે વ્રત, તે વિનાનું સમ્યક્ત્વ એ 'અવિરતિસમ્યગ્દૃષ્ટિ' શબ્દનો અર્થ છે. માત્ર સમ્યક્ત્વનો લગાર સ્પર્શ થઇ જાય, તો ભવભ્રમણના કાળનો

---

૧ 'આસાદન' એટલે પરમતીવ્ર ક્રોધાદિ કષાયો, તે કષાયોથી યુક્ત, એ 'સાસાદન' કહેવાય.

છેડો નિયમિત થઇ જાય છે. આના જ પ્રભાવથી પૂર્વ બે ગુણ-સ્થાનવાળાઓના ભવભ્રમણનો કાળ નિયમિત થઇ ગયેલો હોય છે. આત્માના એક પ્રકારના શુદ્ધ ભાવ–વિકાસને સમ્યક્ત્વ, સમ્યગ્દર્શન અથવા સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. આ સ્થિતિમાં તત્ત્વવિષયક સંશય કે ભ્રમને અવકાશ મળતો નથી. મોક્ષ મેળવવાની લાયકાત આ સમ્યક્ત્વથી જ મેળવાય છે. આના વગર ગમે તેટલું કષ્ટાનુષ્ઠાન પણ મુક્તિના માર્ગને મેળવી આપતું નથી. મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કે—

" सम्यग्दर्शनसम्पन्नः कर्मणा नहि बध्यते ।
दर्शनेन विहीनस्तु संसार प्रतिपद्यते " ॥ ७४ ॥

(અધ્યાય છઠ્ઠો.)

—સમ્યગ્દર્શનસમ્પન્ન પ્રાણી કર્મથી બંધાતો નથી, જ્યારે સમ્યગ્દર્શનરહિત પ્રાણી સંસારમાં રઝળ્યા કરે છે.

દેશવિરતિ. સમ્યક્ત્વસહિત, ગૃહસ્થનાં વ્રતો પાલન કરવાં એ ' દેશવિરતિ ' છે. સર્વથા નહિ, કિન્તુ અમુક અંશે પાપકર્મથી હઠવું એ ' દેશ–વિરતિ ' શબ્દનો અર્થ છે.

પ્રમત્તગુણસ્થાન. સાધુનાં મહાવ્રતોને ધારણ કરનાર, પણ પ્રમાદના બંધનથી પૂર્ણ મુક્ત નહિ થયેલ, એવા મુનિ મહાત્માઓનું આ છઠ્ઠું ગુણસ્થાન છે.

અપ્રમત્તગુણસ્થાન. પ્રમાદના બંધનથી મુક્ત થયેલ મહામુનિવરોનું આ સાતમું ગુણસ્થાન છે.

અપૂર્વકરણ[1]. મોહનીય કર્મને ઉપશમ યા ક્ષય કરવાનો અપૂર્વ (પહેલાં નહિ પ્રાપ્ત થયેલો) અધ્યવસાય આ ગુણસ્થાનમાં પ્રાપ્ત થાય છે.

અનિવૃત્તિગુણસ્થાન. અહીં પૂર્વ ગુણસ્થાનના કરતાં એવો અધિક ઉજ્જ્વલ આત્મપરિણામ હોય છે, કે જે વડે મોહનો ઉપશમ યા ક્ષય થવા માંડે છે.

સૂક્ષ્મસંપરાય[2]. ઉક્ત ગુણસ્થાનમાં મોહનીય કર્મનો ઉપશમ યા ક્ષય થતે થતે, જ્યારે બધું મોહનીય કર્મ ઉપશાન્ત યા ક્ષીણ થઇ જાય છે. માત્ર એક લોભનો સૂક્ષ્મ અંશ અવશિષ્ટ રહે છે, ત્યારે આ ગુણસ્થાન પ્રાપ્ત થયું કહેવાય છે.

ઉપશાન્તમોહ. પૂર્વ ગુણસ્થાનોમાં મોહનો ઉપશમ જ કરવો જેણે પ્રારંભ્યો છે, તેને સંપૂર્ણ મોહ ઉપશાન્ત થયે આ ગુણસ્થાન પ્રાપ્ત થયું કહેવાય છે.

ક્ષીણમોહ. પૂર્વ ગુણસ્થાનોમાં મોહનીય કર્મનો ક્ષય જ જેણે પ્રારંભ્યો છે, તેને સંપૂર્ણ મોહ ક્ષીણ થયે આ ગુણસ્થાન પ્રાપ્ત થયું કહેવાય છે.

અહીં ઉપશમ અને ક્ષયમાં ફરક સમજવાનો છે. સામાન્ય રીતે એમ સમજુતી અપાય કે, આગ પર પાણી નાંખી તેને હોલવી નાંખવી એ 'ક્ષય' અને રાખ નાંખી તેને ઢાંકી દેવી એ 'ઉપશમ'. મોહનો સર્વથા ઉપશમ થયો હોય, છતાં પુનઃ મોહનો

---

૧ 'કરણ' એટલે અધ્યવસાય–આત્મપરિણામ.

૨ 'સંપરાય' એટલે કષાય. પણ પ્રકૃતમાં લોભ લેવો.

પ્રાદુર્ભાવ થયા વગર રહેતો નથી. જેમ, પાણીના વાસણમાં પાણીની રજ બધી તળીયે બેસી જાય છે, ત્યારે તે પાણી સ્વચ્છ દેખાય છે, તેમ મોહનાં રજકણો–મોહનો તમામ પુંજ આત્માના પ્રદેશોમાં જ્યારે સ્થિર થઇ જાય છે, ત્યારે આત્માના પ્રદેશો સ્વચ્છ જેવા બને છે. પરંતુ આ સ્વચ્છતા કેટલા વખતની ? પેલા પાણીની નીચે બેસી ગયેલાં રજકણો, થોડીવારમાં પાણીને કિંચિતમાત્ર ક્રિયાની અસર લાગવાથી જેમ તમામ પાણીમાં પસરી જાય છે તેમ, ઉપશાન્ત થયેલ મોહપુંજ થોડીવારમાં પુનઃ ઉદયમાં પ્રાપ્ત થાય છે; અને તેથી કરી, જેવી રીતે ગુણશ્રેણિઓમાં ચઢવાનું થયું હતું, તેવી રીતે પડવાનું થાય છે. આ ઉપરથી જોઇ શકાય છે કે–મોહનો સર્વથા ક્ષય થવાથી જ કેવલજ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે. કારણ કે મોહનો (કોઈ પણ કર્મનો) સમૂલ ક્ષય થવા પછી તેનો પુનઃ ઉદ્ભવ થતો નથી.

કેવલજ્ઞાનના પ્રાદુર્ભાવ ના ગુણસ્થાન -

સયોગકેવલી ગુણસ્થાનની શરૂઆત થાય છે. આ ગુણસ્થાનના નામમાં જે ' સયોગ ' શબ્દ મૂક્યો છે, તેનો અર્થ ' યોગવાળો ' થાય છે. યોગ એટલે શરીર વગેરેના વ્યાપારો. કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ શરીરધારીને ગમનાગમનનો વ્યાપાર, બોલવાનો વ્યાપાર વગેરે વ્યાપારો રહ્યા હોવાથી તે શરીરધારી કેવલી સયોગ કહેવાય છે.

તે કેવલી પરમાત્માઓના આયુષ્યના અન્ત વખતે પરમ

શુક્લધ્યાનના પ્રભાવે તમામ વ્યાપારોનો નિરોધ થઇ જાય છે, ત્યારે તે અવસ્થાનું ગુણસ્થાન—

અયોગી કેવલી છે. અયોગી એટલે સર્વવ્યાપાર-રહિત—સર્વક્રિયારહિત.

ઉપર જોઈ ગયા તેમ, ગુણશ્રેણિઓમાં આગળ વધતો આત્મા કેવલજ્ઞાન મેળવી અને આયુષ્યના અન્તે અયોગી થઇ તત્કાલ મુક્તિ પામે છે. આ વિષય આધ્યાત્મિક છે એ પ્રસંગે અધ્યાત્મની ભૂમિકાનું કંઇક દિગ્દર્શન કરવું ઠીક ગણાશે.

અધ્યાત્મ.

સંસારની ગહનગતિ છે. જગતમાં સુખી જીવોના કરતાં દુઃખી જીવોનું ક્ષેત્ર મ્હોટું છે. આધિ—વ્યાધિ—શોક—સંતાપથી લોક પરિતપ્ત છે સુખનાં સાધનો હજાર પ્રકારનાં મોજૂદ રહેતે પણ મોહતાસનાં દર્દો મટી શકતાં નથી. આરોગ્ય, લક્ષ્મી. સુવનિતા અને સત્પુત્ર વગેરે મળવા છતાં પણ દુઃખનો સંયોગ ખસી શકતો નથી નિઃસન્દેહ. ભવચક્રનો પ્રવાસ મહાન્ વિષમ અને ગહન છે

સુખ—દુઃખનો તમામ આધાર મનોવૃત્તિઓ ઉપર છે. મહાન્ ધનાઢ્ય મનુષ્ય પણ લોભના ચક્કરમાં ફસાવાથી ભારે દુઃખી રહ્યા કરે છે, જ્યારે નિર્ધન મનુષ્ય પણ, સન્તોષવૃત્તિના

પ્રભાવે મન ઉપર ઉદ્વેગ નહિ રાખતો હોવાથી સુખી રહે છે. મહાત્મા ભર્તૃહરિનું સ્પષ્ટ કથન છે કે--

" मनसि च परितुष्टे कोऽर्थवान को दरिद्रः ! "

આ ઉપરથી જોઇ શકીએ છીએ કે મનોવૃત્તિઓનો વિલક્ષણ પ્રવાહ જ સુખ–દુઃખના પ્રવાહનું મૂળ છે.

એક જ વસ્તુ એકને સુખકારી હોય છે, જ્યારે બીજાને તે દુઃખ ઉપજાવનાર થાય છે. જે પદાર્થ એક વખત જેને રોચક લાગ્યો હોય છે, તે જ પદાર્થ બીજી વખતે તેને જ અરોચક થઇ પડે છે. આથી સમજી શકાય છે કે બાહ્ય પદાર્થો સુખ–દુઃખના સાધક નથી, કિન્તુ એ બધું મનોવૃત્તિઓના વિચિત્ર પ્રવાહ ઉપર આધાર રાખે છે.

રાગ, દ્વેષ અને મોહ એ મનની વૃત્તિઓના પરિણામો છે એ ત્રણે ઉપર આખું સંસાર–ચક્ર ફરે છે. એ [1]ત્રિદોષને દૂર કરવા અધ્યાત્મશાસ્ત્ર સિવાય અન્ય કોઇ વૈદ્યક ગ્રંથ નથી, પરંતુ એ વાતનો પોતાની જાતને અનુભવ થવો કે " હું એક પ્રકારે રોગી છું " એ બહુ કઠિન છે. જ્યાં સંસારના ભોગ–તરંગો મન ઉપર અફળાતા હોય, વિષયરૂપ વિજળીના ચમકારા હૃદયને આંજી નાંખતા હોય અને તૃષ્ણા–જળના ધોધમાં આત્મા બેભાન બની રહ્યો હોય, ત્યાં પોતાનો ગુપ્ત રોગ સમજવો એ ભારે કઠિન છે. આવી સ્થિતિના અનભિજ્ઞ

---

૧ રાગ, દ્વેષ અને મોહ એ ત્રણ દોષોને ' ત્રિદોષ ' સંજ્ઞા આપી છે.

જીવો એકદમ અધઃસ્થિત છે. તે સ્થિતિથી આગળ વધેલા જીવો, જેઓ પોતાને ત્રિદોષાક્રાન્ત સમજે છે, જેઓ પોતાને ત્રિદોષજન્ય ઉગ્ર તાપમાં સપડાયલા માને છે અને તે રોગના પ્રતીકારની શોધમાં ઉત્સુક છે, તેવાઓને માટે આધ્યાત્મિક ઉપદેશ ઉપયોગી છે.

'અધ્યાત્મ' શબ્દ 'અધિ' અને 'આત્મા' એ બે શબ્દોના સમાસ (Compound) થી બનેલો છે. આત્માના શુદ્ધ સ્વરૂપને લક્ષ્ય કરી તદનુસાર વર્ત્તન કરવું એ 'અધ્યાત્મ' શબ્દનો અર્થ છે. સંસારનાં મુખ્ય બે તત્ત્વો જડ અને ચેતન—જે, એકબીજાના સ્વરૂપને જાણ્યા સિવાય જાણી શકાતાં નથી—આ અધ્યાત્મના વિષયમાં પૂર્ણ રીતે ભાગ ભજવે છે.

'આત્મા શી વસ્તુ છે ?' 'આત્માને સુખ-દુઃખનો અનુભવ કેમ થાય છે ?' 'આત્મા પોતે જ સુખ-દુઃખના અનુભવનું કારણ છે, કે કોઇ અન્યના સંસર્ગથી આત્માને સુખ-દુઃખ અનુભવાય છે ?' 'કર્મનો સંસર્ગ આત્માને કેમ થઇ શકે ?' 'તે સંસર્ગ આદિમાન્ છે કે અનાદિ ?' 'અનાદિ હોય તો તે સંસર્ગનો ઉચ્છેદ કેવી રીતે થઇ શકે ?' 'કર્મનું સ્વરૂપ કેવા પ્રકારનું છે ?' 'કર્મના ભેદાનુભેદો કેવી રીતે છે ?' 'કર્મનો બંધ, ઉદય અને સત્તા કેવી રીતે નિયમબદ્ધ છે ?' આ બધી બાબતો અધ્યાત્મના વિષયમાં સારી પેઠે પથરાયલી હોય છે.

એ સિવાય, અધ્યાત્મના વિષયમાં મુખ્યતયા સંસારની નિસ્સારતા અને નિર્ગુણતાનો આબેહૂબ ચિતાર આપવામાં

આવે છે. જુદી જુદી રીતે ભાવનાઓ સમજાવી મોહ–મમતા ઉપર દબાણ કરવા તરફ અધ્યાત્મશાસ્ત્રનો પ્રધાન ઉપદેશ હોય છે.

દુરાગ્રહનો ત્યાગ, તત્ત્વશ્રવણની ઇચ્છા, સંતનો સમાગમ, સાધુ પુરૂષોની પ્રતિપત્તિ,તત્ત્વશ્રવણ,મનન,નિદિધ્યાસન,મિથ્યાદૃષ્ટિનો વિનાશ, સમ્યગ્દૃષ્ટિનો પ્રકાશ, ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયોનો સંહાર, ઇન્દ્રિયોનો સંયમ, મમતાનો પરિહાર, સમતાનો પ્રાદુર્ભાવ, મનોવૃત્તિઓનો નિગ્રહ, ચિત્તની નિશ્ચલતા, આત્મસ્વરૂપરમણતા, ધ્યાનનો પ્રવાહ, સમાધિનો આવિર્ભાવ, મોહાદિ કર્મોનો ક્ષય અને છેવટે કેવલજ્ઞાન તથા મોક્ષની પ્રાપ્તિ, એ રીતે મૂલથી લઈને ક્રમશઃ થતી આત્મોન્નતિ અધ્યાત્મશાસ્ત્રમાં વર્ણવવામાં આવે છે

'અધ્યાત્મ' કહો કે 'યોગ' કહો, એક જ વાત છે. 'યોગ' શબ્દ, 'જોડવું' એ અર્થવાળા 'युज्' ધાતુથી બનેલો છે. મુક્તિની સાથે જોડી આપનાર સાધનને 'યોગ' કહેવામાં આવે છે.

અનન્તજ્ઞાનસ્વરૂપ સચ્ચિદાનન્દમય આત્મા, કર્મના સંસર્ગથી શરીરરૂપ અંધારી કોટડીમાં સપડાયો છે. કર્મના સંસર્ગનું મૂળ અજ્ઞાનતા છે. આત્મસ્વરૂપનો અભ્યાસી એ અજ્ઞાનતાના પંજામાંથી છૂટી શકે છે. સકલ શાસ્ત્રો અને સકલ વિદ્યાઓ જાણવા છતાં પણ આત્મસ્વરૂપનું જ્ઞાન ન થયું હોય તો અજ્ઞાનદશા છે. આત્મજ્ઞાન વગરના મનુષ્યનું દરિયા જેટલું જ્ઞાન પણ પરમાર્થદૃષ્ટિએ નિરર્થક છે.

આત્માની અજ્ઞાનતાથી થતું દુઃખ આત્મજ્ઞાનથી જ ક્ષય કરી શકાય છે. કેમકે પ્રકાશ અને અંધકારની જેમ જ્ઞાન અને અજ્ઞાનનો વિરોધ છે. અને એથી અન્ધકારને હણવા જેમ પ્રકાશ જરૂરનો છે, તેમ અજ્ઞાનને હણવા જ્ઞાન જરૂરનું છે. જ્યાં સુધી આત્મા કષાયો, ઇન્દ્રિયો અને મનને વશીભૂત છે ત્યાં સુધી તે આત્મા જ પોતે સંસાર છે. અને જ્યારે ક્રોધાદિ કષાયોના ક્ષયદ્વારા ઇન્દ્રિયો અને મનને જીતી નિર્મોહ દશામાં પ્રાપ્ત થઇ પૂર્ણ વિકાસમાં આવે છે, ત્યારે તે જ આત્મા મોક્ષ કહેવાય છે.

ક્રોધનો નિગ્રહ ક્ષમાથી થાય છે, માનનો પરાજય મૃદુતાથી થાય છે. માયાનો સંહાર સરલતાથી થાય છે અને લોભનું નિકન્દન સંતોષથી થાય છે. આ કષાયોનો વિજય કરવા ઇન્દ્રિયોને સ્વાધીન કરવી જોઇએ ઇન્દ્રિયો ઉપર સત્તા જમાવવા મનની શુદ્ધિની આવશ્યકતા છે. સતક્રિયાના અભ્યાસથી અને વૈરાગ્યથી મનનો નિરોધ થઇ શકે છે.[1] મનનો નિરોધ કરવામાં રાગ–દ્વેષ ઉપર અંકુશ મૂકવો ખાસ અગત્યનો છે રાગ–દ્વેષ રૂપ મેલને દૂર કરવાનું કામ સમતારૂપ જળનું છે. સમતાગુણનો પ્રાદુર્ભાવ મમતાને અટકાવ્યા વગર કદી થતો નથી. મમતાને દૂર કરવા—

---

૧ असंशय महाबाहो ! मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन च कौन्तेय ! वैराग्येण च गृह्यते " ॥
—ભગવદ્ગીતા.

' अनित्यं संसारे भवति सकलं यन्नयनगम् '

—' સંસારમાં જે કાંઇ આંખથી દેખાય છે, તે બધું અનિત્ય છે ' એવી અનિત્ય ભાવના અને તે સિવાય બીજી ' અશરણુ ' વગેરે ભાવનાઓ ભાવવી જોઇએ. આ ભાવનાઓનો વેગ જેમ જેમ પ્રબલ થતો જાય છે, તેમ તેમ મમત્વરૂપ અન્ધકાર તે પ્રમાણમાં ક્ષીણુ થતો જાય છે, અને તે પ્રમાણમાં સમતાની જળહળતી જ્યોતિ બહાર આવે છે. ધ્યાનનો મુખ્ય પાયો આ સમતા છે. આ સમતાની પરાકાષ્ઠાના પરિણામે કોઈ એક વસ્તુ ઉપર ચિત્તની એકાગ્રતા સિદ્ધ થઇ શકે છે. ધ્યાનની શ્રેણીમાં આવ્યા પછી પણ સિદ્ધિ–લબ્ધિઓ પ્રાપ્ત થતાં જો ફરી મોહમાં ફસાવાનું થાય, તો અધઃપાત થવામાં વાર લાગે નહિ. એ માટે ધ્યાની પુરૂષને પણ સંપૂર્ણ મોહનો ક્ષય જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી પ્રતિક્ષણ સાવચેત રહેવાનું હોય છે.

ધ્યાનની ઉચ્ચ અવસ્થાને ' સમાધિ ' નામ આપ્યું છે. એ રસ્તે કર્મસમૂહનો ક્ષય થવાથી કેવલજ્ઞાન પ્રકટ થાય છે. કેવલજ્ઞાનવાળો આત્મા શરીરધારી છે ત્યાં સુધી જીવનમુક્ત કહેવાય છે. તે સાકાર પરમાત્મા છે. અને શરીરનો સંબન્ધ છૂટયેથી પરબ્રહ્મસ્વરૂપી થાય છે. તે નિરાકાર પરમાત્મા છે.

આત્મા, મૂઢદષ્ટિવાળો હોય, ત્યારે ' બહિરાત્મા, ' તત્ત્વદષ્ટિવાળો થાય, ત્યારે ' અન્તરાત્મા ' અને પૂર્ણોજ્જ્વળ–પૂર્ણપ્રકાશ બને, ત્યારે પરમાત્મા કહેવાય છે. બીજી રીતે, શરીર એ ' બહિરાત્મા, ' શરીરમાં રહેલો ચૈતન્યસ્વરૂપ જીવ એ ' અન્તરાત્મા ' અને એજ જીવ, અવિદ્યાથી મુક્ત–પરમ શુદ્ધ–સચ્ચિદાનન્દરૂપ બનેલો ' પરમાત્મા ' કહેવાય છે.

બહિરાત્મા, ભદ્રાત્મા, અન્તરાત્મા, સદાત્મા, મહાત્મા, યોગાત્મા, અને પરમાત્મા એ પ્રમાણે પણ આત્માની અવસ્થાનો ક્રમ બતાવી શકાય છે.

જૈનશાસ્ત્રકારો યોગની આઠ દૃષ્ટિઓનું વર્ણન આપે છે– મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાન્તા, પ્રભા અને પરા. આ દૃષ્ટિઓમાં આત્માની ઉન્નતિનો ક્રમ રહેલો છે. પ્રથમ દૃષ્ટિમાં એવો બોધ હોય છે કે જે બોધના પ્રકાશને તૃણના અગ્નિના ઉદ્દ્યોતની ઉપમા આપવામાં આવે છે, અને તે બોધને અનુસાર, તે દૃષ્ટિમાં સામાન્ય રીતે સદ્વર્તન હોય છે. આ સ્થિતિમાંથી જ્ઞાન અને વર્તનમાં જેમ જેમ ઉન્નત થવાય છે તેમ તેમ તે તે હદ પ્રમાણે આગળની દૃષ્ટિઓમાં પસાર થયાનું કહેવાય છે.

જ્ઞાન અને ક્રિયાની આ આઠ ભૂમિકાઓ છે. પૂર્વ પૂર્વ ભૂમિકા કરતાં ઉત્તર ઉત્તર ભૂમિકામાં જ્ઞાન અને ક્રિયાનો પ્રકર્ષ હોય છે. આઠ દૃષ્ટિઓમાં, યોગનાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ અંગો ક્રમશઃ સિદ્ધ કરવામાં આવે છે. એ રીતે આત્મોન્નતિનો વ્યાપાર કરતાં છેવટની દૃષ્ટિએ મહાન્ વિકાસ પ્રાપ્ત થતાં તમામ આવરણોનો ક્ષય થવાની સાથે કેવલજ્ઞાન મેળવાય છે. [1]

---

[1] આઠ દૃષ્ટિઓનો વિષય, હરિભદ્રસૂરિકૃત 'યોગદૃષ્ટિસમુચ્ચય' અને યશોવિજયજી ઉપાધ્યાયકૃત 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા' વગેરે ગ્રન્થોમાં છે. યોગનું વર્ણન 'હેમચન્દ્રાચાર્ય'કૃત 'યોગશાસ્ત્ર', શુભચન્દ્રાચાર્ય' કૃત 'જ્ઞાનાર્ણવ' વગેરે ગ્રન્થોમાં છે. પાતંજલ યોગની સાથે જૈનયોગની વિવેચના 'યશોવિજય ઉપાધ્યાયકૃત દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકામાં છે. આ બધા ગ્રન્થો છપાઇ બહાર પડેલા છે.

" योगश्चित्तवृत्तिनिरोधः " એ, મહાત્મા પતંજલિનો યોગના સંબન્ધમાં પ્રથમ સૂત્રપાત છે. ચિત્તવૃત્તિઓ ઉપર દબાણ રાખવું—અન્યત્ર જ્યાં ત્યાં ભટકતી ચિત્તની વૃત્તિઓને આત્માના સ્વરૂપમાં જોડી રાખવી એને યોગ કહેવામાં આવે છે. એ સિવાય આ હદ ઉપર આવવાના સાધનભૂત જે જે શુભ વ્યાપારો છે, તે પણ યોગના કારણ હોવાથી યોગ કહી શકાય છે.

મુક્તિના વિષયની સાથે સીધી રીતે સબન્ધ ધરાવનાર દુનિયામાં એક માત્ર અધ્યાત્મશાસ્ત્ર છે. મુક્તિનાં સાધનો સંપાદન કરવાનો રસ્તો બતાવવો અને વચમાં આવતી નડતરો તરફ સાવચેતી આપવી એજ અધ્યાત્મશાસ્ત્રનો પ્રતિપાદ્ય વિષય છે. પૂર્વનાં બંધાયલાં કર્મો ક્ષીણ કરવાં અને નવાં આવતાં કર્મોને અટકાવવાં એ બે જ માત્ર મોક્ષના ઉપાયો છે. એમાં પહેલા ઉપાયને 'નિર્જરા' અને બીજા ઉપાયને 'સંવર' નામ આપેલું પાછળ જોઇ ગયા છીએ. આ બન્ને ઉપાયોને સિદ્ધ કરવા સદ્વિચારણ, સદાચરણ, તપ, સંયમ, ભાવનાબળ તથા આધ્યાત્મિક તત્ત્વોનું પુનઃ પુનઃ પરિશીલન અને ખરાબ સંયોગોથી દૂર રહેવું—એજ અધ્યાત્મશાસ્ત્રવર્ણિત સાધન-પ્રણાલી છે.

આત્મામાં અનન્ત શક્તિઓ છે. અધ્યાત્મના માર્ગે તે શક્તિઓને ખીલવી શકાય છે. આવરણો દૂર થવાથી આત્માની જે શક્તિઓ પ્રકાશમાં આવે છે, તે વર્ણનમાં મૂકી શકાય તેમ નથી. આત્માની શક્તિ (Power) સ્હામે વિજ્ઞાન-

(Science) ના ચમત્કારો કાંઇ હિસાબમાં નથી. જડવાદ વિનાશી છે, જ્યારે આત્મવાદ તેથી ઉલટો છે. જડવાદથી પ્રાપ્ત થતી ઉન્નતિ અને જડ પદાર્થોના આવિષ્કારો એ બધું નશ્વર છે; પરન્તુ આત્મસ્વરૂપનો પ્રકાશ અને તેથી થતો મહાન્ અપૂર્વ આનન્દ એ અખંડ અને અક્ષય છે. નિસ્સન્દેહ, આધ્યાત્મિક જીવન એજ ઉચ્ચ કોટીનું જીવન છે.

જૈન-જૈનેતર દૃષ્ટિએ આત્મા.

અધ્યાત્મના વિષયમાં આત્માનું સ્વરૂપ જાણવું અગત્યનું છે. જૂદી જૂદી દૃષ્ટિએ આત્મસ્વરૂપનો વિચાર કરવાથી તે સંબન્ધી શંકાઓ ટળી જાય છે અને આત્માની સાચી ઓળખાણ થવાથી તેના ઉપર અધ્યાત્મનો પાયો માંડી શકાય છે. પરન્તુ આ વિષય અતિવિસ્તૃત છે. છતાં તે સંબન્ધી એકાદ બે બાબતો ઉપર ટૂંક અવલોકન કરી લઇએ—

પ્રથમતઃ કેટલાક દર્શનકારો[1] આત્માને શરીર માત્રમાં સ્થિત નહિ માનતાં વ્યાપક માને છે, અર્થાત્ પ્રત્યેક શરીરનો પ્રત્યેક આત્મા આખા જગતને વ્યાપ્ત કરી રહેલો છે, એમ એઓનો અભિપ્રાય છે. એ સિવાય એમ પણ એઓનું માનવું છે કે જ્ઞાન એ આત્માનું અસલ સ્વરૂપ નથી, કિન્તુ શરીર, ઇન્દ્રિય અને મનના સંબન્ધથી આગન્તુક-ઉત્પન્ન થનારો તે આત્માનો અવાસ્તવિક ધર્મ છે.

આ બન્ને સિદ્ધાન્તોમાં જૈનદર્શનકારો જૂદા પડે છે. પહેલી બાબતના સંબન્ધમાં એઓ પ્રત્યેક શરીરના જૂદા જૂદા

---

૧ નૈયાયિક, વૈશેષિક અને સાંખ્યદર્શનવાળા.

આત્માઓને માત્ર તે તે શરીરમાં જ વ્યાપી રહેલા માને છે. તેઓનો અભિપ્રાય એવો છે કે–જ્ઞાન, ઇચ્છા વગેરે ગુણો શરીરમાં જ અનુભવાતા હોવાથી તે ગુણોનો માલિક આત્મા પણ માત્ર શરીરમાં જ હોવો ઘટે છે.[1]

બીજી બાબતના સંબન્ધમાં—"જ્ઞાન એ આત્માનો વાસ્તવિક ધર્મ છે–આત્માનું અસલ સ્વરૂપ છે–આત્મા જ્ઞાનમય છે" એમ જૈનદર્શનની માન્યતા છે. અત એવ એ માન્યતા મુજબ શરીર, ઇંદ્રિય અને મનનો સંબન્ધ છૂટયા પછીની મુક્ત અવસ્થામાં પણ આત્માનું સાહજિક જ્ઞાન–સ્વરૂપ અવસ્થિત હોય છે. આત્મા જ્ઞાનમય હોવાથી મુક્ત અવસ્થામાં તેનું નિરાવરણ જ્ઞાન પૂર્ણરૂપે પ્રકાશે છે.[2] જ્યારે કેટલાક અન્યદર્શન-

---

૧ જે વસ્તુના ગુણો જ્યાં દેખાતા હોય, તે વસ્તુ ત્યાંજ હોવી જોઇએ. ઘટનું રૂપ જ્યાં દેખાતું હોય, ત્યાંજ ઘટ હોવાનું ઘટી શકે છે. જે ભૂમિભાગ ઉપર ઘટનું રૂપ દેખાતું હોય, તે ભૂમિભાગ સિવાય બીજી જગ્યાએ તે રૂપવાળો ઘટ હોવો કેમ બની શકે ?

આ જ વાતને હેમચન્દ્રાચાર્ય—

"यत्रैव यो दृष्टगुणः स तत्र, कुम्भादिवन्निष्प्रतिपक्षमेतत्"

એ શબ્દોથી કથે છે. આ ન્યાય પ્રમાણે આત્માના લાગણી, ઇચ્છા વગેરે ગુણો શરીરમાં જ અનુભવાતા હોવાથી તે ગુણોનો સ્વામી આત્મા પણ શરીરમાં જ–શરીરથી બહાર નહિ–રહેલો સિદ્ધ થાય છે.

૨ જ્ઞાનની જેમ સુખ પણ આત્માનો અસલ ધર્મ છે. જેમ

કારો જ્ઞાનને આત્માનો અસલ ધર્મ નહિ માનતા હોવાથી મુક્ત અવસ્થામાં પણ તેઓને આત્મા જ્ઞાનશૂન્ય માનવો પડે છે.

આત્માના સંબન્ધમાં અન્ય દર્શનકારોથી જૂદી રીતના જૈન સિદ્ધાન્તોઃ—

" चैतन्यस्वरूपः, परिणामी, कर्त्ता, साक्षाद् भोक्ता, देह-परिमाणः, प्रतिक्षेत्रं भिन्नः पौद्गलिकादृष्टवांश्चायम्[१] "।

આ સૂત્રથી સ્પષ્ટ સમજાય છે. આ સૂત્રમાં આત્માને પહેલું વિશેષણ ' ચૈતન્યસ્વરૂપવાળો ' આપવામાં આવ્યું છે. અર્થાત્ જ્ઞાન એ આત્માનું અસલ સ્વરૂપ છે. એથી–પૂર્વ કહ્યા પ્રમાણે–નૈયાયિક વગેરે જૂદા પડે છે. ' પરિણામી ' (નવી નવી યોનિઓમાં–જૂદી જૂદી ગતિઓમાં ભ્રમણ કરવાને લીધે પરિણામસ્વભાવવાળો), ' કર્ત્તા ' અને ' સાક્ષાદ્ ભોક્તા ' એ

વાદળામાં સપડાયલા સૂર્યનો જળહળતો પ્રકાશ પણ વાદળામાંથી ઝાંખો નિકળે છે, અને તેજ ઝાંખો પ્રકાશ, અનેક છિદ્રવાળો પડદો લગાવેલા ઘરમાં અધિક ઝાંખો પડે છે, એમ છતાં સૂર્ય જળહળતા પ્રકાશવાળો નથી એમ કહી શકાય નહિ, એવી રીતે આત્માનો જ્ઞાન–પ્રકાશ કે વાસ્તવિક આનન્દ પણ શરીર–ઇંદ્રિય મનના બંધનથી કે કર્મસમૂહના આવરણથી પૂર્ણ રૂપે ન અનુભવાય–ઝાંખો અનુભવાય–વિકારયુક્ત અનુભવાય, તો તે બરાબર બનવા જોગ છે. પરન્તુ એથી એમ ન કહી શકાય કે ' જ્ઞાન અને આનન્દ આત્માનું અસલ સ્વરૂપ નથી. '

૧ વાદિદેવસૂરિકૃત ' પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર ' નામક ન્યાયસૂત્રના સાતમા પરિચ્છેદનું ૫૬ મું સૂત્ર.

ત્રણ વિશેષણોથી, આત્માને કમલપત્રની જેમ નિર્લેપ-સર્વથા પરિણામરહિત-ક્રિયારહિત માનનાર સાંખ્યો જૂદા પડે છે. નૈયાયિક વગેરે પણ આત્માને પરિણામી માનતા નથી. ' માત્ર શરીરમાં જ વ્યાપ્ત ' એ અર્થવાળા 'દેહપરિમાણ' વિશેષણથી, આત્માને બધે વ્યાપક માનનારા વૈશેષિક-નૈયાયિક-સાંખ્યો જૂદા પડે છે. ' શરીરે શરીરે આત્મા જૂદો ' એ અર્થવાળા ' પ્રતિક્ષેત્ર[1] ભિન્ન ' એ વિશેષણથી, એકજ આત્મા માનનારા અદ્વૈતવાદિઓ-બ્રહ્મવાદિઓ જૂદા પડે છે, અને છેલ્લા વિશેષણથી પૌદ્ગલિકદ્રવ્યરૂપ અદૃષ્ટવાળો આત્મા બતાવતાં કર્મને અર્થાત ધર્મ-અધર્મને આત્માનો વિશેષ ગુણ માનનારા નૈયાયિક-વૈશેષિકો અને કર્મને તેવા પ્રકારના પરમાણુઓના સમૂહરૂપ નહિ માનનારા વેદાન્તી વગેરે વાદિઓ જૂદા પડે છે.

" **सत्यं ब्रह्म मिथ्या जगत्** " એ સૂત્રની ઉદ્‌ઘોષણા કરનાર.ઓમાંના કેટલાકો તેનો ગમે તે અર્થ કરતા હોય, પરન્તુ ખરો અર્થ તો એ સમજાય છે કે-" જગતના દેખાતા તમામ પદાર્થો વિનાશી છે. અત એવ તેને મિથ્યારૂપ એટલે અસાર સમજવા જોઇએ. માત્ર શુદ્ધ સત્ય, ચૈતન્યસ્વરૂપ આત્માજ આરાધન કરવા યોગ્ય છે. " આ ઉપદેશમાં ઘણું મહત્ત્વ સમાયલું છે. અનાદિ મોહવાસનાનો ભીષણ સંતાપ શમાવવાને આવા ઉપદેશો આપવા પ્રાચીન મહાત્માઓ અગત્યના સમજતા હતા. ' જગતના પદાર્થો શશલાના શીંગડાની જેમ સર્વથા અસત્ છે ' એવો અર્થ ઉક્ત સૂત્રથી નિકાલવામાં

---

૧ ક્ષેત્ર એટલે શરીર.

ઘણી નડતરો ઉભી થાય છે. એ કરતાં ઉપર બતાવેલ ભાવાર્થ જ યથાર્થ અને સહુની અનુભવદૃષ્ટિમાં આવી શકે તેમ છે. દેખાતા બાહ્ય પદાર્થોની અસારતાનું વર્ણન કરતાં જૈન મહાત્માઓ પણ તેને 'મિથ્યા' કહી દે છે. એથી, 'દુનિયામાં વસ્તુતઃ કોઇ વસ્તુજ નથી' એમ એની મતલબ નથી. સંસારનો સઘળો પ્રપંચ અસાર–વિનાશી–અનિત્ય છે, એ બરાબર છે. એમાં કોઇના બે મત નથી. અને એજ મતલબને બતાવવા જગતને 'મિથ્યા' વિશેષણ આપેલું છે. પરન્તુ એથી સર્વાનુભવસિદ્ધ જગતનો અત્યન્ત અભાવ સિદ્ધ થઇ શકે નહિ.

કર્મની વિશેષતા.

અધ્યાત્મનો વિષય આત્મા અને કર્મને લગતાં વિસ્તૃત વિવેચનથી ભરપૂર છે. આત્મસ્વરૂપના સંબન્ધમાં કિંચિત અવલોકન કર્યું; હવે કર્મની વિશેષતાના સંબન્ધમાં થોડુંક જોઇ જઇએ—

સંસારમાં બીજા જીવો કરતાં મનુષ્યો તરફ આપણી નજર જલદી પડે છે. મનુષ્યજાતિની સ્થિતિનો આપણને હમેશાં પરિચય હોવાથી તેની તરફ મનન કરતાં કેટલીક આધ્યાત્મિક બાબતોમાં વિશેષ સ્પષ્ટ ખુલાસો થઇ શકે છે.

જગતમાં મનુષ્યો બે પ્રકારના માલૂમ પડે છે—એક પવિત્ર જીવન ગાળનારા, બીજા મલિન જિન્દગીમાં પસાર થનારા. આ બંને પ્રકારના મનુષ્યોને પણ બે વિભાગોમાં વ્હેંચી

શકાય છે—સુખસમ્પન્ન અને દરિદ્ર. એકન્દર મનુષ્યોના ચાર વિભાગો થયા—૧ [1]પવિત્ર જીવન ગાળનારા, સુખી, ૨ પવિત્ર જીવન ગાળનારા, દુઃખી, ૩ મલિન [2]જિન્દગી ગાળનારા, સુખી, ૪ મલિન જિન્દગી ગાળનારા, દુઃખી. આ ચારે પ્રકારના મનુષ્યો દુનિયાની સપાટી ઉપર આપણી નજરે બરાબર દેખાઇ રહ્યા છે. આવી વિચિત્ર સ્થિતિ હોવામાં પુણ્ય—પાપની વિચિત્રતા કારણ છે, એ તો આખો સંસાર જાણે છે; પરન્તુ તે વિચિત્રતા સમજવાનું ક્ષેત્ર બહુ ઉંડું છે. છતાં એટલું તો અવશ્ય સમજી શકાય છે કે ચાર પ્રકારના મનુષ્યોને લઇને પુણ્ય—પાપના પણ ચાર પ્રકારો હોવા જોઇએ

આ સંબન્ધમાં જૈનશાસ્ત્રકારો પુણ્ય—પાપના ચાર પ્રકારો આવી રીતે બતાવે છે—

૧ પુણ્યાનુબન્ધી પુણ્ય. ૨ પુણ્યાનુબન્ધી પાપ. ૩ પાપાનુબન્ધી પુણ્ય. ૪ પાપાનુબન્ધી પાપ.

પુણ્યાનુબન્ધી પુણ્ય.

જન્માન્તરના જે પુણ્યથી સુખ ભોગવતાં છતાં ધર્મ તરફ અભિરૂચિ રહ્યા કરે, પુણ્યનાં કાર્યો થયાં કરે અને જીવનની પવિત્રતા બની રહે એવા પુણ્યને 'પુણ્યાનુબન્ધીપુણ્ય' કહેવામાં આવે છે. કેમકે આ પુણ્ય આ જિન્દગીમાં સુખ આપવાની સાથે જીવનને પવિત્ર બનાવવામાં પણ એવું સાધનભૂત થઇ પડે છે કે

---

૧ ધર્મસાધન કરનારા. ૨ પાપ કરનારા.

આગળ જન્માન્તરને માટે પણ પુણ્યને ઉત્પન્ન કરાવી આપે છે. પુણ્યનું અનુબન્ધી એટલે પુણ્યસન્તતિનું સાધન જે પુણ્ય, તે ' પુણ્યાનુબન્ધી પુણ્ય ' નો અર્થ છે. અર્થાત્ જન્માન્તરને માટે પુણ્ય સમ્પાદન કરી આપનાર જે પુણ્ય, તે પુણ્યાનુબંધી પુણ્ય છે.

પુણ્યાનુબન્ધી પાપ

જન્માન્તરના જે પાપથી દુઃખ ભોગવતાં છતાં જીવન મલિન ન થતાં ધર્મસાધનનો વ્યવસાય બરાબર રહ્યા કરે એવા પાપને ' પુણ્યાનુબન્ધી પાપ ' કહેવામાં આવે છે. કેમકે આ પાપ, આ જિન્દગીમાં ગરીબાઇ વગેરે દુઃખો આપવા છતાં જીવનને પાપી બનાવવામાં સાધનભૂત ન થતાં જન્માન્તરને માટે પુણ્ય ઉત્પન્ન કરવામાં કારણ બને છે. પુણ્યનું અનુબન્ધી એટલે પુણ્યની સાથે સંબન્ધ જોડનાર જે પાપ, તે પુણ્યાનુબન્ધી પાપનો અર્થ છે. અર્થાત જન્માન્તરને માટે પુણ્ય સાધવામાં હરકત નહિ કરનાર જે પાપ, તે પુણ્યાનુબન્ધી પાપ છે.

પાપાનુબન્ધી પુણ્ય.

જન્માન્તરના જે પુણ્યથી સુખ ભોગવતાં પાપની વાસનાઓ વધતી રહે અને અધર્મનાં કાર્યો થતાં રહે એવા પુણ્યને ' પાપાનુબન્ધી પુણ્ય ' કહેવામાં આવે છે. કેમકે આ પુણ્ય, આ જિન્દગીમાં સુખ આપવાની સાથે જીવનને મલિન બનાન-

વનાર હોવાથી જન્માન્તરને માટે પાપને ઉત્પન્ન કરનાર થાય છે. પાપનું અનુબન્ધી એટલે પાપસન્તતિનું સાધન જે પુણ્ય, તે ' પાપાનુબન્ધી પુણ્ય ' નો અર્થ છે. અર્થાત્ જન્માન્તરને માટે પાપ સમ્પાદન કરી આપનાર પુણ્ય ' પાપાનુબન્ધી પુણ્ય ' છે.

પાપાનુબન્ધી પાપ.

જન્માન્તરસંચિત જે પાપથી ગરીબાઇ વગેરે દુઃખો ભોગવવા છતાં પણ પાપ કરવાની બુદ્ધિ છૂટે નહિ, અધર્મનાં કામ કરાય એવા પાપને ' પાપાનુબન્ધી પાપ ' કહેવામાં આવે છે. કેમકે આ પાપ, આ જિન્દગીમાં દુઃખ આપવાની સાથે જીવનને પણ એવુ મલિન બનાવે છે કે આગળ—જન્માન્તરને માટે પણ પાપ નિપજાવનાર બને છે. પાપનું અનુબન્ધી અટલે પાપસન્તતિનું સાધન જે પાપ. તે ' પાપાનુબન્ધી પાપ ' નો અર્થ છે. અર્થાત જન્માન્તરને માટે પાપના પોટલા ઉપડાવનાર જે પાપ તે ' પાપાનુબન્ધી પાપ ' છે.

સંસારમાં જે રાજાઓ, જે ગૃહસ્થો, જે નર—નારીઓ સુખી છે અને ધર્મયુક્ત જીવન ગાળે છે, તેઓ પુણ્યાનુબન્ધિપુણ્યવાળા સમજવા. જેઓ દારિદ્રયાદિના દુઃખથી સન્તપ્ત છે, છતાં ધર્મયુક્ત જિન્દગી ગાળે છે, તેઓ પુણ્યાનુબન્ધીપાપવાળા જાણવા. જેઓ સંસારનો આનન્દ લૂટી રહ્યા છે અને પાપમય જીવન ગાળે છે, તેઓ પાપાનુબન્ધીપુણ્યવાળા છે. અને જેઓ દરિદ્ર—દુઃખી હોવા છતાં પાપના ધંધામાં મશગૂલ રહે છે, તેઓને પાપાનુબન્ધીપાપવાળા માનવા.

લૂટફાટ, પ્રાણિવધ વગેરે પ્રચંડ પાપના ધંધાઓથી ધનવાન્ થઇ બંગલા બંધાવી એશઆરામ ભોગવતા કેટલાક મનુષ્યોને જોઈ કેટલાક ટૂંકી નજરના માણસો કહે છે કે– “ જુઓ ભાઇ ! ધર્મીને ઘેર ધાડ છે ! પાપ કરનારાઓ કેવી મોજ મારે છે ! હવે ક્યાં રહ્યું ધર્મ–કર્મ ! ” પરન્તુ આ કથન કેવું અજ્ઞાનપૂર્ણું છે, તે ઉપરની કર્મસંબંધી હકીકત સમજનારાઓ સારી પેઠે જાણી શક્યા હશે. આ જિન્દગીમાં ચાહે ગમે તેટલું પાપ કરાય અને તેની સાથે પૂર્વના પુણ્યથી ભલે ગમે તેટલું સુખ ભોગવાય, પરન્તુ પરલોકમાં પોપાબાઈનું રાજ્ય નથી કે તે બધું પાપ નિષ્ફળ જ હવામાં ઉડી જાય. પ્રકૃતિનું સામ્રાજ્ય અજબ છે. તેનાં બારીક તત્ત્વો અગમ્ય છે. મોહના અંધારામાં ગમે તેટલાં ગોથાં મારવામાં આવે, ગમે તેવી કલ્પનાઓ બાંધી નિર્ભય રહેવામાં આવે, પણ ખૂબ યાદ રાખવું જોઇએ કે પ્રકૃતિના શાસનમાંથી કોઇ ગુનેહગાર છૂટ્યો નથી. છૂટતો નથી અને છૂટશે નહિ.

આધ્યાત્મિક જીવન પ્રાપ્ત કરવું એ સુગમ વાત નથી. એને માટે આચાર–વ્યવહાર શુદ્ધ રાખવાની જરૂર છે. કેવા આચારોથી જીવન સ્વચ્છ બનવાની સાથે ઉન્નતિમા મૂકાય છે એ વાત ખાસ વિચારવા જેવી છે. એ વિષે જૈનશાસ્ત્રોમાં ઘણા વિસ્તારથી ઉપદેશ આપવામાં આવ્યો છે. ‘ વસિષ્ઠ સ્મૃતિ ’-ના છઠ્ઠા અધ્યાયના ત્રીજા શ્લોકમાં પણ–“ आचारहीनं न पुनन्ति वेदाः ” એ શબ્દોથી કહેવામાં આવ્યું છે કે–‘આચાર-રહિતને વેદો પણ પવિત્ર કરી શકતા નથી, અર્થાત વેદોનો

જાણનાર પણ આચારહીન હોય તો અપવિત્ર છે.' આ સુગમ વિષયને પણ અહીં દિશા માત્રથી જોઇ જઇએ.

જૈન—આચાર.

સાધુધર્મ અને ગૃહસ્થધર્મનું સામાન્ય પ્રકારે દિગ્દર્શન પહેલાં થઇ ગયું છે. તથાપિ અહીં આચારના સંબન્ધમાં કેટલીક વિશેષ બાબતો નોંધાશે. પ્રથમ સાધુધર્મને લગતા આચારો ટૂંકમાં જોઇ જઇએ—

સાધુઓનો આચાર.

જૈન આચારશાસ્ત્રોમાં સાધુઓને રેલ, મોટર, સાયકલ, ટ્રામ, એક્કા, ગાડી, ઘોડા વગેરે કોઈ પણ વાહન ઉપર સવારી કરવાનો નિષેધ છે.[1] સાધુઓને પાદવિહાર કરવાનું ફરમાન છે.[2]

---

[1] રસ્તામાં નદી આવે અને એટલામાં બીજો સ્થલ-માર્ગ ન હોય, તો નાવમાં બેસવાની છૂટ છે.

[2] ' મહાભારત ' માં કહ્યું છે કે—

' **यानारूढं यतिं दृष्ट्वा सचैलं स्नानमाचरेत्** " ।

અર્થાત્—વાહન ઉપર આરૂઢ થયેલો સંન્યાસી જોવામાં આવે તો વસ્ત્રસહિત ન્હાઇ નાંખવું.

એ સિવાય મનુસ્મૃતિ, અત્રિસ્મૃતિ, વિષ્ણુસ્મૃતિ વગેરે સ્મૃતિઓમાં અને ઉપનિષદોમાં સંન્યાસિઓને માટે ' **विचरेत्** ' ' **पर्यटेत्** ' ' **चरेत्** ' વગેરે શબ્દોથી, કોઇ પણ જન્તુને પીડા નહિ પહોંચાડતો વિચરણ-ભ્રમણ કરે એવો ઉપદેશ અપાયલો છે.

જૈનસાધુઓને ગરમ કરેલું[1] પાણી પીવાનું ફરમાન છે.

૧ પશ્ચિમની વિદ્યાવાળા ડૉક્ટરો ઉના પાણીમાં તંદુરસ્તીને લગતા બહુ ગુણ બતાવે છે. પ્લેગ, કૉલેરા વગેરે રોગોમાં તેઓ ખૂબ ઉકળી ગયેલું પાણી પીવાનું કહે છે પાશ્ચાત્ય વિદ્વાનોની શોધ પ્રમાણે પાણીમાં એવા અનેક સૂક્ષ્મ જીવો હોય છે કે જેઓ આપણી નજરે દેખી શકાય નહિ, કિન્તુ સૂક્ષ્મદર્શક (Microscope) યન્ત્રથી જોઇ શકાય છે. પાણીમા થતા પોરા વગેરે જીવો પાણી પીવાની સાથે શરીરમાં દાખલ થઇ સખ્ત વ્યાધિને જન્મ આપે છે. ગમે તે દેશનું ગમે તેવુ ખરાબ પાણી પણ બરાબર ઉકાળીને પીવામા આવે, તો તે શરીરને નુકસાન કરતું નથી.

ગૃહસ્થોએ–ઉકાળેલું પાણી પીવાનુ ન બની શકે તો–કપડાથી ગળીને પાણી પીવાનુ લક્ષ્યમા રાખવુ ઘટે છે. આ વિષયમાં સર્વ વિદ્વાનોનો એક જ મત હોય " **वस्त्रपूतं जलं पिबेत्**–" ' વસ્ત્રથી ગળેલુ શુદ્ધ જળ પીવું ' એ મનુનું વાક્ય પ્રસિદ્ધ છે. ' ઉત્તરમીમાંસા ' માં કહ્યું છે કે—

" **षट्त्रिंशदंगुलायामं विंशत्यंगुलविस्तृतम् ।**
दृढं गलनकं कुर्याद् भूयो जीवान् [1]विशोधयेत्" ॥

—" છત્રીશ આંગળ લાંબુ અને વીશ આંગળ વિસ્તારવાળું ગળણું (પાણી ગળવાનુ કપડુ) રાખવું અને એથી ગળેલું પાણી વાપરવું. "

---

૧ આ શ્લોકમાં ' **भूयो जीवान् विशोधयेत्** ' એ વાક્ય, " પછી જીવોનું પરિશોધન કરવું " એ અર્થ તરફ ધ્યાન ખેંચે છે. જે કપડાથી પાણી ગળ્યું, તે કપડામાં આવેલા જંતુઓ પાછા

એમના એમ તે કપડામાં જ રહે તો તે મરી જાય, એ દેખીતું છે. અને એ હિંસાને ધર્માર્થી આંખથી જતી કરે નહિ. માટે તે કપડાનો સંખારો (પાણીમાં આવેલા જન્તુઓ) પાછો પાણીમાંજ પહોંચાડી દેવો જોઇએ. અર્થાત્ તે સંખારો થોડા પાણીમાં નાખી તે પાણી જ્યાંથી (જે કુવા-તલાવમાંથી) લાવ્યા હોય, તેમાં મેળવી દેવું. આ વાત જૈનોનાજ ઘરની નથી, કિન્તુ 'ઉત્તર-મીમાંસા' ગ્રન્થમાં કહ્યું છે કે—

" म्रियन्ते मिष्टतोयेन पूतराः क्षारसम्भवाः ।
क्षारतोयेन तु परे न कुर्यात् संकरं ततः " ॥

—" ખારા પાણીના પોરા મીઠા પાણીમાં અને મીઠા પાણીના પોરા ખારા પાણીમાં આવવાથી મરી જાય છે. માટે એક-બીજા જલાશયનું વિચિત્ર સ્વભાવનું પાણી ગળ્યા વગરનું સેળભેળ ન કરવું."

આ સિવાય મહાભારતમાં કહ્યું છે કે—

" विंशत्यंगुलमानं तु त्रिंशदंगुलमायतम् ।
तद्वस्त्रं द्विगुणीकृत्य गालयित्वा पिबेज्जलम् " ॥

" तस्मिन् वस्त्रे स्थितान् जीवान् स्थापयेज्जलमध्यतः
एवं कृत्वा पिबेत् तोयं स याति परमां गतिम्"॥

—" વીશ આંગળ પહોળું અને ત્રીશ આંગળ લાંબુ વસ્ત્ર લઇ તેને બેવડું કરી તેનાથી પાણી ગળીને પીવું; અને તે વસ્ત્રમાં આવેલા જીવોને જલની અંદર (કુવા વગેરેમાં) નાંખવા. એવી રીતે પાણી પીનાર સારી ગતિને પામે છે."

આ સિવાય 'વિષ્ણુપુરાણ' વગેરે બીજા પણ અનેક ગ્રન્થોમાં પાણી ગળીને પીવાનું કહેવામાં આવ્યું છે.

રસોઇ કરવાનો અધિકાર નથી.[1] ભિક્ષા—માધુકરી વૃત્તિએ જીવન ચલાવવાનું સાધુઓને ફરમાવવામાં આવ્યું છે. એક ઘરથી સંપૂર્ણ આહાર નહિ લેતાં જૂદા જૂદા ઘરોથી—ઘરવાળાઓને સંકોચ ન થાય, તે પ્રમાણે—ભિક્ષા લેવી જોઇએ.[2] ખાસ સાધુઓને માટે રસોઇ નિર્માણ કરવામાં, તેમજ તેવી રસોઇ સાધુઓને લેવામાં શાસ્ત્રની આજ્ઞા નથી.

સાધુઓનો ધર્મ બિલકુલ અકિંચન રહેવાનો છે. અર્થાત

---

૧ " अनग्निरनिकेतः स्यात्

× × ×

—મનુસ્મૃતિ, ૬ ઠો અધ્યાય, ૪૩ મો શ્લોક.

—સાધુ અગ્નિના સ્પર્શથી રહિત અને ગૃહવાસથી મુક્ત હોય છે.

૨ " चरेद् माधुकरीं वृत्तिमपि म्लेच्छकुलादपि ।
एकान्नं नैव भुञ्जीत बृहस्पतिसमादपि " ॥

—अत्रिस्मृति.

અર્થાત્—જેમ ભમરો અનેક ફૂલો ઉપર બેસી તેમાંથી થોડો થોડો રસ પીવે છે, પરન્તુ તે ફૂલોને બગાડયા વગર પોતાની તૃપ્તિ કરી લે છે, એ પ્રમાણે, અર્થાત્ મધુકરની (ભમરાની) વૃત્તિએ સાધુઓએ જૂદા જૂદા ઘરોથી, ઘરવાળાઓને અપ્રીતિ યા કાંઇ પણ સંકોચ ન થાય, તેમ ભિક્ષા લેવી. આ વિષે અત્રિસ્મૃતિકાર ભાર દઇને કહે છે કે, મ્લેચ્છોના કુલમાંથી પણ કદાચ તેવી શુદ્ધ ભિક્ષા લેવી પડે, તો એમાં વાંધો નથી; પરન્તુ એકના ઘરથી, ભલે તે બૃહસ્પતિસમાન દાતા હોય, તોયે સંપૂર્ણ ભિક્ષા ન લેવી.

સાધુઓ દ્રવ્યના સંબન્ધથી સર્વથા મુક્ત હોય છે. ત્યાં સુધી કે તેઓનાં ભોજનનાં પાત્રો પણ [1]ધાતુનાં ન હોવાં જોઇએ. કાષ્ઠ, માટી કે તુંબડીનાં પાત્રો સાધુઓના ઉપયોગમાં આવે છે.

[2]વર્ષા-ઋતુમાં સાધુ એક જગ્યાએ રહી જાય. સાધુ

---

૧ " अतैजसानि पात्राणि तस्य स्युर्निर्व्रणानि च ।

× × ×

" अलाबु दारुपात्रं च मृन्मयं वैदलं तथा ।
एतानि यतिपात्राणि मनुः स्वायम्भुवोऽब्रवीत्"॥

—મનુસ્મૃતિ, ૬ ઠ્ઠા અધ્યાય, ૫૩, ૫૪ શ્લોક.

—ધાતુ વગરનાં તથા છિદ્રરહિત પાત્રો સાધુને જોઇએ તુંબડી, કાષ્ઠ, માટી અને વાંસનાં પાત્રો સંન્યાસિઓને માટે મનુએ કહ્યાં છે.

" यतिने काञ्चनं दत्वा तांबूलं ब्रह्मचारिणे ।
चौरेभ्योऽ प्यभयं दत्वा दातापि नरकं व्रजेत्"॥

(પારાશરસ્મૃતિ, ૧ અધ્યાય, ૬૦ મો શ્લોક)

—" યતિને (સાધુ-સંન્યાસીને ; દ્રવ્ય, બ્રહ્મચારીને તાંબૂલ અને સખ્ત અપરાધી ચોરને અભય આપનાર દાતા નરકમાં ચાલ્યો જાય છે. "

૨ " पर्यटेत् कीटवद् भूमिं वर्षास्वेकत्र संश्रयेत् "

—વિષ્ણુસ્મૃતિ, ૪ થો અધ્યાય, ૬ ઠ્ઠો શ્લોક.

અર્થાત્—જેમ કીડો ફરતો રહે છે, તેમ સાધુએ ભ્રમણશીલ રહેવું. એક જગ્યાએ સ્થિરવાસ ન કરવો. બીજી રીતે કીડાનું

[1]સ્ત્રીનો સ્પર્શ કદાપિ ન કરે.

ટૂંકમાં, સાંસારિક સર્વ પ્રપંચોથી નિર્મુક્ત અને સદા અધ્યાત્મરતિપરાયણ રહેવાનો સાધુઓનો ધર્મ છે.[2] નિઃસ્વાર્થ

હાલવું જેમ ધીમું હોય છે, ત્યાં સુધી કે તેનું ચાલવું જોયા વગર કોઇનાથી કળી શકાય નહિ, તેમ સાધુ પણ ઘોડાની જેમ ધબધબ ન ચાલતાં જમીન પર જીવદયા તરફ દૃષ્ટિ રાખતો ચાલે. એ સિવાય સાધુ વર્ષા–ઋતુમાં (ચતુર્માસ) એક જગ્યાએ રહી જાય.

૧ " सम्भाषणं सह स्त्रीभिरालम्भप्रेक्षणे तथा "

—વિષ્ણુસ્મૃતિ, ૪ થો અધ્યાય. ૮ મો શ્લોક.

અર્થાત્—સ્ત્રીની સાથે સાધુએ સંભાષણ કરવું નહિ; તેમજ સ્ત્રીનું નિરીક્ષણ તથા તેનો સ્પર્શ કરવો નહિ.

૨ સાધુઓની વિરક્ત દશાના સંબન્ધમાં મનુસ્મૃતિમાં કહ્યું છે કેઃ—

" अतिवादांस्तितिक्षेत नावमन्येत कंचन "।

× × ×

" क्रुध्यन्तं न प्रतिक्रुध्येदाक्रुष्टः कुशलं वदेत् "।

× × ×

" मैक्षे प्रसक्तो हि यतिर्विषयेष्वपि सज्जति "।

" अलाभे न विषादी स्याद् लाभे चैव न हर्षयेत्।
प्राणयात्रिकमात्रः स्याद् मात्रासंगाद् विनिर्गतः॥"

" इन्द्रियाणां निरोधेन रागद्वेषक्षयेण च।
अहिंसया च भूतानाममृतत्वाय कल्पते ॥ "

ભાવે જગતનું કલ્યાણ કરવું એ એઓના જીવનનો મૂલ મન્ત્ર છે.

ગૃહસ્થોનો આચાર.

હવે ગૃહસ્થોના આચાર ઉપર ટૂંક નજર કરી જઇએ. ગૃહસ્થોને માટે જૈનશાસ્ત્રો ષટ્કર્મ બતાવે છે—

> " देवपूजा गुरूपास्तिः स्वाध्यायः संयमस्तपः ।
> दानं चेति गृहस्थानां षट् कर्माणि दिने दिने " ॥

અર્થાત્—પરમાત્માનું પૂજન, ગુરૂ મહાત્માની સેવા, શાસ્ત્રવાચન, સંયમ, તપ અને દાન એ છ ગૃહસ્થોનાં કર્મો છે.[1]

આ પ્રસંગે ભક્ષ્યાભક્ષ્યની એક વાત નોંધવી અસ્થાને ગણાશે નહિ.

જૈન આચારગ્રંથોમાં ભક્ષ્ય-અભક્ષ્યનો વિચાર બહુ કરવામાં આવ્યો છે. કંદમૂલ ખાવા તરફ જૈનશાસ્ત્રોની

—" અપમાનને સહન કરે, પણ કોઇનું અપમાન કરે નહિ. ક્રોધ કરનારની સામે ક્રોધ કરે નહિ. આક્રોશ કરનારની સ્હામે મધુર વાણીથી વ્યવહાર કરે. ભિક્ષાના લોભમાં ફસાયલો યતિ વિષયમાં ડૂબી જાય છે. લાભ થતાં ખુશી ન થાય અને નુકસાન થતાં દુઃખી ન થાય. કેવળ પ્રાણરક્ષાનિમિત્ત ભોજન કરે, આસક્તિથી વેગળો રહે. ઇન્દ્રિયોનો નિરોધ, રાગ-દ્વેષનો પરાજય અને પ્રાણીમાત્ર ઉપર દયાની લાગણી રાખવાથી મોક્ષને માટે યોગ્ય થવાય છે."

મનાઇ છે. તે સિવાય રાત્રિભોજન વગેરેને પણ સદોષ બતાવ-વામાં આવ્યાં છે. અન્યાન્ય શાસ્ત્રોના અભિપ્રાયો તરફ નજર કરીશું, તો આ હકીકતમાં હિન્દુ ધર્માચાર્યો પણ જુદા પડતા નથી.

મનુસ્મૃતિના પાંચમા અધ્યાયના પાંચમા, ઓગણીશમા વગેરે શ્લોકોમાં–“ लशुनं गृञ्जनं चैव पलाण्डुं ” + + + વગેરે શબ્દોથી લશણુ, ગાજર, ડુંગળી વગેરે અભક્ષ્ય ચીજો ખાવાની મનાઇ કરવામાં આવી છે.

રાત્રિભોજનનો નિષેધ.

રાત્રિભોજન કરવું એ પણ ગેરવ્યાજબી છે. આ સંબન્ધ-માં પ્રથમ અનુભવથી વિચાર કરવો જોઇએ કે–સંધ્યા પડતાંની સાથે અનેક જથ્થાબંધ સૂક્ષ્મ જીવો ઉડવા માંડે છે. રાત્રે દીવાની સ્હામે બેશુમાર જીવો ફરતા જોવાય છે. ઉઘાડા રાખેલા દીવાના પાત્રમાં પુષ્કળ જીવડાં પડેલાં દેખાય છે. અને એ સિવાય આપણા શરીર ઉપર પણ રાત્રિ પડતાંની સાથે અનેક જીવો બેસવા માંડે છે. આવી સ્થિતિમાં ભોજન ઉપર પણ જીવો અવશ્ય બેસતા હોવા જોઇએ, એ ખુલ્લી વાત છે. આથી ભોજનની સાથે જીવતાં જીવડાંને પણ ભક્ષણ કરી જવાનું પાપ રાત્રિભોજન કરનારને ચોક્ખી રીતે લાગતું જણાય છે. કેટલાંક ઝેરી જીવડાં ભોજનની સાથે પેટમાં આવતાં રોગને ઉત્પન્ન કરનાર થાય છે. કેટલાક ઝેરીલા જીવોની અસર તુરત નહિ થતાં લાંબે કાલે પણ થાય છે.

ભોજનમાં જૂ આવી હોય તો જલોદર પેદા થાય છે. કરોળીઓ આવવાઈ કોઢ ઉત્પન્ન થાય છે. કીડી આવવાથી બુદ્ધિ હણાય છે. લાકડાનો કકડો આવી ગયો હોય, તો ગળામાં પીડા ભોગવવી પડે છે. માખી આવવાથી વમન થાય છે. અને કોઇ ઝેરી પ્રાણી ખાવામાં આવી ગયો હોય તો અકાલ મૃત્યુના પંજામાં સપડાવું પડે છે.

સાયંકાલે (સૂર્યના અસ્ત થવા પહેલાં) કરેલું ભોજન, રાત્રે સુઇ જવાના વખત સુધીમાં ઘણું ખરૂં જઠરાગ્નિની જ્વાલા ઉપર ચઢી જવાથી નિદ્રામાં તેની માઠી અસર થતી નથી. તેથી ઉલટી રીતે વર્તવામાં–રાત્રે ખાઇને થોડીવારમાં સુઇ જવાથી હરફર કરવાનું ન બનવાને લીધે પેટમાં તરતનું ભરેલું અન્ન નિદ્રામાં વખતે બીમારી ઉત્પન્ન કરે છે. ભોજન કર્યા પછી થોડું–થોડું પાણી પીવાનો ડોકટરી નિયમ છે. આ નિયમ, રાત્રિએ જમવાથી જોઇતા પ્રમાણમાં પાણી પીવાનો વખત નહિ મળવાને લીધે સચવાઇ શકે નહિ. અને એથી અજીર્ણ પેદા થાય છે. 'અજીર્ણ સર્વ રોગોનું મૂળ છે' એ વાત જગજાહેર છે.

આ બધી અનુભવસિદ્ધ બાબતો ઉપરથી આરોગ્યની દૃષ્ટિએ પણ રાત્રિએ ભોજન અકર્ત્તવ્ય ઠરે છે.

હવે ધર્મશાસ્ત્રો તરફ જરા નજર કરીએ.

હિન્દુધર્મશાસ્ત્રોમાં " માર્કણ્ડ " મુનિનું નામ જાણીતું છે. તેઓ રાત્રિભોજનને વખોડતાં એકદમ બહુ–ઘણું, બહુજ વધારે પડતું ઉગ્ર કહી નાખે છે કે રાત્રિએ ખાવું તે માંસભ-

લોહીની બરાબર અને રાત્રિએ પાન કરવું તે રૂધિર પીવા બરાબર છે. તે શ્લોક આ છે—

" अस्त गते दिवानाथे आपो रुधिरमुच्यते ।
अन्नं मांससमं प्रोक्तं मार्कण्डेन महर्षिणा " ॥

કૂર્મપુરાણમાં પણ કહ્યું છે કે—

" न द्रुह्येत् सर्वभूतानि निर्द्वन्द्वो निर्भयो भवेत् ।
न नक्तं चैवमश्नीयात् रात्रौ ध्यानपरो भवेत्" ॥

(૨૭ મો અધ્યાય પૃ ૬૪૫)

—" સર્વ પ્રાણિઓ ઉપર દ્રોહરહિત અને નિર્દ્વન્દ્વ તથા નિર્ભય રહે. અને રાત્રિએ ભોજન નહિ કરતાં ધ્યાનમાં તત્પર રહે. "

" आदित्ये दर्शयित्वाऽन्नं भुञ्जीत प्राङ्मुखो नरः "

—એ પણ તેજ પુરાણના ૬૫૩ મા પૃષ્ઠનું વાક્ય છે. એનો અર્થ એ છે કે—"સૂર્યની હૈયાતીમાં ગુરુ કે વડીલને અન્ન બતાવી પૂર્વ દિશા તરફ ભોજન કરે. "

અન્ય પુરાણો અને અન્ય ગ્રંથોમાં પણ રાત્રિભોજનનો નિષેધ કરનારાં ઘણાં વાક્યો મળી આવે છે. યુધિષ્ઠિરને સંબોધન કરી ત્યાંસુધી કહેવામાં આવ્યું છે કે—ગૃહસ્થ કે સાધુ, કોઇએ રાત્રે પાણી પણ પીવું ન જોઈએ. તે શ્લોક આ છે—

" नोदकमपि पातव्यं रात्रावत्र युधिष्ठिर ! ।
तपस्विनां विशेषेण गृहिणां च विवेकिनाम् " ॥

આ શ્લોકમાં તપસ્વિઓ (સાધુ-સંન્યાસિઓ) ને માટે રાત્રિએ પાણી પણ પીવાનો ભાર દઇને નિષેધ કર્યો છે. એ ઉપરાન્ત ગૃહસ્થોને પણ એ બન્ધનથી જુદા કર્યા નથી. આ વ્રતને નહિ પાલનારા ગૃહસ્થોને પણ અવિવેકી બતાવ્યા છે.

પુરાણોમાં ' પ્રદોષવ્રત, ' ' નક્તવ્રત ' બતાવ્યા ઉપરથી કેટલાકો રાત્રિભોજન તરફ લલચાય છે. પરન્તુ આથી રાત્રિભોજનના નિષેધના શ્લોકો અપ્રમાણ ઠરે, એ વાત યાદ રાખવી જોઇએ. પૂર્વાપરનો વિરોધ ન આવે, તેમ શાસ્ત્રનાં વાક્યો વિચારવાં જોઇએ. ' प्रदोषो रजनीमुखम् ' એ વાક્યથી સૂર્યના અસ્ત થયા પહેલાની બે ઘડી જેટલા વખતને રાત્રિનું મુખ અને તેજ વખતને ' પ્રદોષ ' કાળ સમજવામાં રાત્રિભોજનના નિષેધક શ્લોકોની સાથે વિરોધ રહેશે નહિ. ' નક્ત ' શબ્દનો મુખ્ય અર્થ તો જો કે રાત્રિ છે, તથાપિ શાસ્ત્રકારો અને વ્યાખ્યાકારો રાત્રિભોજનના નિષેધનાં અનેક પ્રમાણભૂત વાકયોને બાધ ન આવે એ માટે ' નક્ત ' શબ્દથી સૂર્યની અસ્તદશા પહેલાંની બે ઘડીનો વખત લેવાનું બતાવે છે.[1]

---

૧ શબ્દનો મુખ્ય અર્થ લેવામાં વિરોધ જણાતો હોય, તો ગૌણશક્તિથી (લક્ષણાથી) ઘટતો અર્થ લેવાય છે. ખાસ ' અમદાવાદ ' માં રહેનારો, જેમ બોલે છે કે-" હું અમદાવાદ રહું છું, " તેમ, અમદાવાદની પાસેના નાના ગામડામાં રહેનારો પણ બોલે છે કે—" હું અમદાવાદ રહું છું. " એકજ જાતનાં આ બે વાકયોનો એકજ અર્થ થાય નહિ, એમ સહુ કોઇ સમજી શકે છે. એકજ અર્થ લેવામાં આવે તો ખરી વાત ઉડી જાય. માટે કોઇ

જેવી રીતે કે—

“ दिवसस्याष्टमे भागे मन्दीभूते दिवाकरे ।
एतद् नक्तं विजानीयाद् न नक्तं निशि भोजनम् ” ॥

“ मुहूर्तोनं दिनं नक्तं प्रवदन्ति मनीषिणः ।
नक्षत्रदर्शनान्नक्तं नाहं मन्ये गणाधिप ! ” ॥

અર્થાત્—દિવસના આઠમા ભાગને અથવા સૂર્યની અસ્તદશા પહેલાંની બે ઘડીના વખતને ‘ નક્ત ’ કહેવામાં આવે છે. અતએવ રાત્રિએ ખાવું એ ‘ નક્તવ્રત ’ નો અર્થ

સ્થળે ‘ અમદાવાદ ’ શબ્દથી ખાસ ‘ અમદાવાદ શહેર ’ સમજવાનું હોય છે અને કોઇ સ્થળે ‘ અમદાવાદ ’ શબ્દથી ‘અમદાવાદ શહેર’ સમજવામાં વાંધો આવતો હોય, તો અમદાવાદની પાસેનું ગામડું સમજવું પડે છે. આવી રીતે મુખ્ય અને ઔપચારિક અર્થનો વ્યવહાર લોકમાં પણ અનુભવાય છે. આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે મુખ્ય અર્થને કહેનાર શબ્દથી મુખ્ય અર્થના સમીપની વસ્તુ પણ ‘પ્રકરણાનુસાર’ સમજવામાં વાંધો રહેતો નથી. આ નીતિ પ્રમાણે પ્રકૃતમાં ‘નક્ત’ શબ્દથી મુખ્ય અર્થ રાત્રિ જ્યાં ન ઘટતી હોય, ત્યાં રાત્રિનો સમીપ ભાગ અર્થાત્ સૂર્યની અસ્ત દશા પહેલાંની બે ઘડી જેટલો વખત લેવામાં કોઇ જાતનો વાંધો નથી. ‘ નક્ત ’ શબ્દથી મુખ્ય અર્થ રાત્રિ લેવામાં રાત્રિભોજનનિષેધનાં અનેક પ્રમાણોનો વાંધો આવે છે. માટેજ પૂર્વોક્ત ગૌણ (ઔપચારિક) અર્થ લેવાની જરૂર પડી છે. જ્યાં જ્યાં આમ અર્થસંકોચ કરાય છે, ત્યાં બધે મુખ્ય અર્થ લેવામાં બાધા હોવાનું કારણ સમજવું.

નથી. બીજા શ્લોકમાં ગણેશજીને ઉદ્દેશીને કહ્યું છે કે—જ્યારે નક્ષત્રો દેખાય, તે વખતને હું ' નક્ત ' માનતો નથી.

વળી—

" अम्भोदपटलच्छन्ने नाश्नन्ति रविमण्डले ।
अस्तंगते तु भुञ्जाना अहो ! भानोः सुसेवकाः ! " ॥

" ये रात्रौ सर्वदाऽऽहारं वर्जयन्ति सुमेधसः ।
तेषां पक्षोपवासस्य फलं मासेन जायते " ॥

" मृते स्वजनमात्रेऽपि सूतकं जायते किल ।
अस्तंगते दिवानाथे भोजनं क्रियते कथम् ! "

—જે સૂર્યના ભક્તો, જ્યારે સૂર્યમંડલ મેઘપટલથી આચ્છાદિત થાય છે, ત્યારે ભોજન કરતા નથી, તેજ સૂર્યના ભક્તો સૂર્યની અસ્તદશામાં પણ ભોજન કરે, એ કેવું આશ્ચર્ય ! જેઓ, હમેશાં રાત્રિભોજનથી વિરક્ત છે, તેઓ પ્રતિદિન રાત્રિના અડધા દિવસના ઉપવાસી બનવાથી એક મહીનામાં પંદર ઉપવાસનું ફળ મેળવે છે. સ્વજન માત્રના (સ્વકુટુંબમાંથી કોઈના) મરવાથી પણ સૂતક આવે છે, એટલે તે દશામાં કોઈ ભોજન કરતું નથી, તો દિવસનો નાથ સૂર્ય અસ્ત થયા પછી તો ભોજન કરાયજ કેમ ?

વળી—

" देवैस्तु भुक्तं पूर्वाह्ने मध्याह्ने ऋषिभिस्तथा ।
अपराह्ने च पितृभिः सायाह्ने दैत्यदानवैः " ॥

" सन्ध्यायां यक्षरक्षोभिः सदा भुक्तं कुलोद्वह ! ।
सर्ववेलामतिक्रम्य रात्रौ भुक्तमभोजनम् " ॥

—આ બે શ્લોકોથી યુધિષ્ઠિરને કહેવામાં આવ્યું છે કે, " હે યુધિષ્ઠિર ! દેવનાઓ દિવસના પૂર્વ ભાગમાં, ઋષિઓ મધ્યાહ્નકાલમાં, પિતૃ લોકો બપોર પછી ત્રીજા પહોરની આખરમાં, દૈત્ય-દાનવો સાયંકાલે અને યક્ષ-રાક્ષસો સન્ધ્યા વખતે ભોજન કરે છે; પરન્તુ બધો વખત છોડી રાત્રે ભોજન કરવું એ અયુક્ત છે.

આ જ વાતની પુષ્ટિમાં—રાત્રિએ જે છ કામ કરવાં વર્જિત છે, તેમાં રાત્રિભોજન પણ ખાસ ભાર દઇને ગણવામાં આવ્યું છે. અને તે આ શ્લોક છે—

" नैवाऽऽहुतिर्न च स्नानं न श्राद्धं देवतार्चनम् ।
दानं वा विहितं रात्रौ भोजनं तु विशेषतः " ॥

અર્થાત્-આહુતિ, સ્નાન, શ્રાદ્ધ, દેવપૂજન, દાન અને વિશેષ કરીને ભોજન રાત્રે ન કરવું જોઇએ.

આ વિષયમાં 'આયુર્વેદ' નો પણ એજ મુદ્રાલેખ છે કેઃ—

" हृन्नाभिपद्मसंकोचश्चण्डरोचिरपायतः ।
अतो नक्तं न भोक्तव्यं सूक्ष्मजीवादनादपि " ॥

—સૂર્યના અસ્ત થયા પછી હૃદયકમલ અને નાભિકમલ એ બન્ને સંકોચાઇ જાય છે. એથી, અને સૂક્ષ્મ જીવોનું પણ

ભોજનની સાથે ભક્ષણ થઇ જતું હોવાથી રાત્રિએ ભોજન કરવું નહિ.

ઉચ્છિષ્ટ (એઠું) ખાવું-પીવું પણ જૈન ધર્મમાં નિષિદ્ધ છે. સ્વચ્છતા, સુઘડતા, શુદ્ધતા અને સમુચિત શૌચ તરફ ધ્યાન આપવાનું જૈન આચારગ્રન્થો સારી પેઠે ફરમાવે છે. લાંબો વખત મળ-મૂત્ર રહેવાથી તેમાંથી ઉઠતા વિલક્ષણ જંતુઓના સંક્રમણ-ને લીધે અનેક રોગો પેદા થાય છે, એમ રસાયનશાસ્ત્ર બતાવે છે, ત્યારે જૈનશાસ્ત્ર પણ છૂટી જગ્યામાં મળ-મૂત્ર કરવાનું ફરમાવે છે.

ટૂંકમાં એટલું કહી દેવું જોઇએ કે શાસ્ત્રોક્ત આચાર-વ્યવહારો જીવનની ઉન્નતિનાં પગથિયાં છે. શાસ્ત્રનિયમાનુસાર વર્તન રાખવામાં આરોગ્યનો લાભ છે, અર્થસિદ્ધિ છે અને લોક-પ્રિયતા મેળવાય છે. સાથે જ સાથે આત્મોન્નતિનો ઉદ્દેશ પણ બરાબર સિદ્ધ કરી શકાય છે.

જ્યાં સુધી વસ્તુજ્ઞાનમાં સદેહ યા ભ્રાન્તિ હોય, ત્યાં સુધી યથાર્થ પ્રવૃત્તિ બનતી નથી, એ સુવિહિત છે. વસ્તુતત્ત્વની પરીક્ષા પ્રમાણદ્વારા થાય છે, એમાં બે મત નથી. આ માટે જૈનન્યાયની પરિભાષાનું અવલોકન પણ ટૂંકમાં કરી જઇએ.

ન્યાય-પરિભાષા.

"प्रमीयतेऽनेनेति प्रमाणम्"-જે વડે વસ્તુતત્ત્વનો યથાર્થ નિશ્ચય થાય, તે પ્રમાણ છે. યથાર્થજ્ઞાન વડે સદેહ,

ભ્રમ કે મૂઢતા દૂર થવાથી અને વસ્તુસ્વરૂપનો ખરો પ્રકાશ થવાથી, તે યથાર્થ જ્ઞાન 'પ્રમાણ' છે.

પ્રમાણના બે ભેદો છે—પ્રત્યક્ષ અને પરોક્ષ. મનસહિત ચક્ષુ આદિ ઇન્દ્રિયોથી રૂપ, રસ આદિનું જે ગ્રહણ થાય છે, અર્થાત્ ચક્ષુથી રૂપ જોવાય છે, જીભથી રસ ગ્રહણ કરાય છે, નાકથી ગન્ધ લેવાય છે, ત્વચાથી સ્પર્શ કરાય છે અને કાનથી શબ્દ શ્રવણ કરાય છે, તે પ્રત્યક્ષ છે.

વ્યવહારમાં અનુભવાતાં ઉપર્યુક્ત પ્રત્યક્ષોથી જુદા પ્રકારનું પ્રત્યક્ષ યોગીશ્વરોને હોય છે, જે, ઇન્દ્રિય અને મનની અપેક્ષા બિલકુલ રાખતું નથી, માત્ર આત્મશક્તિની અપેક્ષા રાખે છે.

ઇન્દ્રિયોથી પ્રત્યક્ષ થવામાં વસ્તુની સાથે ઇન્દ્રિયનો સંયોગ થવો જરૂરનો છે કે કેમ ? એ અત્રે વિચારનું સ્થલ છે.

જીભથી રસ લેવાય છે, ત્યાં જીભ અને રસનો સંયોગ બરાબર હોય છે. ત્વચાથી સ્પર્શ કરાય છે, ત્યાં ત્વચા અને સ્પર્શવાળી વસ્તુનો સંયોગ ચોખ્ખો કળાય છે. નાકથી ગન્ધ લેવાય છે, ત્યાં ગન્ધવાળાં દ્રવ્યો નાકની સાથે અવશ્ય સંયોગ ધરાવતાં હોય છે. દૂરથી ગન્ધ આવવામાં પણ દૂરથી આવતાં ગન્ધવાળાં સૂક્ષ્મ દ્રવ્યો નાકની સાથે અવશ્ય સંયુક્ત હોય છે. કાનથી સાંભળવાનું પણ, દૂરથી આવતા શબ્દો કાનની સાથે અથડાય છે, ત્યારે જ થાય છે.

એ રીતે જીભ, ત્વચા, નાક અને કાન એ ચાર ઇન્દ્રિયો

વસ્તુની સાથે સંયુક્ત થઇ પોતાના વિષયને ગ્રહણ કરે છે. પરન્તુ ચક્ષુ એ બાબતમાં ઉલટી છે. ચક્ષુથી દેખાતા નજીક કે દૂરના વૃક્ષ વગેરે પદાર્થો ચક્ષુની પાસે આવતા નથી, એ ખુલ્લું છે, તેમ ચક્ષુ પણ શરીરથી બહાર નિકળી તે પદાર્થો પાસે જતી નથી. આ ઉપરથી સાબિત થાય છે કે-ચક્ષુથી જોવામાં વસ્તુની સાથે ચક્ષુનો સંયોગ થતો નથી. અતએવ ચક્ષુ 'અપ્રાપ્યકારિ' કહેવાય છે. અર્થાત્ 'અપ્રાપ્ય' એટલે પ્રાપ્તિ કર્યા વગર-સંયોગ કર્યા વગર 'કારિ' એટલે વિષયને ગ્રહણ કરનાર. આનાથી ઉલટી ચાર ઇન્દ્રિયો 'પ્રાપ્ય-કારિ' કહેવાય છે. મન પણ ચક્ષુની જેમ અપ્રાપ્યકારિ છે.

પ્રત્યક્ષથી ઉલટું પરોક્ષ પ્રમાણ છે. પરોક્ષ વિષયનો અવબોધ પરોક્ષ પ્રમાણથી થાય છે પરોક્ષ પ્રમાણના પાંચ ભેદો પાડવામાં આવ્યા છે—સ્મરણ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન અને આગમ. પૂર્વે અનુભવ કરેલી વસ્તુની યાદી થવી એ **સ્મરણ** છે. સ્મરણ અનુભૂત વસ્તુ ઉપર બરાબર પ્રકાશ નાંખે છે. અતએવ તે 'પ્રમાણ' કહેવાય છે.

ખોવાઇ ગયેલી વસ્તુ, જ્યારે હાથ આવે છે, ત્યારે "તે જ આ" એવું જે જ્ઞાન સ્ફુરે છે, તે **પ્રત્યભિજ્ઞાન** છે. પૂર્વે જોયેલો માણસ જ્યારે ફરીને મળે છે, ત્યારે "सोऽयं देवदत्तः" અર્થાત "તે આ દેવદત્ત" એવું જે પ્રતિભાન થાય છે, તે પ્રત્યભિજ્ઞાન છે.

સ્મરણ થવામાં પૂર્વ થયેલ અનુભવજ કારણ છે, જ્યારે પ્રત્યભિજ્ઞાન થવામાં અનુભવ અને સ્મરણ એ બંને ભાગ લે

છે. સ્મરણમાં ' તે ઘડો ' એવું સ્ફુરણ થાય છે, જ્યારે પ્રત્ય-ભિજ્ઞાનમાં " તે આ ઘડો " એવો પ્રતિભાસ હોય છે. આથી એ બન્નેની ભિન્નતા સમજી શકાય છે. ખોવાયલી વસ્તુને દેખવાથી અથવા પૂર્વે દેખેલ મનુષ્યને જોવાથી ઉત્પન્ન થતા ' તે જ આ ' એવા જ્ઞાનમાં ' તે જ ' એ ભાગ સ્મરણરૂપ છે અને ' આ ' એ ભાગ ઉપસ્થિત વસ્તુ કે મનુષ્યને દેખવારૂપ અનુભવ છે. આ અનુભવ અને સ્મરણ એ બંનેના સંમિશ્રણ-રૂપ ' તે જ આ ' એ અખંડ જ્ઞાન ' પ્રત્યભિજ્ઞાન ' છે.

કોઇ એક ગૃહસ્થે કદાપિ રોઝ જોયું ન્હોતું. એક વખતે કોઇ ગોવાળના કહેવાથી એને જ્ઞાન થયું કે—ગાયના જેવું રોઝ હોય છે. કોઇ વખતે જંગલમાં સફર મારવા ગયેલા તેણે રોઝ જોયું. રોઝને દેખવાથી તેને ઝટ ' ગાયના જેવું જે હોય છે તે ' એવી સ્મૃતિ (યાદી) આવી; એ સ્મરણ અને 'આ' એવું રોઝનું પ્રત્યક્ષ દર્શન, એ બેના મિશ્રણ રૂપ ' તે જ આ રોઝ ' એ વિશિષ્ટ જ્ઞાન જે થાય છે, તે ' પ્રત્યભિજ્ઞાન ' છે. પ્રત્યભિજ્ઞાનનાં બીજા પ્રકારનાં પણ ઉદાહરણો છે.

તર્ક. જે વસ્તુ જેનાથી જૂદી પડતી નથી, જે વસ્તુ જેના વગર રહેતી નથી, એ વસ્તુનો એની સાથેનો જે સહ-ભાવરૂપ (સાથે રહેવા રૂપ) સંબન્ધ છે, તે સંબન્ધનો નિશ્ચય કરી આપનાર ' તર્ક ' છે. દૃષ્ટાંત તરીકે—ધૂમ, અગ્નિ વિના હોતો નથી—અગ્નિ વિના રહેતો નથી. જ્યાં જ્યાં ધૂમ છે, ત્યાં ત્યાં અગ્નિ છે. એવો કોઇ ધૂમવાન્ પ્રદેશ નથી કે જ્યાં અગ્નિ ન હોય. આવો જે ધૂમ અને અગ્નિનો સહભાવ—સંબંધ, બીજા

શબ્દોમાં કહીએ તો–ધૂમમાં રહેલો અગ્નિની સાથે રહેવાનો જે નિશ્ચલ નિયમ, તે તર્કથી સાબિત થઇ શકે છે. એ નિયમને તર્કશાસ્ત્રિઓ ‘ વ્યાપ્તિ ’ કહે છે. ધૂમમાં જ્યાં સુધી વ્યાપ્તિનો નિશ્ચય ન થયો હોય, ત્યાં સુધી ધૂમને દેખવા છતાં અગ્નિનું અનુમાન થઇ શકે નહિ, એ ખુલ્લી વાત છે. જેણે ધૂમમાં અગ્નિની વ્યાપ્તિનો નિશ્ચય કર્યો છે, તે જ મનુષ્ય, ધૂમ દેખી તે સ્થળે અગ્નિ હોવાનું ચોક્કસ અનુમાન કરી શકે છે. આ હકીકતથી સ્પષ્ટ થાય છે કે અનુમાનને માટે વ્યાપ્તિનિશ્ચય થવાની જરૂર છે, અને વ્યાપ્તિનિશ્ચય કરવા તર્કની જરૂર છે.

બે વસ્તુઓ, અનેક જગ્યાએ સાથે રહેલી દેખવાથી એમનો વ્યાપ્તિનિયમ સિદ્ધ થતો નથી, કિન્તુ એ બેને જૂદી પડવામાં શો વાંધો છે, એ તપાસતાં, વાંધો સિદ્ધ થતો હોય, તોજ એ બંનેનો વ્યાપ્તિનિયમ સિદ્ધ થઇ શકે છે. આવી રીતે બે વસ્તુના સાહચર્યની પરીક્ષા કરવાનો જે અધ્યવસાય, તે તર્ક છે. ધૂમ અને અગ્નિના સંબન્ધમાં પણ–“ જો અગ્નિ વિના પણ ધૂમ હોય, તો તે અગ્નિનું કાર્ય થશે નહિ; અને એમ થવાથી ધૂમની અપેક્ષાવાળા અગ્નિની જે શોધ કરે છે, તે કરશે નહિ. અગ્નિમાંથી ધૂમ પેદા થાય છે, એ પ્રત્યક્ષ છે. એટલે એમની પરસ્પર કારણ–કાર્યતા, જે લોકપ્રસિદ્ધ છે, તે ટકશે નહિ ”–આવા પ્રકારના તર્કથી જ તે બેની વ્યાપ્તિ સાબિત થાય છે, અને એ વ્યાપ્તિ–નિશ્ચયના બલથી અનુમાન કરાય છે. અતએવ ‘ તર્ક ’ પ્રમાણ છે.

અનુમાન. જે વસ્તુનું અનુમાન કરવું હોય, તે વસ્તુને છોડી નહિ રહેનારા એવા પદાર્થનું, બીજા શબ્દમાં હેતુનું દર્શન થવું જોઇએ અને એ હેતુમાં અનુમેય વસ્તુની વ્યાપ્તિ રહ્યાનું સ્મરણ હોવું જોઇએ. ત્યારે જ કોઇ પણ વસ્તુનું અનુમાન થઈ શકે છે.[1]

જેવી રીતે, કોઇ સ્થળે ધૂમની રેખા કોઇ માણસે જોઇ. તે ધૂમની રેખા જોવાથી અને તે ધૂમમાં અગ્નિની વ્યાપ્તિ હોવાનું યાદ આવવાથી તે માણસને ઝટ તે સ્થળે અગ્નિ હોવાનું અનુમાન સ્ફુરે છે. આમ, અનુમાન થવામાં—ઉપર કહ્યા પ્રમાણે—હેતુનું દર્શન અને હેતુમાં સાધ્યની વ્યાપ્તિ હોવાનું સ્મરણ અવશ્ય થવું જોઇએ.

'હેતુ', 'સાધ્ય', 'અનુમેય' વગેરે બધા સંસ્કૃત શબ્દો છે. 'હેતુ' એટલે સાધ્યને સિદ્ધ કરી આપનાર વસ્તુ. જેવી રીતે પૂર્વકથિત ઉદાહરણમાં 'ધૂમ'. હેતુનું લક્ષણ—સાધ્યથી કદાપિ ક્યાંય જૂદું ન રહેવું એ છે. હેતુને 'સાધન' પણ કહે છે. 'લિંગ' એ પણ સાધનનું જ નામાન્તર છે. 'સાધ્ય' એ, કે જે વસ્તુનું અનુમાન કરવાનું હોય. જેવી રીતે પૂર્વોક્ત ઉદાહરણમાં 'અગ્નિ'. 'અનુમેય' એ સાધ્યનું નામાન્તર છે.

બીજાના સમજાવ્યા વગર પોતાનીજ બુદ્ધિથી 'હેતુ'-દ્વારા જે અનુમાન કરાય છે, તે 'સ્વાર્થાનુમાન' કહેવાય છે. બીજાને સમજાવવા જે અનુમાનપ્રયોગ, જેવી રીતે કે—" અહિં

---

[1] " साधनात् साध्यविज्ञानमनुमानं विदुर्बुधाः " ॥

અગ્નિ છે, કારણ કે ધૂમ દેખાય છે, જ્યાં જ્યાં ધૂમ હોય છે, ત્યાં ત્યાં અગ્નિ નિયમેન હોય છે, જેમ રસોડામાં; અહીં પણ ધૂમ દેખાઇ રહ્યો છે, માટે અહીં અવશ્ય અગ્નિ છે. " એ પ્રકારે કરવામાં આવે છે, તે ' પરાર્થાનુમાન ' કહેવાય છે. પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન એ પાંચ પ્રકારનાં વાક્યો પ્રાયઃ પરાર્થ અનુમાનમાં જોડાય છે. " આ અગ્નિવાળો પ્રદેશ હોવો જોઇએ " એ ' પ્રતિજ્ઞા '–વાક્ય છે. " કારણ કે અહીં ધૂમ દેખાય છે " એ ' હેતુ '–વાક્ય છે. રસોડાનું ઉદાહરણ આપવું એ ' ઉદાહરણ '–વાક્ય છે. ઉદાહરણ આપ્યા પછી " અહીં પણ (રસોડાની જેમ) ધુમ દેખાઇ રહ્યો છે " એ ' ઉપનય '–વાક્ય છે. "માટે અહીં અગ્નિ અવશ્ય છે" એ 'નિગમન'–વાક્ય છે. આવી રીતે સર્વ અનુમાનોમાં યથાસંભવ અનુસન્ધાન કરી લેવું.

જે હેતુ ખોટો હોય, તે 'હેત્વાભાસ' કહેવાય છે. હેત્વાભાસથી સાચું અનુમાન કાઢી શકાતું નથી.

આગમ. જેમાં પ્રત્યક્ષ, અનુમાન આદિ પ્રમાણોથી વિરૂદ્ધ કથન ન હોય, આત્માની ઉન્નતિને લગતું જેમાં મહાન્ પ્રવચન હોય, એવું–તત્ત્વના ગંભીર સ્વરૂપ ઉપર પ્રકાશ પાડનારૂં, રાગદ્વેષ ઉપર દબાવ કરી શકનારૂં, પરમ પવિત્ર શાસ્ત્ર ' આગમ ' કહેવાય છે.

સદ્‌બુદ્ધિથી યથાર્થ બોલનારને ' આપ્ત ' કહેવામાં આવે છે. એવા આપ્તનું કથન ' આગમ ' કહેવાય છે. સહુથી પ્રથમ નંબરે આપ્ત એ છે કે–જેના રાગ આદિ સર્વ દોષો

ક્ષીણ થયા છે અને જેણે પોતાના નિર્મળ જ્ઞાનથી બહુ ઉત્તમ પ્રકારનો ઉપદેશ આપ્યો છે.

આગમમાં પ્રકાશિત કરેલું તત્ત્વજ્ઞાન ગંભીર હોય છે. અતએવ તટસ્થભાવથી વિચાર કરવામાં ન આવે, તો અર્થનો અનર્થ થઇ જવા પૂર્ણ સંભવ રહે છે. દુરાગ્રહનો ત્યાગ, જિજ્ઞાસા ગુણની પ્રબલતા અને સ્થિર તથા સૂક્ષ્મદષ્ટિ એટલાં સાધનો પ્રાપ્ત થયાં હોય, તો આગમનાં તત્ત્વોના ઉંડાણ ભાગમાં પણ નિર્ભીકતાથી વિચરી શકાય છે.

ઘણી વખતે ઉપલક દૃષ્ટિએ વિચારતાં કેટલાક મહર્ષિ-ઓના વિચારોમા વિરૂદ્ધતા માલૂમ પડે છે. પરંતુ તે વિચારોના ઉંડા ગર્ભમાં પ્રવેશ કરવાથી અને પૂર્વાપરનું ખૂબ અનુસન્ધાન કરવાથી, તથા તે વિચારોને પરસ્પર સંગત કરવા તરફ સૂક્ષ્મ નજર ફેંકવાથી તે વિચારોમાં સામ્ય રહેલું જોઇ શકાય છે.

પ્રમાણની વ્યાખ્યા જોઇ. પ્રમાણથી જૈનશાસ્ત્રમાં એક મહત્ત્વપૂર્ણ સિદ્ધાન્ત સાબિત કરવામાં આવ્યો છે. એ સિદ્ધાન્તનું નામ છે—

સ્યાદ્વાદ.

વસ્તુને જુદા જુદા દૃષ્ટિબિન્દુથી અવલોકન કરવું કે કથન કરવું એ 'સ્યાદ્વાદ' નો અર્થ છે. એકજ વસ્તુમાં અમુક અમુક અપેક્ષાએ જુદા જુદા ધર્મોનો સ્વીકાર કરવો એને સ્યાદ્વાદ કહેવામાં આવે છે. જેવી રીતે એક જ પુરૂષમાં

પિતા, પુત્ર, કાકો, ભત્રીજો, મામો, ભાણેજ વગેરે વ્યવહાર માનવામાં આવે છે, તેવી રીતે એક જ વસ્તુમાં-સ્પષ્ટીકરણ માટે એક વિશેષ વસ્તુને ઉઠાવીને કહીએ તો એકજ ઘટમાં નિત્યત્વ અને અનિત્યત્વ વગેરે વિરૂદ્ધરૂપે ભાસતા ધર્મો અપેક્ષાદૃષ્ટિએ સ્વીકાર કરવા એ સ્યાદ્વાદદર્શન છે.

એક જ પુરૂષ, પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર અને પોતાના પુત્રની અપેક્ષાએ પિતા, તેમ જ પોતાના ભત્રીજા અને ભાણેજની અપેક્ષાએ કાકો અને મામો, વળી પોતાના કાકા અને મામાની અપેક્ષાએ ભત્રીજો અને ભાણેજ બને છે. અને એ રીતે એક જ વ્યક્તિમાં પરસ્પર વિરૂદ્ધ દેખાતી બાબતોને પણ જૂદી જૂદી દૃષ્ટિએ કબૂલ રાખવામાં દરેકનો અનુભવ તૈયાર છે; તેમ, નિત્યત્વ અને અનિત્યત્વ વગેરે વિરૂદ્ધરૂપે મનાતા ધર્મોને પણ એકજ વસ્તુમાં જૂદી જૂદી અપેક્ષાએ કેમ ન માની શકાય ?

એ પહેલાં જાણવું જોઇએ કે 'ઘટ' શી વસ્તુ છે ? એકજ માટીમાંથી ઘડો, કુંડું વગેરે અનેક પાત્રો બને છે, એ બધાઓને સુવિદિત છે. ઘડો ફોડી તે જ માટીથી બનાવેલ કુંડાને કોઇ ઘડો કહેશે ? નહિ. કેમ ? માટી તો એની એ છે ? પરન્તુ નહિ, આકાર બદલાયો હોવાથી તે ઘડો કહેવાય જ નહિ. આ ઉપરથી સિદ્ધ થાય છે કે 'ઘડો' એ માટીનો અમુક આકાર-વિશેષ છે. પરન્તુ એ ધ્યાનમાં રાખવું કે તે આકાર-વિશેષ, માટીથી તદ્દન જૂદો નથી. તે તે આકારમાં ફેરવાયલી માટી જ જ્યારે 'ઘડો', 'કુંડું' વગેરે નામોથી

વ્યવહૃત થાય છે, તો પછી ઘડાના આકાર અને માટીને તદ્દન જુદાં કેમ માની શકાય ? આ ઉપરથી એ ખુલ્લું જાહેર થાય છે કે ' ઘડા ' નો આકાર અને માટી એ બંને ઘડાનું સ્વરૂપ છે. હવે એ ઉભય સ્વરૂપમાં વિનાશી સ્વરૂપ કયું છે અને ધ્રુવ સ્વરૂપ કયું છે, એ વિચારી લઈએ. ' ઘડાનો આકાર ' એ તો વિનાશી છે, એ પ્રત્યક્ષ જોઈએ છીએ, એટલે ઘડાનું એક સ્વરૂપ તો–જે ઘડાનો આકારવિશેષ છે, તે–વિનાશી ઠર્યું. હવે ઘડાનું બીજું સ્વરૂપ જે માટી છે, તે વિનાશી નથી. કારણ કે માટીના તે તે આકારો–પરિણામો બદલાયા કરે છે, પણ માટી તો એની એજ રહે છે, એ આપણને અનુભવસિદ્ધ છે.

ઉપર કહ્યા પ્રમાણે, ઘડાનું એક વિનાશી અને એક ધ્રુવ, એમ ઉભય સ્વરૂપ જોયું. એ ઉપરથી એમ માનવું સહજ પ્રાપ્ત થાય છે કે–વિનાશી રૂપથી ઘડો અનિત્ય છે અને ધ્રુવ-રૂપથી ઘડો નિત્ય છે. આવી રીતે એક જ વસ્તુમાં અપેક્ષાકૃત નિત્ય અને અનિત્યપણાની માન્યતાના સિદ્ધાન્તને સ્યાદ્વાદ કહેવામાં આવ્યો છે.

કંઈક વિશેષ સ્પષ્ટ કરવાની ખાતર સ્યાદ્વાદ તરફ પુનઃ દૃષ્ટિપાત કરીએ—

સર્વ પદાર્થોને ઉત્પત્તિ, નાશ અને સ્થિતિ વળગેલાં છે.[1] દૃષ્ટાન્ત તરીકે એક સોનાની કંઠી લઈએ. સોનાની કંઠી

---

૧ " उत्पाद–व्यय–ध्रौव्ययुक्तं सत् " ।

—તત્ત્વાર્થસૂત્ર, ' ઉમાસ્વાતિ ' વાચક.

ભાંગીને દોરો બનાવ્યો, ત્યારે કંઠીનો નાશ થયો અને દોરો ઉત્પન્ન થયો, એ આપણે સુસ્પષ્ટ જોઇએ છીએ. કંઠી ભાંગીને તે તમામ સુવર્ણનો બનાવેલ દોરો, તદ્દન–સર્વથા નવીજ વસ્તુ ઉત્પન્ન થઇ, એમ કહી શકાય નહિ. દોરાને તદ્દન નવીન ઉત્પન્ન થયેલો ત્યારેજ માની શકાય કે કંઠીની કોઈ પણ વસ્તુ તે દોરામાં આવી ન હોય. પરન્તુ જ્યારે કંઠીનું તમામ સુવર્ણ દોરામાં આવી ગયું છે, માત્ર કંઠીનો આકારજ બદલાયો છે, તો પછી દોરાને સર્વથા નવીન ઉત્પન્ન થયેલ કેમ કહેવાય ? એવીજ રીતે કંઠીનો પણ સર્વથા નાશ થયો ન મનાય. કંઠીનો સર્વથા નાશ ત્યારેજ માની શકાય કે. યદિ કંઠીની કોઇપણ ચીજ નાશથી બચી ન હોય. પરન્તુ જયારે કંઠીનું તમામ સુવર્ણ જેમનું તેમ દોરામાં ઉતર્યું છે, તો પછી કંઠીને સર્વથા નષ્ટ થયેલી કેમ માની શકાય ? આ હકીકતથી એ વાત સારી પેઠે ધ્યાનમાં ઉતરે છે કે–કંઠીનો નાશ, કંઠીની આકૃતિનો નાશ થયો, એટલા પૂરતો છે. અને દોરાની ઉત્પત્તિ, દોરાનો આકાર ઉત્પન્ન થયો, એટલા પૂરતી છે, જ્યારે એ કંઠી અને દોરાનું સુવર્ણ તો એકજ છે. કંઠી અને દોરો એ એ એકજ સુવર્ણના આકારભેદો સિવાય બીજું કશું નથી.

આ ઉપરથી જોઇ શકયા છીએ કે કંઠીને ભાંગી બનાવેલ દોરામાં–કંઠીરૂપે નાશ, દોરાના આકારે ઉત્પત્તિ તથા સુવર્ણની સ્થિતિ–એ ઉત્પાદ, નાશ અને સ્થિતિ (ધ્રુવત્વ) એ ત્રણે બાબતો બરાબર અનુભવાય છે. આમ, ઘડાને ફોડી બનાવેલ કુંડા જેવાં પણ અનેક ઉદાહરણો ઠામ ઠામ હાજર છે. ઘર જ્યારે પડી

ભાંગી જાય છે, ત્યારે, તે ઘર જે વસ્તુઓથી બનેલું હતું, તે સર્વ વસ્તુઓ તદ્દન વિલય પામી જતી નથી. તે બધા પદાર્થો સ્થૂલરૂપે અથવા સૂક્ષ્મરૂપે, અન્તતઃ પરમાણુરૂપે તો અવશ્ય જગત્‌માં રહે છે. આથી તે ઘરનો સર્વથા નાશ થયો તત્ત્વદષ્ટિએ ઘટી શકે નહિ. કોઇ પણ સ્થૂલ વસ્તુ વિખરાઇ જતાં તેના અણુઓ બીજી વસ્તુઓની સાથે મળી, નવું પરિવર્તન ઉભું કરે છે. દુનિયાના પદાર્થો દુનિયામાંજ સ્થૂલરૂપે યા સૂક્ષ્મ રૂપે ઇતસ્તતઃ વિચરણ કરે છે અને એથી નવાં નવાં રૂપાન્તરોનો પ્રાદુર્ભાવ થાય છે. દીવો શાંત થયો, એટલે દીવાનો તદ્દન નાશ થયો, એમ સમજવાનું નથી. દીવાનો પરમાણુસમૂહ બરાબર કાયમ છે. જે પરમાણુસંઘાતથી દીવો પ્રગટ્યો છે, તેજ પરમાણુસંઘાત, રૂપાન્તર પામી જવાથી પ્રદીપરૂપે નહિ દેખાતાં અન્ધકારરૂપે અનુભવાય છે. સૂર્યની રશ્મિથી પાણી સુકાઇ ગયું જોઇ, પાણીનો અત્યન્ત અભાવ થયો સમજવો નહિ. એ પાણી ગમે તે રૂપે પણ બરાબર કાયમ છે. તેના સ્થૂલરૂપનો નાશ થવાથી સૂક્ષ્મ અવસ્થામાં તેનું (કોઇ પણ વસ્તુનું) દર્શન ન થાય, એ બનવા જોગ છે. કોઈ મૂળ વસ્તુ નવી ઉત્પન્ન થતી નથી, અને કોઇ મૂળ વસ્તુનો સર્વથા વિનાશ થતો નથી, એ અટલ સિદ્ધાન્ત છે. દૂધનું બનેલું દહીં નવું ઉત્પન્ન થયું નથી. દૂધનુંજ પરિણામ દહીં છે. દૂધ રૂપે નષ્ટ થઇ, દહીં રૂપે ઉત્પન્ન થયેલ પદાર્થ પણ દૂધની જેમ ગોરસ કહેવાય છે, એ સર્વને માલૂમ છે. અતએવ ગોરસના આહારનો ત્યાગ કરી બેઠેલ, દૂધની જેમ દહીં પણ ખાઇ શકે નહિ. આથી દૂધ અને

દહીંમાં ગોરસ રૂપે રહેલું સામ્ય બરાબર અનુભવી શકાય છે.[1] આ પ્રમાણે સર્વત્ર સમજી રાખવાનું છે કે મૂળ તત્ત્વો આબાદ છે, અને એમાં જે અનેકાનેક પરિવર્તને થતાં રહે છે, અર્થાત્ પૂર્વ પરિણામને નાશ અને બીજા પરિણામને પ્રાદુર્ભાવ થતો રહે છે, તે વિનાશ અને ઉત્પાદ છે. આથી સર્વ પદાર્થો[2] ઉત્પાદ, વિનાશ અને સ્થિતિ (ધ્રુવત્વ) સ્વભાવવાળા બરાબર ઠરે છે. જેને ઉત્પાદ અને વિનાશ થાય છે, તેને જૈનશાસ્ત્રમાં ' પર્યાય ' કહે છે. જે મૂળ વસ્તુ સદા સ્થાયી છે, તેને 'દ્રવ્ય' કહેવામાં આવે છે. દ્રવ્યથી (મૂળ વસ્તુ રૂપે) દરેક પદાર્થ નિત્ય છે અને પર્યાયથી અનિત્ય છે. આ રીતે પ્રત્યેક વસ્તુને એકાન્ત નિત્ય નહિ, એકાન્ત અનિત્ય નહિ, કિન્તુ નિત્યાનિત્ય-રૂપે માનવી, એનું નામ ' સ્યાદ્વાદ ' છે.

---

૧ " पयोव्रतो न दध्यत्ति न पयोऽत्ति दधिव्रतः ।
अगोरसव्रतो नोभे तस्माद् वस्तु त्रयात्मकम् " ॥

—શાસ્ત્રવાર્તાસમુચ્ચય, હરિભદ્રસૂરિ.

" उत्पन्नं दधिभावेन नष्टं दुग्धतया पयः ।
गोरसत्वात् स्थिरं जानन् स्याद्वादद्विद् जनोऽपि कः?"

—અધ્યાત્મોપનિષદ્, યશોવિજયજી.

૨ 'વિજ્ઞાનશાસ્ત્ર' પણ વસ્તુને સ્વભાવ જણાવતાં મૂળ પ્રકૃતિને ધ્રુવ–સ્થિર માને છે અને તેમાંથી ઉત્પન્ન થતા પદાર્થો તેનું રૂપાન્તર, પરિણામાન્તર છે, એમ જણાવે છે. આ રીતે ઉત્પાદ, વિનાશ અને ધ્રૌવ્યના જૈનસિદ્ધાન્તને વિજ્ઞાન (Science) બરાબર સમર્થન કરે છે.

વસ્તુનો સદસદ્વાદ પણ સ્યાદ્વાદ છે. વસ્તુ સત્ કહેવાય છે, તે કોને લઈને ? એ વિચારણીય છે. રૂપ, રસ, આકાર વગેરે પોતાના ગુણોથી–પોતાના જ ધર્મોથી દરેક વસ્તુ ' સત્ ' હોઇ શકે છે. બીજાના ગુણોથી કોઇ વસ્તુ ' સત્ ' હોઇ શકતી નથી. હમેશાં, જે બાપ હોય છે, તે પોતાના પુત્રથી, બીજાના પુત્રથી નહિ. બીજા શબ્દોમાં આ દૃષ્ટાન્તને સ્ફુટ કરી કહીએ તો પોતાના પુત્રથી જે બાપ કહેવાય છે, તે જ પારકા છોકરાથી બાપ કહેવાતો નથી. આ પ્રમાણે સ્વપુત્રથી થતો પિતા, જેમ બીજાના પુત્રથી અપિતા છે, તેમ પોતાના ગુણોથી–પોતાના ધર્મોથી–પોતાના સ્વરૂપથી જે પદાર્થ ' સત્ ' છે, તે જ પદાર્થ બીજાના ધર્મોથી–બીજામાં રહેલા ગુણોથી–બીજાના સ્વરૂપથી ' સત્ ' હોઇ શકે નહિ. ' સત્ ' ન હોઇ શકે, ત્યારે સુતરાં ' અસત ' છે, એ સ્વતઃ સિદ્ધ થાય છે.

ઉપર કહ્યા પ્રમાણે જૂદી જૂદી અપેક્ષાએ ' સત્ ' ને ' અસત્ ' કહેવામાં વિચારશીલ વિદ્વાનોને વાંધો જણાતો નથી. ' સત્ ' ને પણ ' સત્ ' પણાનો જે નિષેધ કરવામાં આવે છે, તે ઉપર કહ્યા પ્રમાણે પોતામાં નહિ રહેલી અન્ય ધર્મોની સત્તાની અપેક્ષાએ. લેખન કે વક્તૃત્વ શકિત નહિ ધરાવનાર એમ કહી શકે છે કે " હું લેખક નથી " અથવા " હું વક્તા નથી ". આ શબ્દપ્રયોગોમાં ' હું ' કહેવું અને સાથે ' નથી ' કહેવું, એ શું અયુક્ત છે કે ? નહિ. કારણ કે ' હું ' પોતે ' સત્ ' છતાં મારામાં લેખન કે વક્તૃત્વ શક્તિ નહિ હોવાથી તે શક્તિ રૂપે ' હું નથી ' એ સ્પષ્ટ છે.

આ પ્રમાણે સર્વત્ર અનુસન્ધાન કરવાથી એક વ્યક્તિમાં, સત્ત્વ અને અસત્ત્વનો સ્યાદ્વાદ બરાબર હૃદયમાં ઉતરી શકે તેમ છે.

દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી વિચારતાં, ઘટ (હરેક પદાર્થ) પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી સત્ છે અને બીજાના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી અસત્ છે. જેવી રીતે કાશીમાં, વર્ષાઋતુમાં ઉત્પન્ન થયેલ માટીનો કાળો ઘટ, દ્રવ્યથી માટીનો છે, અર્થાત્ મૃત્તિકારૂપ છે, પરન્તુ જલરૂપ નથી. ક્ષેત્રથી બનારસનો છે, પરન્તુ બીજા ક્ષેત્રનો નથી કાલથી વર્ષાઋતુનો છે, પરન્તુ બીજી ઋતુનો નથી. ભાવથી શ્યામવર્ણવાળો છે, પરન્તુ અન્યવર્ણવાળો નથી. ટૂંકમાં પોતાના સ્વરૂપથી જ હરેક વસ્તુ 'અસ્તિ' કહી શકાય, બીજાના સ્વરૂપથી નહિ. બીજાના સ્વરૂપથી 'અસ્તિ' ન કહેવાય, ત્યારે અર્થાત બીજાના સ્વરૂપથી નાસ્તિ કહેવાય.

વળી સ્યાદ્વાદનું એક ઉદાહરણ જોઈએ. વસ્તુમાત્રમાં સમાન ધર્મ અને વિશેષ ધર્મ રહેલા છે. સો ઘડાઓમાં 'ઘડો' 'ઘડો' એવી જે એકાકાર (એક સરખી) બુદ્ધિ ઉત્પન્ન થાય છે, એ જ બતાવી આપે છે કે તમામ ઘડાઓમાં સામાન્ય-ધર્મ–એકરૂપતા રહેલી છે. તે સિવાય, સો ઘડાઓમાંથી પોતપોતાનો ઘડો જે ઓળખી લેવાય છે, એ ઉપરથી તમામ ઘડાઓ એક–બીજાથી વિશેષતા–ભિન્નતા–પૃથક્તાવાળા સિદ્ધ થાય છે. આ પ્રમાણે સામાન્ય સ્વરૂપ અને વિશેષ સ્વરૂપ સર્વ પદાર્થોમાં સમજવું. એ બંને સ્વરૂપ પરસ્પર–સાપેક્ષ છે

અને વસ્તુથી અલગ નથી. અતઃ પ્રત્યેક વસ્તુને સામાન્ય-વિશેષોભયાત્મક સમજવી એ[1] સ્યાદ્વાદદર્શન છે.

સ્યાદ્વાદના સંબન્ધમાં કેટલાકોનું એમ કહેવું થાય છે કે તે નિશ્ચયવાદ નથી, કિન્તુ સંશયવાદ છે. અર્થાત્ એક જ વસ્તુને નિત્ય સમજવી અને અનિત્ય પણ સમજવી, અથવા એકજ વસ્તુને સત્ માનવી અને અસત પણ માનવી એ સંશયવાદ નહિ તો બીજું શું ? પરન્તુ આ કથન અયુક્ત છે, એમ વિચારકોને સ્પષ્ટ સમજાય છે.[2] સંશયના

---

૧ 'સ્યાદ્વાદ' વિષયમાં તાર્કિકોના તર્કવાદો અતિપ્રબલ છે. 'હરિભદ્રસૂરિ'કૃત 'અનેકાન્તજયપતાકા'માં આ વિષયને પ્રૌઢ લખાણથી ચર્ચ્યો છે.

૨ ગુજરાતના પ્રસિદ્ધ વિદ્વાન્ પ્રો૦ આનંદશંકર ધ્રુવે પોતાના એક વખતના વ્યાખ્યાનમાં 'સ્યાદ્વાદ' સિદ્ધાન્ત વિષે પોતાનો અભિપ્રાય દર્શાવતાં જણાવ્યું હતું કે—"સ્યાદ્વાદનો સિદ્ધાન્ત, અનેક સિદ્ધાન્તો અવલોકીને તેનો સમન્વય કરવા ખાતર પ્રકટ કરવામાં આવ્યો છે. સ્યાદ્વાદ એકીકરણનું દષ્ટિબિન્દુ અમારી સ્હામે ઉપસ્થિત કરે છે. શંકરાચાર્યે સ્યાદ્વાદ ઉપર જે આક્ષેપ કર્યો છે, તે મૂળ રહસ્યની સાથે સંબન્ધ રાખતો નથી. એ નિશ્ચય છે કે વિવિધદષ્ટિબિન્દુઓદ્વારા નિરીક્ષણ કર્યા વગર કોઇ વસ્તુ સંપૂર્ણ સ્વરૂપે સમજવામાં આવી શકે નહિ. આ માટે સ્યાદ્વાદ ઉપયોગી તથા સાર્થક છે. મહાવીરના સિદ્ધાન્તમાં બતાવેલ સ્યાદ્વાદ-ને કેટલાક સંશયવાદ કહે છે, એ હું નથી માનતો. સ્યાદ્વાદ સંશયવાદ નથી, કિન્તુ તે એક દષ્ટિબિન્દુ અમને મેળવી આપે

સ્વરૂપને યથાર્થ સમજનાર આ સ્યાદ્વાદને સંશયવાદ કહેવાનું સાહસ કદાપિ કરી શકે નહિ. રાત્રે કાળી દોરડી પર નજર પડવાથી " આ સર્પ છે કે દોરડી ? " એવો સન્દેહ કોઇ વખતે ઉત્પન્ન થઇ જાય છે. દૂરથી ઝાડના ઠૂંઠાને જોઇ " આ ઝાડ છે કે કોઇ માણસ ? " એવો શક કદાચિત્ ઉભો થઇ જાય છે. આવી રીતે સંશયનાં અનેક ઉદાહરણો જાણીતાં છે. આ સંશયમાં સર્પ અને દોરડી, અથવા વૃક્ષ અને માણસ, એ બંને વસ્તુઓ પૈકી એક પણ વસ્તુ નિશ્ચિત હોતી નથી. અમુક એક વસ્તુ કોઇ ચોક્કસરૂપે સમજવામાં ન આવે, એ સંશય છે. સંશયનું આવું સ્વરૂપ સ્યાદ્વાદમાં કોઇ બતાવી શકે તેમ છે ? સ્યાદ્વાદ એક જ વસ્તુને જૂદી જૂદી અપેક્ષાએ અનેક રીતે અવલોકવાનું કહે છે. અર્થાત એક જ વસ્તુ અમુક અપેક્ષાએ ' અસ્તિ ' છે, એ નિશ્ચિત વાત છે અને અમુક અપેક્ષાએ ' નાસ્તિ ' છે. એ પણ નિશ્ચિત વાત છે. તેમજ એક વસ્તુ અમુક દૃષ્ટિએ નિત્ય રૂપે પણ નિશ્ચિત છે અને અમુક દૃષ્ટિએ અનિત્ય રૂપે પણ નિશ્ચિત છે. આવી રીતે એક જ પદાર્થને, વિરૂદ્ધ રીતે ભાસતા પણ અપેક્ષા–સંગત ધર્મોથી

છે–વિશ્વનું કેવી રીતે અવલોકન કરવું જોઇએ, એ અમને શિખવે છે. "

કાશીના મર્હુમ મહામહોપાધ્યાય રામમિશ્રશાસ્ત્રીજીએ સ્યાદ્વાદના વિષયમાં જે પોતાનો ઉંચો મત દર્શાવ્યો છે, તેને માટે તેઓનું વ્યાખ્યાન ' સુજનસમ્મેલન ' જુઓ.

युक्त होवानो भिन्न भिन्न अपेक्षादृष्टिए जे निश्चय करवो एनुं नाम स्याद्वाद छे. आ स्याद्वादने 'संशय-वाद' कहेवो ए प्रकाशने अन्धकार कहेवा बराबर छे.

" स्याद् अस्त्येव घटः " " स्याद् नास्त्येव घटः " ।
" स्याद् नित्य एव घटः " " स्याद् अनित्य एव घटः " ।

ए स्याद्वादनां एवकार युक्त वाक्योमां—उपर बताव्या प्रमाणे " अमुक [1]अपेक्षाए घट सत्‌ज छे. अमुक अपेक्षाए घट असत् ज छे. अमुक अपेक्षाए घट नित्य ज छे. अमुक अपेक्षाए घट अनित्य ज छे " ए प्रमाणे निश्चयात्मक अर्थ समजवानो छे. ' स्यात् ' शब्दनो अर्थ—' कदाच, ' ' शायद ' के एवा कोई बीजा संशयवाचक शब्दथी करवानो नथी ज. निश्चयवादमां संशयना शब्दनुं काम शुं ? घटने घटरूपे समजवुं जेटलुं यथार्थ छे—निश्चयरूप छे, घटने अपेक्षा-दृष्टिए अनित्य अने नित्य ए बने रूपे समजवुं—ए पण तेटलुं ज यथार्थ, निश्चयरूप छे. आथी स्याद्वादने अव्यवस्थित के अस्थिर सिद्धान्त पण कही शकाय नहि, ए* चोक्कस छे.

---

१ ' स्यात् ' शब्दनो अर्थ—' अमुक अपेक्षाए ' थाय छे. जुओ, आगळ सप्तभंगीनुं प्रकरण.

* विशाळ दृष्टिथी दर्शनशास्त्रो जोनार सारी पेठे समजी शके

છે કે—દરેક દર્શનકારોને સ્યાદ્વાદ સ્વીકારવો પડયો છે. [1]સત્ત્વ, રજ અને તમ એ પરસ્પર વિરૂદ્ધ ત્રણ ગુણોવાળી પ્રકૃતિને માનનાર સાંખ્યદર્શન, પૃથિવીને પરમાણુરૂપે નિત્ય અને સ્થૂલરૂપે અનિત્ય માનનાર તથા દ્રવ્યત્વ-પૃથિવીત્વ આદિ ધર્મોને સામાન્ય અને વિશેષ રૂપે સ્વીકારનાર [2]નૈયાયિક વૈશેષિક દર્શન, અનેકવર્ણયુકત વસ્તુના અનેકવર્ણાઽઽકારવાળા એક ચિત્રજ્ઞાનને-જેમાં અનેક વિરૂદ્ધ વર્ણો પ્રતિભાસે છે—માનનાર [3]બૌદ્ધદર્શન, પ્રમાતા, પ્રમિતિ અને પ્રમેય આકારવાળું એક જ્ઞાન, જે તે ત્રણે પદાર્થના પ્રતિભાસરૂપ છે, તેને મંજૂર કરનાર મીમાંસકદર્શન, અને એવા જ [4]પ્રકારાન્તરથી

---

१ " इच्छन् प्रधानं सत्त्वाद्यैर्विरुद्धैर्गुम्फितं गुणैः ।
सांख्यः संख्यावतां मुख्यो नानेकान्तं प्रतिक्षिपेत्"

—વીતરાગસ્તોત્ર, હેમચન્દ્રાચાર્ય.

२ " चित्रमेकमनेकं च रूपं प्रामाणिकं वदन् ।
योगो वैशेषिको वापि नानेकान्तं प्रतिक्षिपेत्"॥

—વીતરાગસ્તોત્ર, હેમચન્દ્રાચાર્ય.

અર્થાત્—નૈયાયિકો અને વૈશેષિકો એક ચિત્રરૂપ માને છે. અનેક વર્ણો જેમાં હોય, તે ચિત્રરૂપ કહેવાય. આને એકરૂપ કહેવું અને અનેકરૂપ કહેવું એ સ્યાદ્વાદની સીમા છે.

३ " विज्ञानस्यैकमाकारं नानाऽऽकारकरम्बितम् ।
इच्छंस्तथागतः प्राज्ञो नानेकान्तं प्रतिक्षिपेत् "॥

—વીતરાગસ્તોત્ર, હેમચન્દ્રાચાર્ય.

४ " जातिव्यक्त्यात्मकं वस्तु वदन्ननुभवोचितम् ।
भट्टो वापि मुरारिर्वा नानेकान्तं प्रतिक्षिपेत् "।

બીજાઓ પણ સ્યાદ્વાદને અર્થતઃ માન આપે છે. છેવટે ચાર્વાકને પણ સ્યાદ્વાદની આજ્ઞામાં બંધાવું પડયું છે. જેમકે—પૃથ્વી, જલ, તેજ અને વાયુ એ ચાર તત્ત્વો સિવાય પાંચમું તત્ત્વ ચાર્વાકને મંજૂર નથી. એથી એ ચાર તત્ત્વોથી પ્રાદુર્ભૂત થતું ચૈતન્ય, તે ચાર તત્ત્વોથી અલગ તો ચાર્વાકથી માની શકાય નહિ. અગર ચૈતન્યને પૃથિવ્યાદિપ્રત્યેકતત્ત્વરૂપ માને, તો ઘટાદિ પદાર્થોને ચેતન બનવાનો દોષ આવી પડે એ ચાર્વાકની નજર–બહાર નથી. અતએવ ચાર્વાકનું કહેવું એમ છે અગર ચાર્વાકે એમ કહેવું જોઇએ કે–ચૈતન્ય, પૃથિવ્યાદિઅનેકતત્ત્વરૂપ છે. આવી રીતે એક ચૈતન્યને અનેકવસ્તુરૂપ, અનેકતત્ત્વાત્મક *માનવું એ સ્યાદ્વાદની જ મુદ્રા છે.

" अबद्धं परमार्थेन बद्धं च व्यवहारतः ।
ब्रुवाणो ब्रह्मवेदान्ती नानेकान्तं प्रतिक्षिपेत् " ॥
" ब्रुवाणा भिन्नभिन्नार्थान् नयभेदव्यपेक्षया ।
प्रतिक्षिपेयुर्नो वेदाः स्याद्वादं सार्वतान्त्रिकम् "॥

—અધ્યાત્મોપનિષદ્ યશોવિજયજી.

" જાતિ અને વ્યક્તિ એ બંને રૂપે વસ્તુને કહેનાર **ભટ્ટ** અને **મુરારિ** સ્યાદ્વાદને ન છોડી શકે નહિ. "

" આત્માને વ્યવહારથી બદ્ધ અને પરમાર્થથી અબદ્ધ માન-નાર બ્રહ્મવાદી સ્યાદ્વાદને ધિક્કારી શકે નહિ. "

" જૂદા જૂદા નયની વિવક્ષાથી ભિન્ન ભિન્ન અર્થને પ્રતિ-પાદન કરનાર વેદો–સર્વ તન્ત્રોને માનનીય એવા–સ્યાદ્વાદને વખોડી શકે નહિ. "

* આવી રીતે માનવામાં પણ આત્માની ગરજ સરતી નથી,

હવે વસ્તુના પ્રત્યેક ધર્મની અન્દર સ્યાદ્વાદની વિવેચના, જેને 'સપ્તભંગી' કહે છે, તે જોઇએ—

સપ્તભંગી.

ઉપર જોઈ ગયા છીએ કે—'સ્યાદ્વાદ' એક જ વસ્તુમાં જૂદી જૂદી અપેક્ષાએ અસ્તિત્વ—નાસ્તિત્વ, નિત્યત્વ—અનિત્યત્વ વગેરે અનેક ધર્મો હોવાનું કથે છે. આ ઉપરથી સમજી શકાય છે કે, વસ્તુ—સ્વરૂપ જેવા પ્રકારનું હોય, તેવી રીતે તેની વિવેચના કરવી જોઇએ. વસ્તુસ્વરૂપની જિજ્ઞાસાવાળા કોઇએ પ્રશ્ન કર્યો કે—"ઘડો અનિત્ય છે?" આ પ્રશ્ન ઉપર સમાધાન કરનાર માત્ર એમજ કહે કે—"ઘડો અનિત્ય જ છે," તો એ કથન કાં તો યથાર્થ નથી, કાં તો અધૂરૂં છે. કેમકે તે કથન યદિ સમ્પૂર્ણ દૃષ્ટિના વિચારના પરિણામે કહેવાયું હોય તો તે યથાર્થ નથી. કારણ કે ઘડો (કોઇ પણ વસ્તુ) સમ્પૂર્ણ દૃષ્ટિએ

એ ધ્યાનમાં રાખવું. એ વિષે આત્મસિદ્ધિના ગ્રન્થો જોવા. સ્યાદ્વાદના સંબંધમાં ચાર્વાકની સમ્મતિ લેવી કે નહિ, તે વિષે હેમચન્દ્રાચાર્ય વીતરાગસ્તોત્રમાં આ પ્રમાણે કથે છે—

"सम्मतिर्विमतिर्वापि चार्वाकस्य न मृग्यते ।
परलोकाऽऽत्ममोक्षेषु यस्य मुह्यति शेमुषी" ॥

અર્થાત્—સ્યાદ્વાદના સંબન્ધમાં ચાર્વાક, કે જેની બુદ્ધિ પરલોક, આત્મા અને મોક્ષમાં મૂઢ બની છે, તેની સમ્મતિ કે વિમતિ (પસંદગી કે નાપસંદગી) જોવાની જરૂર નથી.

વિચારતાં અનિત્ય હોવાની સાથે નિત્ય પણ ઠરે છે. કદાચિત્ તે કથન અમુક દૃષ્ટિએ કહેવાયું હોય, તો તે વાક્યમાં "તે કથન અમુક દૃષ્ટિએ છે" એમ સૂચન કરનાર કોઇ શબ્દ મૂકવો જોઇએ છે. એ વગર તે જવાબ અધૂરો કહી શકાય. આ ઉપરથી સમજનાર સમજી શકે છે કે—વસ્તુનો કોઇ પણ ધર્મ બતાવવો હોય, તો એવી રીતે બતાવવો જોઇએ કે તેના પ્રતિપક્ષ ધર્મની તે વસ્તુમાંથી બેઠક ઉડી જવા ન પામે. અર્થાત્ કોઇપણ વસ્તુને નિત્ય બતાવતાં એવો કોઇ શબ્દ મૂકવો જોઇએ કે જેથી તે વસ્તુમાં રહેલા અનિત્યત્વ ધર્મનો અભાવ સૂચિત થવા પામે નહિ. તેમજ કોઇપણ વસ્તુને અનિત્ય બતાવવામાં એવો શબ્દ જોડવો જોઇએ કે જેથી તે વસ્તુમાં રહેલા નિત્યત્વ ધર્મનું તેમાં ન હોવાનું સૂચિત થાય [1] નહિ. આવો શબ્દ સંસ્કૃતભાષામાં 'स्यात्' છે. 'स्यात्' શબ્દનો અર્થ—"અમુક અપેક્ષાએ" એવો થાય છે. 'स्यात्' શબ્દ, અથવા તેના અર્થવાળો સંસ્કૃતભાષાનો 'कथंचित्' શબ્દ, કાં તો "અમુક અપેક્ષાએ" એ વાક્ય જોડીને "स्यादनित्य एव घटः"—"અમુક અપેક્ષાએ ઘટ અનિત્ય જ છે" એમ વિવેચના કરવામાં, ઘટમાં અન્ય અપેક્ષાએ રહેલા નિત્યત્વ ધર્મને બાધ પહોંચે નહિ.[2] આ ઉપરથી વસ્તુસ્વરૂપને અનુસરતા કેવા શબ્દપ્રયોગો કરવા

---

૧ એ રીતે 'અસ્તિત્વ' વગેરે ધર્મોમાં પણ સમજી લેવું.

૨ 'स्यात्' શબ્દ કે તેના અર્થવાળો બીજો શબ્દ જોડ્યા વગર પણ વચનવ્યવહાર થતો જોવાય છે. પરન્તુ વ્યુત્પન્ન પુરૂષને સર્વત્ર અનેકાન્તદૃષ્ટિનું અનુસન્ધાન રહ્યા કરે છે.

જોઇએ, એ ખ્યાલમાં રાખવાનું પ્રાપ્ત થાય છે. જૈનશાસ્ત્રકારો વસ્તુના પ્રત્યેક ધર્મના વિધાન અને નિષેધને લગતા શબ્દપ્રયોગો સાત પ્રકારે હોવાનું દર્શાવે છે. ઉદાહરણ તરીકે ' ઘટ 'ને લઇએ, અને એના ' અનિત્ય ' ધર્મ તરફ દૃષ્ટિપાત કરીએ—

પ્રથમ શબ્દપ્રયોગ. " ઘટ અનિત્ય છે, એ ચોક્કસ છે, પરન્તુ અમુક અપેક્ષાએ. " આ વાકયથી, ઘટમાં અમુક દૃષ્ટિએ અનિત્યધર્મનું મુખ્યત્વેન વિધાન થાય છે.

દ્વિતીય શબ્દપ્રયોગ. " ઘટ અનિત્યધર્મરહિત છે, અર્થાત્ નિત્ય છે, એ નક્કી વાત છે, પરન્તુ અમુક અપેક્ષાએ." આ બીજા વાકયથી, ઘટમાં અમુક અપેક્ષાએ અનિત્યધર્મનો મુખ્યત્વેન નિષેધ કરવામાં આવે છે.

તૃતીય શબ્દપ્રયોગ. " કોઇએ પૂછયું કે–" ઘટ અનિત્ય અને નિત્ય એ બંને ધર્મવાળો છે ? " તો એ પ્રશ્નના સમાધાનમાં " હા, ઘટ અમુક અપેક્ષાએ, મુખ્યત્વે કરી ચોકકસ અનિત્ય અને નિત્ય છે " એમ જે કહેવું એ ત્રીજો વચનપ્રકાર છે. આ વાકયથી મુખ્યત્વેન અનિત્યધર્મનું વિધાન અને તેનો નિષેધ એ બંને ક્રમશઃ કરવામાં આવે છે.

ચતુર્થ શબ્દપ્રયોગ. " ઘટ કોઇ અપેક્ષાએ અવક્તવ્ય છે. " ત્રીજા વાક્યમાં કહ્યા પ્રમાણે ઘટને અનિત્ય અને નિત્ય, એમ બંને રીતે ક્રમશઃ બતાવી શકાય છે. પરન્તુ ક્રમ વગર–યુગપત (એક સાથે) ઘટને અનિત્ય અને નિત્ય કહેવો હોય,

તો તેને માટે 'અનિત્ય,' 'નિત્ય' કે બીજો કોઇ શબ્દ કામ લાગતો ન હોવાથી જૈનશાસ્ત્રકારો તેને 'અવક્તવ્ય' શબ્દથી વ્યવહારમાં મૂકે છે. વાત બરાબર છે. ઘટ જેમ અનિત્ય રૂપે અનુભવાય છે, તેમ નિત્ય રૂપે પણ અનુભવાય છે. એથી ઘટ કેવળ અનિત્યરૂપે ઠરતો નથી, તેમજ કેવલ નિત્યરૂપે ઘટતો નથી, કિન્તુ નિત્યાનિત્યરૂપ વિલક્ષણ જાતિવાળો ઠરે છે. આવી હાલતમાં ઘટને યથાર્થરૂપે—નિત્ય અને અનિત્ય એ બંને રૂપે—ક્રમથી નહિ, કિન્તુ એક સાથ બતાવવો હોય તો શાસ્ત્રકારો કહે છે કે, એવી રીતે બતાવવામાં કોઇ શબ્દ છે જ નહિ.* અતએવ ઘટ અવક્તવ્ય છે.

---

* કોઇ પણ શબ્દ એક સાથે અનિત્ય—નિત્ય ધર્મોને મુખ્યત્વેન પ્રતિપાદન કરી શકે તેમ નથી. તેવી રીતે પ્રતિપાદન કરવામાં શબ્દની શક્તિ નથી. 'નિત્યાનિત્ય' સમાસવાક્ય પણ ક્રમથીજ નિત્ય—અનિત્ય ધર્મોને પ્રતિપાદન કરે છે, એક સાથે નહિ. "सकृदुच्चरितं पदं सकृदेवार्थं गमयति" અર્થાત્ "एकं पदमेकदैकधर्मावच्छिन्नमेवार्थं बोधयति" આ ન્યાયથી 'એક શબ્દ એકવાર એકજ ધર્મને-એકજ ધર્મથી યુક્ત અર્થને બોધન કરે છે' એવો અર્થ પ્રાપ્ત થાય છે. અને એથી એ સમજવાનું છે કે, સૂર્ય અને ચન્દ્ર એ બંનેનો વાચક 'પુષ્પદંત' શબ્દ સૂર્ય અને ચન્દ્રને (એવા અનેક—અર્થવાળા બીજા પણ શબ્દો પોતાના અર્થોને) ક્રમથીજ બોધન કરે છે, એક સાથ નહિ. આ ઉપરથી, કોઇ નવો સંકેતશબ્દ ઘડીને એનાથી યદિ અનિત્ય—નિત્ય ધર્મોને મુખ્યપણે એક સાથ બોધન કરવાનો મનોરથ કરવામાં આવે તો તે પણ બની શકે તેમ નથી.

ચાર વચનપ્રકારો જોઈ ગયા. તેમાં મૂળ તો શરૂઆતના બે જ છે. પાછળના બે વચનપ્રકારો, શરૂઆતના બે વચન-પ્રકારોના સંયોગથી ઉદ્ભવેલા છે. "કથંચિત્-અમુક અપેક્ષાએ ઘટ અનિત્ય જ છે" "કથંચિત્-અમુક અપેક્ષા-એ ઘટ નિત્ય જ છે" એ બે શરૂઆતનાં વાક્યો જે અર્થ બતાવે છે, તે જ અર્થને ક્રમથી ત્રીજો વચનપ્રકાર દર્શાવે છે, અને તે જ અર્થને ક્રમ વગર યુગપત્-એક સાથ બતાવનાર ચોથું વાક્ય છે. આ ચોથા વાક્ય ઉપર મનન કરતાં એ સમજી શકાય છે કે ઘટ કોઈ અપેક્ષાએ અવક્તવ્ય પણ છે, અર્થાત કોઈ અપેક્ષાએ ઘટમાં અવક્તવ્યત્વ ધર્મ પણ રહેલો છે. પરન્તુ એકાન્ત રીતે ઘટને અવકતવ્ય માનવો ન જોઈએ. એમ માનવા જતાં, અમુક અપેક્ષાએ ઘટ અનિત્ય રૂપે અથવા અમુક અપેક્ષાએ ઘટ નિત્યરૂપે જે અનુભવાય છે, તેમાં આપત્તિ આવી પડશે. અતએવ ઉપરના ચારે વચનપ્રયોગો 'સ્યાત્' શબ્દથી યુકત, અર્થાત્ કથંચિત્, એટલે અમુક અપેક્ષાએ સમજવા જોઈએ.

આ ચાર વચનપ્રકારો ઉપરથી બીજા ત્રણ વચનપ્રયોગો ઉપજાવી શકાય છે—

અહીં એ ધ્યાનમાં રહે કે, એક સાથે મુખ્યપણે નહિ કહી શકાતા એવા નિત્યત્વ-અનિત્યત્વ ધર્મો 'અવક્તવ્ય' શબ્દથી કથન કરાતા નથી, કિન્તુ તે ધર્મો મુખ્યપણે એક સાથે કહી શકાતા ન હોવાને લીધે વસ્તુમાં 'અવક્તવ્ય' નામનો ધર્મ પ્રાપ્ત થાય છે, કે જેનું 'અવકતવ્ય' શબ્દથી કથન કરાય છે.

પંચમ વચનપ્રકાર. " અમુક અપેક્ષાએ ઘટ અનિત્ય હોવાની સાથે અવક્તવ્ય છે."

ષષ્ઠ વચનપ્રકાર. " અમુક અપેક્ષાએ ઘટ નિત્ય હોવાની સાથે અવક્તવ્ય છે."

સપ્તમ વચનપ્રકાર. " અમુક અપેક્ષાએ ઘટ અનિત્ય અને નિત્ય હોવાની સાથે અવક્તવ્ય છે."

સામાન્યતઃ ઘટને અનિત્ય, નિત્ય અને અવક્તવ્ય એ ત્રણ રીતે જોઇ ગયા છીએ. એમાંથી, કોઇ અપેક્ષાએ ઘટનો અનિત્ય હોવાની સાથે અવક્તવ્ય રૂપે, કોઇ અપેક્ષાએ ઘટનો નિત્ય હોવાની સાથે અવક્તવ્ય તરીકે અને કોઇ અપેક્ષાએ ઘટનો ક્રમશઃ મુખ્યપણે અનિત્ય તથા નિત્ય હોવાની સાથે અવક્તવ્યરૂપે વચનવ્યવહાર થવો, એ સુસંભવિત છે. આ ત્રણ વચનપ્રકારોને ઉપરના ચાર વચનપ્રકારો સાથે મેળવતાં સાત વચનપ્રકારો થાય છે. આ સાત વચનપ્રકારોને જૈનો " સપ્તભંગી " કહે છે. ' सप्त ' એટલે સાત, ' भंग ' એટલે પ્રકાર, અર્થાત સાતે વચનપ્રકારોનો સમૂહ, એ ' સપ્તભંગી ' કહેવાય છે. આ સાતે વચનપ્રયોગો જુદી જુદી અપેક્ષાએ-જુદી જુદી દૃષ્ટિએ સમજવા. કોઈ પણ વચનપ્રકાર એકાન્તદૃષ્ટિએ માનવાનો છે જ નહિ. એક વચન-પ્રકારને એકાન્તદૃષ્ટિએ માનતાં બીજા વચનપ્રકારો અસત્ય ઠરે, એ દેખીતી વાત છે.*

---

* " सर्वत्राऽयं स्वनिर्विधिप्रतिषेधाभ्यां स्वार्थमभिदधानः सप्तभंगीमनुगच्छति " ।

આ સપ્તભંગી (સાત વચનપ્રયોગો) બે વિભાગમાં વ્હેંચાય છે. એકને ' સકલાદેશ ' કહેવામાં આવે છે, જ્યારે બીજી સપ્તભંગી ' વિકલાદેશ ' છે. ' અમુક અપેક્ષાએ ઘટ અનિત્ય જ છે ' એ વાક્યથી અનિત્ય ધર્મની સાથે રહેતા ઘટના બીજા તમામ ધર્મોને બોધન કરવાનું કામ ' સકલાદેશ ' નું છે. ' સકલ ' એટલે તમામ ધર્મોને, ' આદેશ '

"एकत्र वस्तुनि एकैकधर्मपर्यनुयोगवशात् अविरोधेन व्यस्तयोः समस्तयोश्च विधि-निषेधयोः कल्पनया स्यात्काराङ्कितः सप्तधा वाक्प्रयोगः सप्तभंगी" ।

" स्यादस्त्येव सर्वम् इति विधिकल्पनया प्रथमो भंगः " ।

" स्याद् नास्त्येव सर्वम्, इति निषेधकल्पनया द्वितीयः " ।

" स्याद् अस्त्येव, स्याद् नास्त्येव, इति क्रमतो विधि-निषेधकल्पनया तृतीयः " ।

" स्याद् अवक्तव्यमेव, इति युगपद्विधिनिषेधकल्पनया चतुर्थः " ।

" स्यादस्त्येव, स्यादवक्तव्यमेव, इति विधिकल्पनया युगपद् विधिनिषेधकल्पनया च पञ्चमः " ।

" स्याद् नास्त्येव, स्यादवक्तव्यमेव, इति निषेधकल्पनया युगपद् विधिनिषेधकल्पनया च षष्ठः " ।

" स्यादस्त्येव, स्याद् नास्त्येव, स्यादवक्तव्यमेव, इति क्रमतो विधिनिषेधकल्पनया युगपद् विधिनिषेध कल्पनया च सप्तमः " ।

—' પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર, ' ' વાદિ દેવસૂરિ '

એટલે કથન કરનાર, એ ‘ સકલાદેશ ’ છે. એને ‘ પ્રમાણ-વાક્ય ’ કહેવામાં આવ્યું છે. કેમકે પ્રમાણ, વસ્તુના તમામ ધર્મોને ગ્રહણ કરનારૂં માનવામાં આવ્યું છે. ‘ અમુક અપેક્ષાએ ઘટ અનિત્યજ છે, એ વાક્યથી ઘટના માત્ર અનિત્ય ધર્મને બતાવવાનું કામ ‘ વિકલાદેશ ’ નું છે. ‘ વિકલ ’ એટલે અપૂર્ણ અર્થાત અમુક વસ્તુધર્મને, ‘ આદેશ ’ એટલે કથન કરનાર, એ વિકલાદેશ છે. ‘ વિકલાદેશને ‘ નયવાક્ય ’ માનવામાં આવ્યું છે. ‘ નય ’ એ પ્રમાણનો અંશ છે. પ્રમાણ સમ્પૂર્ણ વસ્તુને ગ્રહણ કરે છે, જ્યારે નય તેમાંના અંશને ગ્રહણ કરે છે.

એ દરેક સમજી શકે છે કે–શબ્દ યા વાક્યનું કામ અર્થનો બોધ કરાવવાનું હોય છે. વસ્તુનું સમ્પૂર્ણ પ્રકારે જે જ્ઞાન, તે પ્રમાણ; અને તે જ્ઞાનને પ્રકાશમાં મૂકનારૂં જે વાક્ય, તે ‘ પ્રમાણ–વાક્ય ’ કહેવાય છે. વસ્તુના અમુક અંશનું જે જ્ઞાન તે નય; અને તે અમુક અંશના જ્ઞાનને પ્રકાશમાં મૂકનારૂં જે વાક્ય, તે ‘નયવાક્ય’ કહેવાય છે. આ પ્રમાણવાક્યો અને નય–વાક્યોને સાત વિભાગમાં વ્હેંચવા એ ‘ સપ્તભંગી ’ છે.*

પ્રમાણની વ્યાખ્યા ‘ ન્યાયપરિભાષા ’ માં વાંચી આવ્યા છીએ. હવે નયનું બહુ ટુંકમાં દિગ્દર્શન કરી લઇએ—

---

* આ વિષય અત્યન્ત ગહન છે. ખૂબ વિસ્તારવાળો છે. ‘ સપ્તભંગીતરંગિણી ’ નામના જૈનતર્કગ્રન્થમાં આ વિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ‘ સન્મતિપ્રકરણ ’ વગેરે જૈન ન્યાયશાસ્ત્રોમાં આ વિષયને ઉંડાણથી ચર્ચવામાં આવ્યો છે.

નય.

એકજ વસ્તુ પરત્વે જૂદી જૂદી દૃષ્ટિએ ઉત્પન્ન થતા જૂદા જૂદા યથાર્થ અભિપ્રાયો, વિચારો ' નય ' કહેવામાં આવે છે. એક જ મનુષ્યને જૂદી જૂદી અપેક્ષાએ કાકો, મામો, ભત્રીજો, ભાણેજ, ભાઇ, પુત્ર, પિતા, સસરો અને જમાઇ તરીકે જે માનવામાં આવે છે, તે ' નય ' સિવાય બીજું કશું નથી. વસ્તુમાં એક ધર્મ નથી, એ આપણે જોઇ ગયા છીએ. અનેક-ધર્મવાળી વસ્તુમાં અમુક ધર્મને લગતો જે અભિપ્રાય બંધાય છે, તેને જૈનશાસ્ત્રો ' નય ' સંજ્ઞા આપે છે. વસ્તુમાં જેટલા ધર્મો છે, તે બધાને લગતા જેટલા અભિપ્રાયો, તેટલા ' નયો ' કહેવાય છે.

એકજ ઘટ વસ્તુ, મૂળ દ્રવ્ય–માટીની અપેક્ષાએ વિનાશી નથી; અર્થાત્ નિત્ય છે; કિન્તુ ઘટના આકારાદિરૂપ પરિણામ-દૃષ્ટિએ બરાબર વિનાશી છે; એમ જૂદી જૂદી દૃષ્ટિએ ઘટને નિત્ય માનવો અને વિનાશી માનવો, એ બંને નયો છે.

આત્મા નિત્ય છે, એમ સહુ કોઇ માને છે. અને વાત પણ બરાબર છે. કેમકે તેનો નાશ થતો નથી. પરંતુ તેનું પરિવર્તન વિચિત્રરૂપે થતું રહે છે, એ બધાના અનુભવમાં ઉતરી શકે એવી હકીકત છે. કેમકે આત્મા કોઇ વખતે પશુ-અવસ્થામાં હોય છે, જ્યારે કોઇ સમયે મનુષ્ય–અવસ્થામાં મૂકાય છે, વળી કોઇ અવસરે દેવગતિનો ભોક્તા બને છે, ત્યારે ક્યારેક નરક આદિ દુર્ગતિઓમાં જઇને પડે છે. આ કેટલું

બધું પરિવર્ત્તન ! એક જ આત્માના સંબન્ધમાં આ કેવી વિલક્ષણ અવસ્થાઓ ? આ શું સૂચવે છે ? ખરેખર આત્માની પરિવર્ત્તનશીલતા. એક જ શરીરમાં થતાં પરિવર્ત્તનની સાથે પણ આત્મા પરિવર્ત્તનની ઘટમાળમાં ફરતો સમજી શકાય છે. આવી સ્થિતિમાં આત્માને સર્વથા—એકાન્તતઃ નિત્ય માની શકાય નહિ. અતએવ આત્માને એકાન્તનિત્ય નહિ, એકાન્ત-અનિત્ય નહિ, કિન્તુ નિત્યાનિત્ય માનવાનું પ્રાપ્ત થાય છે. આવી હાલતમાં જે દૃષ્ટિએ આત્મા નિત્ય છે તે, અને જે દૃષ્ટિએ આત્મા અનિત્ય છે તે બંને દૃષ્ટિઓ નયો કહેવાય છે.

શરીરથી આત્મા જૂદો છે, એ વાત સુસ્પષ્ટ અને નિઃસન્દેહ છે; પરન્તુ એમાં એટલું ધ્યાનમાં રહેવું જોઈએ કે—દહીંમાં જેમ માખણ વ્યાપીને રહેલું છે, તેમ શરીરમાં આત્મા વ્યાપીને રહ્યો છે. આ ઉપરથી માટલું અને તેમાં રહેલા લાડુની જેમ, શરીર અને આત્મા જૂદા સિદ્ધ થતા નથી, એ ખુલ્લું જણાય છે; અને એથી જ શરીરના કોઈ પણ ભાગમાં કાંઈક ચોટ લાગે કે તુરત જ આત્માને વેદના થવા લાગે છે. શરીર અને આત્માના આવા ગાઢ—અત્યન્તગાઢ સંબન્ધને લઈ જૈનશાસ્ત્રકારો કહે છે કે—આત્મા શરીરથી વસ્તુતઃ જૂદો હોવા છતાં, તેને શરીરથી તદ્દન ભિન્ન ન માનવો જોઈએ. કેમકે તેમ માનવામાં, તદ્દન ભિન્ન એવાં બે મનુષ્યોનાં શરીરો પૈકી એકને આઘાત લાગવાથી બીજાને જેમ વેદનાનો અનુભવ થતો નથી, તેમ શરીર પર આઘાત લાગવા છતાં આત્માને વેદનાનો અનુભવ થવો ન જોઈએ, અને થાય છે ખરો, એ આબાલ-ગોપાલપ્રતીત છે. આ માટે આત્મા અને શરીરનો

કોઇક અંશે અભેદ પણ માનવો ઘટે છે, અર્થાત્ શરીર અને આત્મા એ વસ્તુતઃ ભિન્ન હોવા છતાં કથંચિત્ અભિન્ન પણ કહી શકાય છે. આ સ્થિતિમાં જે દૃષ્ટિએ આત્મા અને શરીર ભિન્ન છે, તે અને જે દૃષ્ટિએ આત્મા અને શરીરનો અભેદ મનાય છે, એ બંને દૃષ્ટિઓ નયો કહેવામાં આવે છે.

જે અભિપ્રાય, જ્ઞાનથી સિદ્ધિ બતાવે છે, તે ' જ્ઞાનનય ' છે. અને જે અભિપ્રાય, ક્રિયાથી સિદ્ધિ કહે છે, તે ' ક્રિયાનય ' છે. આ બંને અભિપ્રાયો નયો છે.

જે દૃષ્ટિ, વસ્તુની તાત્ત્વિકસ્થિતિ અર્થાત્ વસ્તુના મૂળ સ્વરૂપને સ્પર્શ કરનારી છે, તે ' નિશ્ચયનય ' અને જે દૃષ્ટિ વસ્તુની સ્થૂલ, બાહ્ય અવસ્થા તરફ લક્ષ ખેંચે છે, તે ' વ્યવહારનય ' છે. નિશ્ચયનય એમ બતાવે છે કે આત્મા (જીવ માત્ર) શુદ્ધ–બુદ્ધ–નિરંજન–સચ્ચિદાનંદમય છે, જ્યારે વ્યવહારનય આત્માને કર્મબદ્ધ અવસ્થામાં મોહવાન્–અવિદ્યાવાન્ બતાવે છે. આવી રીતનાં નિશ્ચય–વ્યવહારનાં અનેક ઉદાહરણો છે.

અભિપ્રાય બતાવનાર શબ્દ, વાક્ય, શાસ્ત્ર કે સિદ્ધાન્ત એ બધું ' નય ' કહી શકીએ. ઉપર બતાવેલા નયો પોતપોતાની મર્યાદામાં રહેતા માનનીય છે. પરંતુ એક–બીજાને અસત્ય ઠરાવવા તત્પર થાય, તો તેઓ બધા અમાન્ય ઠરે છે. જેવી રીતે કે, જ્ઞાનથી મુક્તિ બતાવનાર સિદ્ધાન્ત, અને ક્રિયાથી મુક્તિ બતાવનાર સિદ્ધાંત એ બંને સ્વપક્ષનું મંડન કરતાં યદિ એક–બીજાના પક્ષના ખંડનમાં ઉતરે, તો અગ્રાહ્ય બને. એ પ્રમાણે અનિત્ય અને નિત્ય બતાવનાર સિદ્ધાન્તો તથા આત્મા

અને શરીરનો ભેદ તથા અભેદ બતાવનાર સિદ્ધાન્તો, યદિ એક–બીજા પર આક્ષેપ કરવામાં ઉતરે, તો તે અમાન્ય ઠરે.

સમજી રાખવું જોઈએ કે નય આંશિક (અંશતઃ) સત્ય છે. આંશિક સત્યને સમ્પૂર્ણતયા સત્ય માની શકાય નહિ, એ દેખીતું છે. આત્માને અનિત્ય કે ઘટને નિત્ય માનવો એ સર્વ અંશે સત્ય કહેવાય નહિ. જે સત્ય જેટલે અંશે હોય, તે સત્ય તેટલે અંશે માનવું એજ યુક્ત ગણી શકાય.

વસ્તુતઃ ' નયો કેટલા છે ? ' એની ગણના થઇ શકે તેમ નથી. અભિપ્રાયો કે વચનપ્રયોગો જ્યારે ગણનાથી બહાર છે, તો નયો તેથી જૂદા ન હોવાથી તેની ગણના હોઇ શકે નહિ * આમ છતાં મુખ્યતયા નયના બે ભેદો બતાવ્યા છે–દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. મૂળ પદાર્થને ' દ્રવ્ય ' કહેવામાં આવે છે, જેવી રીતે ઘટની માટી. મૂળ દ્રવ્યનો પરિણામ ' પર્યાય ' કહેવાય છે. માટી અથવા કોઇ પણ મૂળ પદાર્થને લગતો જે ફેરફાર થાય છે, તે બધો ' પર્યાય ' સમજવો. ' દ્રવ્યાર્થિક ' નય એટલે મૂળ પદાર્થ, સામાન્ય તત્ત્વ પર લક્ષ્ય આપનારો અભિપ્રાય. અને ' પર્યાયાર્થિક ' નય એટલે પર્યાયને લક્ષ્ય કરનારો અભિપ્રાય. દ્રવ્યાર્થિક નય સમસ્ત પદાર્થોને નિત્ય માને છે. જેમકે–ઘડો મૂળ દ્રવ્ય–મૃત્તિકારૂપે નિત્ય છે. પર્યાયાર્થિક નય સમસ્ત પદાર્થોને અનિત્ય માને છે. કેમકે સર્વ પદાર્થોમાં પરિવર્તન થતું રહે.

---

* " जावइया वयणपहा तावइया चेव हुंति नयवाया "

—' સન્મતિસૂત્ર, ' ' સિદ્ધસેન દિવાકર. '

છે. સામાન્યતત્ત્વગામી વિચાર-દૃષ્ટિ ' દ્રવ્યાર્થિકનય ' અને વિશેષઅંશગામી, ' પર્યાયાર્થિક નય. ' તે તે દૃષ્ટિ વસ્તુ-અંશગામી પ્રાધાન્યને લઇ ગણાય છે. એટલે એમાં અન્ય અંશનું સ્થાન ગૌણભાવે રહે.

પ્રકારાન્તરથી નયના સાત પ્રકારો દર્શાવ્યા છે—નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવમ્ભૂત.

નૈગમ. ' નિગમ ' એટલે સંકલ્પ—કલ્પના. એ કલ્પનાથી થતો વ્યવહાર ' નૈગમ ' કહેવાય છે. એના ત્રણ પ્રકારો છે—' ભૂત નૈગમ, ' ' ભવિષ્યદ્નૈગમ ' અને ' વર્તમાનનૈગમ '. થઇ ગયેલી વસ્તુનો વર્ત્તમાનરૂપે વ્યવહાર કરવો એ ' ભૂત-નૈગમ ' છે.* જેવી રીતે—" તેજ આ દીવાલીનો દિવસ છે, કે જે દિવસે મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા હતા. " આ, ભૂત-કાળનો વર્ત્તમાનમાં ઉપચાર છે. મહાવીરના નિર્વાણનો દિવસ આજે (આજના દીવાળીના દિવસે) માની લેવાય છે. આવી રીતે ભૂતકાળના વર્તમાન તરીકે ઉપચારનાં અનેક ઉદાહરણો છે. થનારી વસ્તુને થઇ કહેવી એ ' ભવિષ્યદ્નૈગમ ' છે. જેવી રીતે—ચોખા પૂરા રંધાયા ન હોવા છતાં ' ચોખા રંધાઈ ગયા ' એમ કહેવું. ચોખા રંધાઇ જવા આવ્યા હોય—ચોખાને ચૂલેથી ઉતારવાને કિંચિન્માત્ર વિલંબ હોય, ત્યારે ચોખા રંધાઇ ગયા કહેવાનો વ્યવહાર જોવાય છે. અથવા અર્હન્ દેવ, મુક્તિ પામ્યા પહેલાં મુક્ત થયા કહેવાય છે, તે ભવિષ્યદ્નૈગમ

---

* अतीतस्य वर्तमानवत् कथनं यत्र स भूतनैगमः । यथा—" तदेवाद्य दीपोत्सवपर्व, यस्मिन् वर्धमानस्वामी मोक्षं गतवान् " । —નયપ્રદીપ, યશોવિજયજી.

છે. ચોખા રાંધવાને લાકડાં–પાણી વગેરેની તૈયારી કરતા મનુષ્યને કોઇ પૂછે કે 'શું કરો છો ?' તો, તેના જવાબમાં તે, એમ કહે કે–'ચોખા રાંધું છું'. તો તે 'વર્ત્તમાનનૈગમ' છે. કેમકે ચોખા રાંધવાની ક્રિયા જે વર્ત્તમાનમાં શરૂ થઈ નથી, તેને વર્ત્તમાનરૂપે કથન કરવામાં આવ્યું છે.

સંગ્રહ. સામાન્યપ્રકારે વસ્તુઓનો સમુચ્ચય કરી કથન કરવું એ 'સંગ્રહ' નય છે. જેવી રીતે 'બધા શરીરોનો એક આત્મા છે.' આ કથનથી વસ્તુતઃ બધા શરીરોમાં એક આત્મા સિદ્ધ થતો નથી. પ્રત્યેક શરીરે આત્મા જૂદો જૂદો જ છે. છતાં બધા આત્માઓમાં રહેલી સમાનજાતિને લઇ 'એક આત્મા છે' એવું કથન થાય છે.

વ્યવહાર. આ નય વસ્તુઓમાં રહેલી સમાનતાની તરફ ઉપેક્ષા કરી વિશેષતા તરફ લક્ષ ખેંચે છે. સામાન્યરૂપે નિર્દિષ્ટ કરાયલી વસ્તુ વિગતવાર ન સમજી શકાય. એટલે વિશેષરૂપે વસ્તુને પૃથક્કરણ કરી બતાવનારી વિચાર–પદ્ધતિ 'વ્યવહાર' નયમાં મૂકાય છે. 'આત્મા એક છે' એમ 'સંગ્રહ' નયે કહ્યું, પણ આત્માની વિભાગ વાર વિશેષ પ્રકારે વિવેચના કરી બતાવવી એ વ્યવહાર નયનો વિષય છે.

ઋજુસૂત્ર. વસ્તુનાં થતાં નવાં નવાં રૂપાન્તરો તરફ આ નય લક્ષ ખેંચે છે. સુવર્ણના કટક, કુંડલ વગેરે જે વર્તમાન પર્યાયો છે, તેને આ નય જુએ છે. ભૂત–ભવિષ્યની પરિસ્થિતિ તરફ આ નયનો દૃષ્ટિપાત નથી.

શબ્દ. અનેક પર્યાયશબ્દોનો એક અર્થ માનવો એ

આ નયનું કામ છે. ' રાજા, ' નૃપ ', ' ભૂપતિ ' વગેરે પર્યાય શબ્દોનો એક જ અર્થ છે, એમ આ નય દર્શાવે છે. પણ આ નય કાળ અને લિંગ વગેરેના ભેદે અર્થનો ભેદ પણ માને છે. લેખક, પોતાના સમયમાં ' રાજગૃહ ' નગર મોજૂદ હોવા છતાં પૂર્વકાળનું જુદું હોવાથી તેને " હતું " લખે છે, તે આ નયને આભારી છે. લિંગભેદના ઉદાહરણમાં ' કુઓ, ' ' કુઇ. '

સમભિરૂઢ. પર્યાયશબ્દોના ભેદથી અર્થનો ભેદ માનવો એ આ નયની પદ્ધતિ છે. શબ્દભેદ પણ–વ્યુત્પત્તિ-ભેદ પણ અર્થભેદક છે, એમ આ નયનું મન્તવ્ય છે. આ નય કહે છે કે–રાજા, નૃપ, ભૂપતિ વગેરે શબ્દો ભિન્ન–અર્થવાળા છે, કેમકે રાજા, નૃપ, ભૂપતિ વગેરે પર્યાયશબ્દો યદિ ભિન્ન-અર્થવાળા ન હોય, તો ઘટ, પટ, અશ્વ વગેરે શબ્દો પણ ભિન્નઅર્થવાળા ન થવા જોઇએ. માટે શબ્દના ભેદથી અર્થનો ભેદ છે. રાજચિન્હોથી શોભે તે રાજા, મનુષ્યોનું પાલન કરે તે નૃપ અને પૃથ્વીનું સંવર્ધન કરે તે ભૂપતિ.

એવંભૂત. આ નયની દૃષ્ટિએ, શબ્દ પોતાના અર્થનો વાચક (કહેનાર) ત્યારે થાય કે જ્યારે, તે અર્થ–પદાર્થ, તે શબ્દની વ્યુત્પત્તિમાંથી જે ક્રિયાનો ભાવ નિકળતો હોય, તે ક્રિયામાં પ્રવર્તેલો હોય. દાખલા તરીકે, રાજચિન્હોથી શોભી રહ્યો હોય ત્યારેજ 'રાજા', અને મનુષ્યોનું રક્ષણ કરાતું હોય ત્યારે જ ' નૃપ ' કહેવડાવી શકાય. ત્યારેજ તેવી વ્યક્તિ વિષે ' રાજા ' અને ' નૃપ ' શબ્દોનો પ્રયોગ વાસ્તવિક ઠરે.

આ સાતે નયો જુદા જુદા પ્રકારના દૃષ્ટિબિન્દુઓ છે, ભિન્ન ભિન્ન બાબતના સાપેક્ષ અભિપ્રાયો છે, એમ સાથે જ કહેવાઈ ગયું છે. પોતપોતાની કક્ષામાં સ્થિત રહી અન્ય દૃષ્ટિબિન્દુને તોડી ન પાડવામાં નયોની સાધુતા છે. અખંડ સ્વરૂપ સર્વ નયોને જુદી જુદી દૃષ્ટિએ માન આપી તત્ત્વદૃષ્ટિની વિશાલ સીમાને અવલોકન કરે છે. અને એથી જ એને રાગ-દ્વેષની નડતર નહિ ઉભી થવાથી, આત્માની નિર્મલ દશા મેળવવા તે ભાગ્યવાન્ થઇ શકે છે. *

જૈન દૃષ્ટિની મહત્તા.

જૈનધર્મ એ વસ્તુતઃ વીતરાગમાર્ગ છે. ' સ્યાદ્વાદ ' સિદ્ધાન્ત જગતની અશાન્તિને દૂર કરવા માટે છે. વિચારોની [illegible]ને લીધે જ્યારે પ્રજાનાં માનસ ક્ષુબ્ધ બને છે અને વાતાવરણ અશાન્ત બને છે ત્યારે તત્ત્વદર્શીઓ પ્રજાની સામે સ્યાદ્વાદનો પ્રકાશ ધરે છે, અને વસ્તુસ્થિતિને જુદી જુદી દૃષ્ટિએ અનેક રીતે તપાસી સમન્વય કરવાનો માર્ગ સમજાવે છે. સ્યાદ્વાદનો સિદ્ધાન્ત, આ રીતે અવલોકન-દૃષ્ટિને વિશાળ બનાવે છે અને સંકુચિત દૃષ્ટિથી ઉત્પન્ન થનારા [illegible] શમાવે છે. આમ, રાગ-દ્વેષને શમાવી જનતામાં મૈત્રીભાવ

---

* ' નય ' નો વિષય વિસ્તૃત છે. આની અંદર જુદી જુદી [illegible] ઘણી સમાયલી છે. ઉમાસ્વાતિ મહારાજકૃત તત્ત્વાર્થ[illegible], અને યશોવિજય ઉપાધ્યાયકૃત નયપ્રદીપ, નયોપદેશ, નયરહસ્ય વગેરે તથા અન્ય અનેક ગ્રન્થોમાં આ વિષય પર ઘણું વિવેચન છે.

ફેરવામાં સ્યાદ્વાદની ઉપયોગિતા છે. જૈન ઉપદેશનું અન્તિમ પરિણામ રાગ–દ્વેષની નિવૃત્તિમાં મૂકાય છે. એ એકજ માત્ર જૈન પ્રવચનનું મુખ્ય ધ્યેય છે.

જૈનધર્મના સિદ્ધાન્તોને સ્ફુટ કરવા મહાન્ આચાર્યોએ મહાન્ ગ્રન્થો નિર્માણ કર્યા છે. જેમાં, મહાન્ પુરૂષોએ મધ્યસ્થપણે તત્ત્વનિરૂપણ કરતાં પ્રજાના કલ્યાણ તરફ મુખ્ય દૃષ્ટિ રાખી છે. કોઇપણ દર્શનના સિદ્ધાન્તોને તોડી પાડવાની સંકુચિત વૃત્તિ તેમના વાઙ્મયમાં નહિ જણાય. બલ્કે અન્યાન્ય સિદ્ધાન્તોને સમન્વય કરવા તરફ પ્રયાસ સેવવાની તેમની ઉદાર વૃત્તિ અને વિશાળ દૃષ્ટિ તેમના ગ્રન્થોમાં સ્પષ્ટ જોવામાં આવે છે. ઉદાહરણાર્થ, જુઓ, શ્રીહરિભદ્રાચાર્યનો 'શાસ્ત્રવાર્તાસમુચ્ચય' ગ્રન્થ. તેમાં, જૈનદર્શન–સમ્મત "ઇશ્વર જગત્કર્ત્તા નથી" એ સિદ્ધાન્ત યુક્તિપુરસ્સર સિદ્ધ કર્યા પછી આચાર્ય મહારાજ શું લખે છે, એ જરા જુઓ!

" ततश्चेश्वरकर्तृत्ववादोऽयं युज्यते परम् ।
सम्यग्न्यायाविरोधेन यथाऽऽहुः शुद्धबुद्धयः " ॥

" ईश्वरः परमात्मैव तदुक्तव्रतसेवनात् ।
यतो मुक्तिस्ततस्तस्याः कर्त्ता स्याद् गुणभावतः " ॥

" तदनासेवनादेव यत्संसारोऽपि तत्त्वतः ।
तेन तस्यापि कर्तृत्वं कल्प्यमानं न दुष्यति " ॥

અર્થાત્—ઇશ્વરકર્તૃત્વનો મત આવી રીતની યુક્તિથી ઘટાવી પણ શકાય છે કે—પરમાત્મા ઇશ્વરે બતાવેલા માર્ગનું

સેવન કરવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે, માટે એ મુક્તિના દેનાર ઇશ્વર છે, એમ ઉપચારથી કહી શકાય છે. ઇશ્વરકથિત માર્ગનું સેવન નહિ કરવાથી સંસારમાં જે પરિભ્રમણ કરવું પડે છે, તે પણ ઇશ્વરનો ઉપદેશ નહિ માન્યાની સજા છે, એમ કહી શકાય છે.

જેઓને ' ઇશ્વર જગતનો કર્ત્તા છે ' એવા વાક્ય ઉપર આદર બંધાણો છે, તેઓને માટે પૂર્વોક્ત પ્રકારની કલ્પના કરવામાં આવી છે, એમ—

" कर्त्ताऽयमिति तद्वाक्ये यतः केषाञ्चिदादरः ।
अतस्तदानुगुण्येन तस्य कर्तृत्वदेशना " ॥

—આ શ્લોકથી સ્પષ્ટ થાય છે. હવે બીજી રીતે, ઉપચાર વગર ઇશ્વરને જગત્કર્ત્તા બતાવે છે—

" परमैश्वर्ययुक्तत्वाद् मत आत्मैव वेश्वरः ।
स च कर्त्तेति निर्दोषः कर्तृवादो व्यवस्थितः " ॥

—ખરી રીતે આ આત્માજ ઇશ્વર છે. કેમકે દરેક આત્મામાં ઇશ્વરશક્તિ સમ્પૂર્ણ રહેલી છે. અને આત્મા, જીવ તો ચોખ્ખી રીતે કર્ત્તા છેજ. આવી રીતે કર્તૃવાદ (જગત્કર્તૃત્વવાદ) વ્યવસ્થિત થઇ શકે છે.

આગળ વધીને આચાર્ય મહારાજ કહે છે કે—

" शास्त्रकारा महात्मानः प्रायो वीतस्पृहा भवे ।
सत्त्वार्थसंप्रवृत्ताश्च कथं तेऽयुक्तभाषिणः " ॥

" अभिप्रायस्ततस्तेषां सम्यग् मृग्यो हितैषिणा ।
न्यायशास्त्राविरोधेन यथाऽऽह मनुरप्यदः " ॥

—" જ્યાં જ્યાં ઈશ્વરને કર્ત્તા કહેવામાં આવ્યો હોય, ત્યાં ત્યાં પૂર્વોક્ત અભિપ્રાયથી કર્ત્તા સમજવો. તે સિવાય પરમાર્થ દૃષ્ટિએ ઈશ્વરને કર્ત્તા કોઇ શાસ્ત્રકાર બતાવી શકે નહિ. કારણ કે શાસ્ત્ર બનાવનાર ઋષિ–મહાત્માઓ પ્રાયઃ નિઃસ્પૃહ, પરમાર્થ દૃષ્ટિવાળા અને લોકોપકારની વૃત્તિવાળા હોય છે. માટે તેઓ અયુક્ત, પ્રમાણબાધિત ઉપદેશ કેમ કરે ! અતઃ તેઓના કથનનું રહસ્ય શોધવું જોઇએ, કે અમુક વાત તેઓ ક્યા આશયથી કહે છે. "

આ વિષયની પછી કપિલના પ્રકૃતિવાદની સમીક્ષા આવે છે. સાંખ્યમતાનુસારી વિદ્વાનોએ પ્રકૃતિવાદની જે વિવેચના કરી છે, તેમાં દોષો જાહેર કરીને પ્રકૃતિવાદમાં કપિલનું શું રહસ્ય સમાયલું છે, એ વાતનું પ્રતિપાદન કરતાં છેવટે આચાર્યશ્રી કહે છે કે–

" एवं प्रकृतिवादोऽपि विज्ञेयः सत्य एव हि ।
कपिलोक्तत्वतश्चैव दिव्यो हि स महामुनिः " ॥

—"એ પ્રમાણે (પ્રકૃતિવાદનું જે ખરૂં રહસ્ય બતાવ્યું, તે પ્રમાણે) પ્રકૃતિવાદ યથાર્થજ જાણવો. વળી તે કપિલનો ઉપદેશ છે, માટે સત્ય છે. કારણ કે તેઓ દિવ્યજ્ઞાની મહામુનિ હતા. "

આગળ જઇને ક્ષણિકવાદ, વિજ્ઞાનવાદ અને શૂન્યવાદની

ખૂબ આલોચના કરીને તે વાદોમાં અનેક દોષો બતાવી છેવટે આચાર્ય મહારાજ વસ્તુસ્થિતિ કથે છે કે—

" अन्ये त्वभिदधत्येवमेतदास्थानिवृत्तये ।
क्षणिकं सर्वमेवेति बुद्धेनोक्तं न तत्त्वतः " ॥
" विज्ञानमात्रमप्येवं बाह्यसंगनिवृत्तये ।
विनेयान् कांश्चिदाश्रित्य यद्वा तद्देशनार्हतः " ॥
" एवं च शून्यवादोऽपि मद्विनेयानुगुण्यतः ।
अभिप्रायतइत्युक्तो लक्ष्यते तत्त्ववेदिना " ॥

—" મધ્યસ્થ પુરૂષોનું એમ કહેવું છે કે–આ ક્ષણિક-વાદ બુદ્ધે પરમાર્થ દૃષ્ટિએ અર્થાત્ વસ્તુસ્થિતિએ કહ્યો નથી, કિન્તુ મોહવાસનાને દૂર કરવાના ઉદ્દેશથી કહ્યો છે. વિજ્ઞાનવાદ પણ તેવા પ્રકારના યોગ્ય શિષ્યોને આશ્રીને અથવા વિષય-સંગને દૂર કરવાના ઉદ્દેશથી બતાવવામાં આવ્યો છે. શૂન્યવાદ પણ યોગ્ય શિષ્યોને આશ્રીને વૈરાગ્યની પુષ્ટિ કરવાના આશય-થી તત્ત્વજ્ઞાની બુદ્ધે કહ્યો જણાય છે "

વેદાન્તના અદ્વૈતવાદની વેદાન્તાનુયાયી વિદ્વાનોએ જે વિવેચના કરી છે, તે પર દોષો બતાવી છેવટે આચાર્ય મહારાજ કહે છે કે:—

" अन्ये व्याख्यानयन्त्येवं समभावप्रसिद्धये ।
अद्वैतदेशना शास्त्रे निर्दिष्टा न तु तत्त्वतः " ॥

—" મધ્યસ્થ મહર્ષિઓ એમ વ્યાખ્યાન કરે છે કે–

અદ્વૈતવાદ વસ્તુસ્વરૂપની દૃષ્ટિએ બતાવવામાં આવ્યો નથી, કિન્તુ તેનો ખરો આશય સમભાવને પ્રાપ્ત કરવાનો છે. ”

આવી રીતે જૈન મહાત્માઓ, અન્ય દર્શનોના સિદ્ધાન્તોની તટસ્થદૃષ્ટિએ પરીક્ષા કરવાની સાથે શુદ્ધદૃષ્ટિથી તેનો સમન્વય કરવા પણ પ્રયત્ન કરે એ જૈન દૃષ્ટિની કંઇ ઓછી ઉદારતા ન ગણાય. અન્ય દર્શનોના ધુરન્ધરોને ‘ મહર્ષિ ’, ‘ મહામતિ ’ અને એવા બીજા ઉંચા શબ્દોથી સન્માન-પૂર્વક પોતાના ગ્રન્થોમાં ઉલ્લેખવા, અને તુચ્છ અભિપ્રાયવાળાઓના મતનું ખંડન કરતાં પણ તેઓનો હલકા શબ્દોથી વ્યવહાર ન કરવો અને સંપૂર્ણ સભ્યતા તથા શિષ્ટતા સાથે પ્રસન્ન શૈલીથી સામાને પ્રબુદ્ધ કરવાની પોતાની માયાળુ લાગણી વહેતી રાખવી એ જૈન મહર્ષિઓનું કેટલું ઔદાર્ય છે ! ધાર્મિક કે દાર્શનિક વાદ-યુદ્ધના પ્રસંગમાં પણ વિરૂદ્ધ દર્શનવાળાઓ તરફ આત્મ-પ્રેમનો રસ ઉભરાઇ આવે એ કેટલું સાત્ત્વિક હૃદય !

જુઓ મધ્યસ્થભાવની થોડીક વાનગી—

“ भवबीजांकुरजनना रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ” ॥

—હેમચંદ્રાચાર્ય.

“ नाशाम्बरत्वे न सिताम्बरत्वे
न तर्कवादे न च तत्त्ववादे ।
न पक्षसेवाऽऽश्रयणेन मुक्तिः
कषायमुक्तिः किल मुक्तिरेव ” ॥

—ઉપદેશતરંગિણી.

" पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः " ॥

—હરિભદ્રસૂરિ.

—" જેના, સંસારના કારણભુત કર્મરૂપી અંકુરાઓને ઉત્પન્ન કરનાર રાગ–દ્વેષ આદિ સમગ્ર દોષો ક્ષય પામ્યા છે, તે, ચાહે બ્રહ્મા, વિષ્ણુ, શંકર અથવા જિન હોય, તેને મારો નમસ્કાર છે. "

" દિગમ્બર અવસ્થામાં મોક્ષ નથી, શ્વેતાંબરદશામાં મોક્ષ નથી, તર્કવાદમાં મોક્ષ નથી, તત્ત્વવાદમાં મોક્ષ નથી અને સ્વપક્ષનું સમર્થન કરવામાં મોક્ષ નથી, કિન્તુ કષાયો–(ક્રોધ–માન–માયા–લોભ) થી મુક્ત થવામાં જ મુક્તિ છે. "

" પરમાત્મા મહાવીર ઉપર મારો પક્ષપાત નથી, તેમજ મહર્ષિ કપિલ, મહાત્મા બુદ્ધ વગેરે ઉપર મારો દ્વેષ નથી; કિન્તુ જેનું વચન યથાર્થ હોય તેનો સ્વીકાર કરવો જોઈએ. "

ઉપસંહાર.

જૈન તત્ત્વોનું દિગ્દર્શન કરતાં પણ બહુ વિસ્તાર થઇ જાય તેમ છે. આ ટૂંકા નિબન્ધમાં જૈનદર્શનનાં તત્ત્વોનું વિશેષ વિવરણ કેવી રીતે થઇ શકે ! આ લઘુ પુસ્તકમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, બન્ધ, નિર્જરા, મોક્ષ એ નવ તત્ત્વો, જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, કાલ એ ષડ્દ્રવ્યો, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્ર રૂપ મોક્ષમાર્ગ, ગુણસ્થાન, અધ્યાત્મ,

જૈનઆચાર, ન્યાયશૈલી, સ્યાદ્વાદ, સપ્તભંગી અને નય, એટલી મુખ્ય બાબતોનું દિગ્દર્શન થઈ શક્યું છે. અને તે પણ બહુ સંક્ષેપથી. હવે મારૂં કથન સમાપ્ત થાય છે. માત્ર એક આશાને છેવટે પ્રદર્શિત કરી લઉં, એમ મન લલચાય છે. તે આશા બીજી કોઈ નહિ, ફક્ત એ કે–" આ નાનકડી ચોપડીના વાચનના પરિણામે વાંચનારને જૈનધર્મ–સંબન્ધી અનેકાનેક જિજ્ઞાસાઓનો પ્રાદુર્ભાવ થાય અને એથી તેઓ જૈનધર્મના મહાન્ ગ્રન્થો અવલોકવાને ઉત્સુક બને." બસ. ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ